• જેમ અર્થ પુરુષ બાલ, યુવાન, વૃદ્ધ એવા ભેદો વિનાનો પુરુષમાત્ર છે, એમ ભગવાન આત્મા [ભેદ વિનાનો] છે. પાછળમાં પણ બતાવ્યો છે એમ જાણો.

(ગુરુશિષ્ય)

• અહીં 'ઉપહિત'નો અર્થ 'આત્મા' થાય છે.
• ઉપાધિ અને ઉપહિતન્યાયમાં શું તફાવત છે? ઉપાધિ આત્માનો વિનાશ ઉપાધિ બતાવે છે અને ઉપહિતન્યાય તેના આત્મા ઉપાધિનો વિચાર છે.
• જેમ બાલ, યુવાન, વૃદ્ધ અવસ્થાઓમાં વિભાજિત થતા હોવાં તે અર્થમાત્ર આશ્રિત પુરુષ જ છે, તે જ રીતે જ્ઞાન, દર્શનાદિ ગુણો તેમ જ નરકાદિ આદિક ગતિઓમાં પણ દ્વારા ભેદને પ્રાપ્ત થતા હોવાં ભગવાન આત્મા આશ્રય કરે છે.

(પરમાગમસારાંશ)

• અહીં એ દર્શાવવામાં આવ્યું કે ભેદ ઉપાધિ સાથે જ આત્મામાં અર્થ આત્મઉપાધિ છે. 461
આત્માના ભાગોને અર્થરૂપે જો આત્માને ભેદવાળો જ માને તો તે ભેદવાદી, તે તો મિથ્યા માન્યતા છે.
• આત્મામાં જો આત્મા [ઉપાધિ] ન હોય તો વસ્તુની અર્થના ખંડિત થઈ જશે અને પ્રત્યેક ગુણ સ્વતંત્ર વસ્તુ થઈ જશે. અનંત આદિક ગુણોનો ભેદ કર્યા વિના અર્થ આત્મા આત્માને લક્ષ્યમાં લેતા તે આત્માનો ઉપહિત ઉપહિતન્યાય છે.
• વસ્તુમાં ભેદઉપાધિ અને આત્મઉપાધિ બન્ને અર્થ સમયમાં અર્થ સાથે જ છે. આમ અર્થઉપાધિથી વસ્તુનું જ્ઞાન જ અર્થાત છે. તેના જ્ઞાન વિના આત્માનો અનુભવ થતો નથી.

# (૧૧) અવિકલ્પનય : સ્વાધ્યાય

## (૧) જોડકાં જોડો :-

| | | |
|---|---|---|
| 1. | બાળ | (A) • જે રાગ અને ઇન્દ્રિયોના સાધનો મારાં છે એમ માને છે. |
| 2. | યુવાન | (B) • જે અંતરાત્મામાંથી પરમાત્મદશાને સાધે છે. |
| 3. | વૃદ્ધ | (C) • જે રાગ-ઇન્દ્રિય-તેના સાધનોથી ભિન્ન પડીને અંતરાત્મા બને છે. |

## (૨) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1- અહીં 'અવિકલ્પ'નો અર્થ નિર્વિકલ્પ અથવા રાગરહિત થાય છે.
2. અહીં 'અવિકલ્પ'નો અર્થ અભેદ અથવા એકરૂપ થાય છે.
3. જેમ એક પુરુષ બાળ, યુવાન, વૃદ્ધ એવા ભેદો વાળો એક પુરુષમાત્ર છે તેમ ભગવાન આત્મા ભેદો વાળો [એક અભેદદ્રવ્યમાત્ર] છે.
4- [પાઠ નં.૧] દ્રવ્યનય અને આ અવિકલ્પનયના વિષયમાં તફાવત નથી.
5. દ્રવ્યનય વસ્તુને વસ્તુમાત્ર તથા આત્માને ચિન્માત્ર (જ્ઞાનસ્વભાવમાત્ર) દેખે છે, જ્યારે આ અવિકલ્પનય આત્માનો અભેદધર્મ બતાવે છે.
6. આત્મામાં જ્ઞાનદર્શનાદિ ગુણો તેમજ નારકાદિ અથવા બહિરાત્મા આદિ પર્યાયો [ભેદો] હોવા છતાં અવિકલ્પનય આત્માને અભેદ-અખંડ બતાવે છે.
7- હવે તો મારે ભેદપૂર્વક મારા આત્માને જાણવાનો છે તેથી મારે માટે હમણાં તો વિકલ્પનય જ પ્રયોજનભૂત છે, અવિકલ્પનય તો મને જાણવામાં તકલીફ કરશે.
8. આત્મામાં ભેદનય [=વિકલ્પનય] તથા અભેદનય [=અવિકલ્પનય] બન્ને એક જ સમયમાં એક સાથે રહેલા છે, જુદા જુદા સમયે નહિ.
9- અવિકલ્પનય આત્માને એકાંતે અભેદરૂપ માને છે.
10. જો અભેદધર્મ આત્મામાં ન હોય તો તેની એકતા ખંડિત થઈ જાય અને તેના પ્રત્યેક ગુણ/પર્યાય સ્વતંત્ર વસ્તુ થઈ જાય.
11. અવસ્થા અથવા ગુણોનો ભેદ કર્યા વિના એક અભેદ આત્માને લક્ષમાં લેવો તે અભેદનય અથવા અવિકલ્પનય છે.

# (૧૨) નામનય

**વ્યાખ્યા:** આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે. (અર્થાત્ આત્મા નામનયે શબ્દબ્રહ્મથી દેખાય છે, જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી દેખાય છે તેમ).

**સારાંશ:-** (પૃ.નં.૨૫૧)

- અહીં સ્પર્શનારું (ભમ્યું છે) એનો અર્થ દેખાડું છે. ભગવાન આત્મા, પરમાત્મા, પરમેશ્વર એવા શબ્દથી દેખાય છે. અર્થાત્ કે શબ્દબ્રહ્મથી દેખાય છે
- તેને [આત્માને] વિશેષ્ય ન દેખાય એમ નહિ. વચનાતીત છે છતાં પણ વચનથી કહી શકાય છે કે આ આત્મા આ છે, એમ. જો એવું ન હોય તો દિવ્યધ્વનિ નિમિત્ત થાય જ નહિ. તો પછી કહેવું અને ઉપદેશ સાંભળવું એવું કંઈ રહેતું નહિ.
- અહીં તો નામનયે ભગવાનઆત્મામાં એક એવો ધર્મ છે કે નામવાળાની માફક શબ્દબ્રહ્મને દેખાડું છે.
- કથંચિત્ વચનથી છે અને કથંચિત્ અવક્તવ્ય છે. પરમાર્થે જ્યારે કહેવું હોય ત્યારે એમ કહે કે વચનાતીત છે.
- જેમ દેવદત્તનું નામ આપ્યું છે તેમ શબ્દથી નામધારીને આત્મા દેખાય તેવો છે.
- તે ધર્મનું લક્ષ કરીને અંદર જ્ઞાનપુરુષાર્થ જાગે, દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ કરવી એ એવું પરિણામ છે.

(ગુરુકિરણ)

- આત્મા 'આત્મા' શબ્દથી વાચ્ય થવાની યોગ્યતા ધરાવે છે. તે યોગ્યતાને નામધર્મ કહે છે અને તેને જાણનારો નય નામનય છે.
- જો આત્મામાં વાણી દ્વારા વાચ્ય બનવાની યોગ્યતા ન હોત તો તેનો ઉપદેશ દેવો, ગ્રંથરચના કરવા આદિ નિરર્થક થઈ જાત.
- આત્મામાં વાણીનો અભાવ છે તોપણ વાણી વડે વાચ્ય થવાની યોગ્યતાનો અભાવ નહિ. 'રૂડી રીતે પરમાત્મા - શબ્દબ્રહ્મ નિર્વાણી.'

(પરમાગમપુરુષાર્થ નયપ્રભુ)

- 'આત્મા નામનયથી શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે' - એનો અર્થ એમ નહિ કે આત્મા શબ્દોને અડે છે, ભગવાનવાણીની શબ્દરૂપ ક્રિયાનો કર્તા છે. આ જગતમાં નામ વગરનો કોઈ પદાર્થ નથી. આત્મા પણ એક પદાર્થ છે, તેથી તે પણ 'આત્મા' નામથી ઓળખાય છે.
- આત્મા વાણીથી સર્વથા અગોચર નહિ. ભગવાન આત્મા પરમબ્રહ્મ છે અને તેને પ્રકાશિત કરનારી વાણી શબ્દબ્રહ્મ છે.

# (૧૨) નામનય: ઉપવિચાર

## (૧) સાચું કે ખોટું (T/F) જણાવો:-

1- આત્મામાં વાણીનો અભાવ છે માટે તેમાં વાણી વડે વાચ્ય થવાની યોગ્યતાનો પણ અભાવ છે.

2. આત્મામાં વાણી વડે વાચ્ય થવાની યોગ્યતા છે તેને નામધર્મ કહેવાય છે.

3- નામધર્મ વાચક છે અને નામનય વાચ્ય છે.

4. શબ્દબ્રહ્મ [અર્થાત 'આત્મા' શબ્દ] વાચક છે, ભગવાન આત્મા [આત્મદ્રવ્ય] વાચ્ય છે.

5- શબ્દબ્રહ્મને આત્મા સંપૂર્ણપણે કહી શકાય છે.

6. શબ્દબ્રહ્મ આત્માને વિશિષ્ટ બતાવે છે.

7- શબ્દબ્રહ્મ આત્માને સ્પર્શે છે અથવા કે અડે છે.

8. અહીં 'સ્પર્શે છે'નો અર્થ 'જાણે છે' - એમ થાય છે.

9. જો આત્મામાં નામધર્મ ન હોત તો ભગવાનની આત્માની પ્રાપ્તિમાં નિમિત્તભૂત અર્થાત સત્શાસ્ત્રો નિમિત્ત ન થાત.

10. પરમાર્થ દૃષ્ટિમાં આત્મદ્રવ્ય વચનાતીત છે.

11. ભગવાનનો નામ વાચકનો અર્થ પણ પદાર્થ નહિ.

## (૧૩.) સ્થાપનાનય

વ્યાખ્યા:- <u>આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને અવલંબનારું છે (અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્ગલિક સ્થાપના કરી શકાય છે, મૂર્તિની માફક).</u>

<u>ભાવાર્થ</u>:- • આ ભગવાનની મૂર્તિ તે પરમાત્માની સ્થાપના છે. એમ સ્થાપનાનયે આત્માને સ્થાપી
(પૃ.નં.૨૫૪) શકાય છે કે આત્મા આકારવાળો આત્મા છે. સિદ્ધોનો આકાર એ સ્થાપનાનયનો આકાર છે. આમ એ આત્મા સ્થાપના કરીને કે આત્મા આવો છે, આવા આકારે છે, પરંતુ એવું નહિ ફોટો જેવું છે અંદરમાં, ત્યાં રોકાવાનું નથી.

• સર્વ પુદ્ગલો લોકમાં છે તેની અંદર કે કોઈ વાર આત્માનો આકાર આવો હોય છે એમ બતાવો અહીં અનંત વાર એ રીતે અનંતા પુદ્ગલોના આકારે બતાવ્યા છે. એમ કહેવાનો આશય એટલો છે કે જગતના પુદ્ગલો છે એ પુદ્ગલો દ્વારા સ્થાપના કરીને બતાવી શકાય છે. પુદ્ગલથી ખ્યાલમાં આવી શકાય છે કે આત્મા (આવો) છે.

• ભાષામાં આવે છે કે આ શરીર એવો આ આત્મા. એ સ્થાપનાથી બતાવ્યો. એટલે સ્થાપના અનંત વાર અનંત પુદ્ગલોથી થઈ ચૂકી છે.

(ગુરુ કિરણ)

• જે રીતે મૂર્તિમાં ભગવાનની સ્થાપના કરવામાં આવે છે તે જ રીતે કોઈપણ પુદ્ગલ-પિંડમાં આત્માની સ્થાપના કરી શકાય છે. જે વસ્તુમાં જે વ્યક્તિની સ્થાપના કરવામાં આવે છે તે વસ્તુ સ્થાપના વડે તે વ્યક્તિનું જ્ઞાન કરાવે છે.

• શરીરમાં ઉપચારથી આત્માની સ્થાપના કરીને શરીરને આત્મા કહેવામાં આવે છે અર્થાત્ આત્મામાં એવો સ્થાપનારૂપ ધર્મ છે કે તેની સ્થાપના પુદ્ગલપિંડોમાં કરી શકાય.

• સ્થાપના તદાકાર (મૂર્તિ) અને અતદાકાર ([illegible] ની વસ્તુ) એમ બે પ્રકારની હોય છે.

(પરમાગમસાર [illegible])

• આત્માની સ્થાપના કોઈ ને કોઈ પુદ્ગલમાં કરવામાં આવે છે, તેથી અહીં કહેવામાં આવ્યું છે કે 'આત્મદ્રવ્ય સ્થાપનાનયે મૂર્તિપણાની માફક, સર્વ પુદ્ગલોને અવલંબનારું છે.

• સ્થાપનાનિક્ષેપને કારણે આત્મા સ્થાપના દ્વારા પણ જાણવામાં આવી શકે છે.

# (13) સ્થાપનાનય : દ્રવ્યચર્ચા

## (1) સાચું કે ખોટું (T/F) જણાવો:-

1. જગતમાં કોઈ એક રચના છે કે તેની સ્થાપના પુદ્ગલપિંડમાં કરી શકાય છે. આત્માની આ રચનાને સ્થાપનાશક્તિ કહે છે.
2. આત્મદ્રવ્ય સર્વ પુદ્ગલોને અવલંબનારું છે અર્થાત્ આત્માની સ્થાપના ભિન્ન ભિન્ન પુદ્ગલપિંડમાં કરી શકાય છે.
3. શરીરમાં ઉપચારથી જીવની સ્થાપના કરીને શરીરને જીવ કહેવામાં આવે છે.
4- હું મારા આત્માની સ્થાપના મારી જાતે પોતાના મનમાં ન કરી શકું પરંતુ મારા ફોટામાં જ કરી શકું
5- જે વસ્તુની સ્થાપના કરવામાં આવે છે તેના જેવો જ આકાર, તે સ્થાપના જેનામાં કરવામાં આવે છે તેનો હોવો જરૂરી છે.
6. સ્થાપના બે પ્રકારની હોય છે – તદાકાર અને અતદાકાર.
7. પૂજામાં વપરાતા અક્ષ ફળો અતદાકાર સ્થાપનાના દૃષ્ટાંત છે.
8- તીર્થંકર ભગવાનની જેમાં સ્થાપના કરવામાં આવેલ હોય તે પ્રતિમાજીનું દર્શન કરવામાં સ્થાપનાની સાર્થકતા છે.
9. આત્માર્થીએ આત્મપ્રાપ્તિ માટે તીર્થંકર ભગવાનના આકારનું પણ લક્ષ છોડીને અંદરમાં જવાનું છે.
10. "સર્વ પુદ્ગલોને" અર્થાત્ કોઈ પાર જેટલા પુદ્ગલોમાં આત્માની સ્થાપના કરી એટલે સ્થાપના અનંત પાર અનંત પુદ્ગલોમાં જણાવી શકાય છે.

## (૧૪) દ્રવ્યનય

વ્યાખ્યા:- આત્મદ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે. (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ભાવિ અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે, જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવિ પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે અને મુનિ રાજાસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ).

સારાંશ: • વર્તમાન બાળકને આગામીની અપેક્ષાએ શેઠ કહેવાય અને [વર્તમાન] સાધુને
(પૃ.નં. ૨૧૧) ભૂતકાળની અપેક્ષાએ રાજા કહેવાય. આ બાળકનો અથવા ભૂતકાળનો આરોપ દઈને વાત કરી. આ દ્રવ્યનયે સાચા હતા.

- તીર્થંકર તો તેરમા ગુણસ્થાને થશે પરંતુ અત્યારે ચોથે દ્રવ્યનયે કહેવાય કે આ તીર્થંકર છે- ભાવિમાં થવાના છે એ અપેક્ષાએ. તેથી આપણે કહીએ છીએ કે 'ભાવિતીર્થંકરાય' - એ ભાવિમાં તીર્થંકર થવાના છે.
- આત્મદ્રવ્ય દ્રવ્યનયે આ પ્રમાણે છે.

(ગુરુદેવશ્રી)

- આત્માને તેની ભૂત-ભાવિની પર્યાયોના રૂપમાં વર્તમાનમાં [illegible] સાચા માનવા છે, એને દ્રવ્યદૃષ્ટિ કહે છે કે જે દ્રવ્યનયનો વિષય બને છે.
- શ્રુતજ્ઞાની તીર્થંકર ભગવાનો સિદ્ધ થઈ ગયા હતા પણ તેમને તીર્થંકરરૂપે જોવા તે દ્રવ્યનયનો પ્રયોગ છે.
- નય નં.૧ દ્રવ્યનય આત્માને સામાન્ય ચૈતન્યમાત્ર દેખે છે, આ નય નં.૧૪ દ્રવ્યનય આત્માને તેની ભૂત-ભાવિની પર્યાયરૂપે દેખે છે. પ્રથમ દ્રવ્યનય સામે પર્યાયનય અને આ દ્રવ્યનય સામે ભાવનય કહેવામાં આવ્યો છે.

(પરમાગમ પ્રકાશ નવનીત)

- મહાવીર તો મુક્ત થયા પરંતુ ભૂતપર્યાયનો વર્તમાન પર્યાયમાં આરોપ કરીને એમ કહેવામાં આવે છે કે ભગવાન આજના દિવસે મોક્ષે ગયા. તે આ દ્રવ્યનયનો પ્રયોગ છે.

# (૧૪) દુર્નય : દ્રવ્યનય

## (૧) જોડકાં જોડો :-

| (A) નય નં.૧ દુર્નય અને નય નં.૧૪ દુર્નય વિષયક | |
|---|---|
| 1 નય નં.૧ દુર્નય | (A). આત્માને વર્તમાનમાં તેની ભૂત-ભવિષ્યની પર્યાયરૂપે કહે છે. |
| 2 નય નં.૧૪ દુર્નય | (B). આત્માને સામાન્ય ચૈતન્યમાત્ર કહે છે. |
| 3 નય નં.૧ દુર્નય | (A). આ દુર્નયની સામે ભાવનય કહેવામાં આવ્યો છે. |
| 4 નય નં.૧૪ દુર્નય | (B). આ દુર્નયની સામે પર્યાયનય કહેવામાં આવ્યો છે. |

| (B) નય નં.૧૪ દુર્નય વિષયક | |
|---|---|
| 5 બાળકશેઠ | (A). ભૂતકાળની પર્યાયને વર્તમાન પર્યાયરૂપે કહેવી |
| 6 શ્રમણ રાજા | (B). ભવિષ્યની પર્યાયને વર્તમાન પર્યાયરૂપે કહેવી |
| 7 શ્રેણિકના જીવને તીર્થંકર કહેવા | (A). ભૂતકાળની પર્યાયને વર્તમાન પર્યાયરૂપ કહેવી. |
| 8 સિદ્ધ ભગવાનને તીર્થંકર ભગવાન કહેવા | (B). ભવિષ્યની પર્યાયને વર્તમાન પર્યાયરૂપ કહેવી. |

## (૨) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. આત્માને તેની ભૂત અથવા ભવિષ્યની પર્યાયરૂપે વર્તમાનમાં કહેવા સાથે એકલા સ્વીકારતાને દુર્નય કહે છે.
2. આ દુર્નયને વિરોધ કરનાર જ્ઞાનીઓને દુર્નય કહે છે.
3. પ્રત્યેક નય પોતે જેનો વિરોધ કરે છે એવા ધર્મરૂપે દુર્નયના એક અંશરૂપે જુએ છે.
4. પ્રત્યેક નય પોતે જેનો વિરોધ કરે છે એવા ધર્મરૂપે આખા દ્રવ્યને જુએ છે.
5. ભરત ચક્રવર્તી મોક્ષે ગયા એમ કહેવું બિલકુલ સાચું નથી, કારણ કે મોક્ષે તો ભરત મુનિરાજ ગયા હતા, ભરત ચક્રવર્તી નહિ.

| પરિશિષ્ટ-૩૯.૧ |
|---|
| નય ૧૫-૧ |

## (૧૫) ભાવનય

**વ્યાખ્યા:-** આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે-પ્રકાશે-પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ).

---

**સારાંશ:** (પૃ.નં.૨૫૨)
- દામ્પત્ય જેવી આ વાત (ટીકા) છે [અહીં]. શું સંતાન વાળવાના છે!
- પુરુષ સ્ત્રીને આશ્રય કરે છે તો પુરુષ તો ઉપર હોય, સ્ત્રી નીચે હોય, [પરંતુ અહીં દૃષ્ટાંતમાં] તો પુરુષ નીચે અને સ્ત્રી ઉપર - સંતાન દૃષ્ટાંત દઈને પણ શિક્ષા શું કરવું છે કે વસ્તુમાં જે સ્વભાવ છે તે પર્યાયમાં ઉલ્લસે છે, બહાર આવે છે; ભાવનયે વસ્તુમાં શક્તિ છે તેની વર્તમાન પ્રગટ થાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં દ્રવ્યમાં જે સ્વભાવ છે, એ પર્યાયમાં ઉલ્લસે છે - આમ બહાર આવે છે.
- સંતાન સત્ય શિક્ષા કરવું છે. એને કંઈ આ જગતની શોભા ન હોય. પુરુષની જેમ સ્ત્રી ઉપર રહેતી હોય એમ આ ભાવ છે.
- શક્તિરૂપથી ભરેલો ભગવાન છે, એ શક્તિરૂપ પર્યાયમાં ઉલ્લસીને ન આવે તો તેને ભાવનયે દશા પ્રગટી છે એમ કહેવામાં ન આવે. જે સ્વભાવ છે પરમાનંદમૂર્તિ પ્રભુ, એનો આશ્રય લઈને જે ભાવ ઉઠ્યો છે તેને અહીં ભાવનય કહીએ. ભરેલો ભગવાન શાંત વીતરાગ સ્વભાવથી ભરેલો એનો આશ્રય લેતાં પર્યાયમાં જે શાંતિ ઉઠે છે, ઉલ્લસે છે, વિલસે છે, પ્રકાશે છે, પ્રતિભાસે છે [તે ભાવનય છે].
- એ [ભાવ] શક્તિ દ્રવ્યમાં હતો તે ઉલ્લસીને બહાર આવ્યો છે, ફૂટ્યો છે, ફાટ્યો છે, ખીલ્યો છે. જે સ્વભાવ છે એનો આશ્રય લઈને જે ભાવ ફૂટ્યો છે તેને અહીં ભાવનય કહીએ. છે તો વસ્તુ આખી ત્રિકાળ, પરંતુ વર્તમાન પર્યાય એ ભાવ દશા પ્રગટ થાય છે. એ પર્યાય પ્રગટી છે એનું લક્ષ કરવા જતાં તેને જોયું છે અંદરમાં, જોઈને આવ્યો છે તેમાં.
- જેમ સ્ત્રી ઉપરમાં રહી છે અને પુરુષ હેઠે છે એમ દ્રવ્ય હેઠે છે અને ભાવ ઉપર ઉલ્લસ્યો છે, પ્રગટતા બહાર આવી છે. રાગના અભાવસ્વભાવરૂપ પ્રગટતા ઉલ્લસી છે એ ભાવનયે છે, પરંતુ એ ભાવનય ઉલ્લસિત થયું છે શેનાથી? [કે] ભાવે ભંડાર ઉઘડ્યો છે.
- આ તો વર્તમાનની અપેક્ષાએ વાત છે. આવું [દૃષ્ટાંતમાં તો] ભૂલ અને ભાવપ્રાણની ઓળખાણ માટે કહ્યું [હતું]. તત્કાળ પ્રગટેલી દશાને ભાવનયનો વિષય કહેવામાં આવે છે.
- અહીં તો કહેવાનો આશય એ છે કે જેને દ્રવ્યનો આશ્રય થયો નથી તેને સાચો ભાવ પ્રગટ થતો જ નથી. એ શુભાશુભ ભાવ તો અનાદિથી [પ્રગટ] થયેલા(છે), એ કંઈ એની ગણત્રીમાં નથી. પુણ્ય-પાપ તો અધર્મ છે. એ દ્રવ્ય ફાલ્યું-ફૂલ્યું નથી.
- 'તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે': સ્વભાવમાં જે શાંતિ, વીતરાગતા, શુદ્ધતા, જ્ઞાન, આદિક હતા એ પર્યાયમાં ઉલ્લસીને અંદરથી ઉપર આવ્યા.
- પર્યાયમાં જે રાગાદિ નિમિત્તાધીન દશા થાય છે એને પણ અહીં ભાવનય ગણ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો - સારાંશ

પૂજ્ય ગુરુદેવશ્રી — વિહાર પ્રવચનનો સારાંશ

જે દ્રવ્ય ટળ્યું નથી પરંતુ પર્યાયમાં ટળ આવ્યો છે. એને જાણવા છતાં એનું લક્ષ દ્રષ્ટિમાં લાવવું જોઈએ.

- જાણે તે ક્રિયા- દયા, દાન, પુણ્ય, ભક્તિ-(ફરતો હોય) છતાં તેને દ્રવ્યનો આશ્રય નથી તેથી તેને ધર્મ છે જ નહિ. તે દ્રવ્યની દ્રષ્ટિ થતાં જે શુદ્ધ પર્યાય ટળે છે તે ધર્મ (છે) અને તે ભાવનયનો વિષય (છે), છતાં પણ તેના ઉપર લક્ષ રાખવાનું નથી.
- આત્મા જે ધર્મ છે તે પણ અંત સાધનાનો ધર્મ છે, એનું લક્ષ રાખવાનું નથી. એને જાણવો તો દ્રવ્યમાં જવાનું છે.
- '(પુરુષાર્થરૂપ પર્યાયરૂપે પરિણમે છે તેમ).' ભગવાન આત્મા પર્યાયમાં ઉછળે છે, નિર્મળ પર્યાયે પરિણમે છે એ ભાવનયનો વિષય કહેવામાં આવે છે.
- વર્તમાન પુરુષાર્થની દશાને ભાવનયનો વિષય કહેવામાં આવે છે.
- દ્રવ્ય ટળે અને ટળે એ તો શુદ્ધતાની પર્યાયથી ટળે એ દ્રવ્ય ટળ્યું કહેવાય

(ગુરુ,શિષ્ય)

- આત્માને તેની વર્તમાન પર્યાયરૂપ જાણવામાં આવે - એટલે સાધના તે ભાવધર્મ છે અને તે ભાવનયનો વિષય બને છે
- પૂજા કરી રહેલ સ્થિરને દ્રવ્યનયથી સ્વીકાર અને ભાવનયથી પૂજારી કહેવાય છે.
- જિનેન્દ્ર નામના પુરુષને જિનેન્દ્ર કહેવો તે નામનય, વીતરાગી પ્રતિમાને જિનેન્દ્ર કહેવી તે સ્થાપનાનય, મુનિરાજને જિનેન્દ્ર કહેવા તે દ્રવ્યનય અને સાક્ષાત્ ભગવાનને જિનેન્દ્ર કહેવા તે ભાવનય છે.
- આત્મામાં વિદ્યમાન નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એ ધર્મો રહેલ છે, તેમને જાણવાવાળા શ્રેય નથી શ્રુતજ્ઞાન [ના અંશો] છે અને તેના આધારે પ્રચલિત થનારો લોક-વ્યવહાર નિક્ષેપ છે.

(પરમભાવપ્રકાશ નયચક્ર)

- આત્માને ભૂતકાલીન તથા ભવિષ્યકાલીન પર્યાયોરૂપે દેખનારા દ્રવ્યનય વિના ભૂતકાલીન તેમજ ભવિષ્યકાલીન તીર્થંકરોની પ્રતિષ્ઠાનો વ્યવહાર સંભવ નથી. તેથી સાક્ષાત્ તીર્થંકર અરિહંતોની પ્રતિષ્ઠા સ્થાપનાનય તેમજ ભાવનયને આશ્રિત છે અને ભૂત તથા ભાવિ તીર્થંકરની પ્રતિષ્ઠા સ્થાપનાનય તેમજ દ્રવ્યનયને આશ્રિત છે. નામનયનો ઉપયોગ તો સર્વત્ર છે જ કે જેના કારણે કહી શકાય છે કે આ પ્રતિમા અમુક તીર્થંકરની છે.
- આ રીતે મૂર્તિ પ્રતિષ્ઠાનો સંપૂર્ણ વ્યવહાર નામ, સ્થાપના, દ્રવ્ય તેમજ ભાવનયોના આધારે પ્રચલિત વ્યવહાર છે. તે જ વિષયો નિક્ષેપની વ્યાખ્યા છે: નયો વડે પ્રચલિત લોકવ્યવહારને નિક્ષેપ કહે છે. આમ આપણે જોયું કે નામધર્મ, સ્થાપનાધર્મ, દ્રવ્યધર્મ અને ભાવધર્મ - આત્માના આ ચાર ધર્મો રહેલ છે અને તેમને આધારે આત્માને જાણનારા શ્રુતજ્ઞાનના અંશરૂપ નામનય, સ્થાપનાનય, દ્રવ્યનય અને ભાવનય - આ ચાર નય હોય છે અને તેના આધારે પ્રચલિત લોકવ્યવહારરૂપ ચાર નિક્ષેપ છે.

→ SUPPLIMENT: આ જ વિષય પર પૂજ્ય ગુરુદેવશ્રીના 'નય પ્રજ્ઞાપન'માં સંકલિત થયેલા પ્રવચનની કોપી અહીં 'ઇમેજવર્ડ' પછી ઉમેરવામાં આવેલ છે.

## (૧૫) ભાવનય : દિગ્દર્શન

"ગુરુચિંતન" તથા "પરમભાવગ્રાહક નયચક્ર" પર આધારિત પ્રશ્નો:

### (૧) જોડકાં જોડો :—

| | |
|---|---|
| 1. નામનય | (A). ભાવલિંગી મુનિરાજને જિનેન્દ્ર કહેવા. |
| 2. સ્થાપનાનય | (B). પત્થરની પ્રતિમાને જિનેન્દ્ર કહેવા. |
| 3. દ્રવ્યનય | (C). આગામી ભગવાનને જિનેન્દ્ર કહેવા. |
| 4. ભાવનય | (D). જિનેન્દ્ર નામના પુરુષને જિનેન્દ્ર કહેવો. |

| | |
|---|---|
| 5 ભૂત અને ભવિષ્યકાલીન તીર્થંકરોની પ્રતિષ્ઠાનો વ્યવહાર | (A). નામનય, સ્થાપનાનય તથા ભાવનયને આધારિત છે. |
| 6 વર્તમાનકાલીન તીર્થંકરોની પ્રતિષ્ઠાનો વ્યવહાર | (B). નામનય, સ્થાપનાનય તથા દ્રવ્યનયને આધારિત છે. |

| | |
|---|---|
| 7 જ્ઞેય | (A). નામ, સ્થાપના, દ્રવ્ય તથા ભાવનયને આધારિત પ્રચલિત લોકવ્યવહાર |
| 8 જ્ઞાન | (B). નામનય, સ્થાપનાનય, દ્રવ્યનય તથા ભાવનય |
| 9 નિક્ષેપ | (C). નામધર્મ, સ્થાપનાધર્મ, દ્રવ્યધર્મ તથા ભાવધર્મ |

### (૨) સાચું કે ખોટું (T/F) જણાવો :—

1. આત્માને તેની વર્તમાન પર્યાયરૂપ જાણવામાં આવે તેવી યોગ્યતાને ભાવધર્મ કહેવાય છે.
2- પૂજા કરી રહેલા મુનિને દ્રવ્યનયથી પૂજારી અને ભાવનયથી મુનિ કહેવાય છે.
3- નયનો વિષય નિક્ષેપ છે - એમ અહીં કહ્યું છે.
4- નિક્ષેપનો વિષય ધર્મ છે - એમ અહીં કહ્યું છે.
5. નયના આધારે પ્રચલિત લોકવ્યવહારને નિક્ષેપ કહેવાય છે.
6. આત્મામાં વિદ્યમાન નામધર્મ - સ્થાપનાધર્મ - દ્રવ્યધર્મ તથા ભાવધર્મ જ્ઞેય છે.
7. ઉપરોક્ત ધર્મોને જાણનારા નામનય, સ્થાપનાનય, દ્રવ્યનય તથા ભાવનય તે શ્રુતજ્ઞાનના અંશો છે.
8. મૂર્તિ પ્રતિષ્ઠાનો સંપૂર્ણ વ્યવહાર નામ, સ્થાપના, દ્રવ્ય તથા ભાવનયના આધારે પ્રચલિત છે.

# (૧૬) સામાન્યનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય સામાન્યનયે, હાર-માળા-કંઠીના દોરાની માફક, વ્યાપક છે (અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે, જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ).'

સમજૂતી:- જેમ હાર, માળા અને કંઠીનો દોરો (છે) એમ આત્મામાં સઘળાં સામાન્ય દ્રવ્ય
(પ્ર.ન.-૨૬૨) છે એને સામાન્ય કહેવાય છે. સઘળા દોરા જે છે એમ અનાદિ અનંત દ્રવ્ય પડ્યું છે એ સામાન્ય છે. અનંતી પર્યાયો જે જુદી જુદી થાય છે એ દરેક પર્યાયમાં ત્રિકાળ સામાન્ય પોતે વ્યાપ્યું છે.

- અનેકરૂપે સામાન્ય હોવા છતાં અનેકપણાની પર્યાયમાં વ્યાપે છે એવો એનો સામાન્ય ધર્મ છે. એ દ્રવ્ય જે છે એ સામાન્ય ધર્મ છે. એના પર્યાયધર્મ- વિશેષધર્મો (અશુદ્ધતાની યોગ્યતા, શુદ્ધતાની યોગ્યતા) પણ હોય છે.
- પ્રમાણનો વિષય આખું દ્રવ્ય [દ્રવ્ય અને પર્યાય] છે. અને આ દ્રવ્ય છે તે નયનો વિષય છે અંશે એક અંશ છે. જેમ નિશ્ચયનયનો વિષય દ્રવ્ય છે પરંતુ એ અંશ છે. આખો અંશી [-દ્રવ્ય અને પર્યાય બે] એમાં ન આવ્યા.

(ગુરુશિષ્ય)

- પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપવાની આત્માની યોગ્યતા તે સામાન્ય ધર્મ છે. તેને જાણવાવાળું જ્ઞાન 'સામાન્યનય' કહેવાય છે.
- જો દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપક ન હોય તો તે ગુણ અથવા પર્યાય કયા દ્રવ્યના છે એમ કયા આધારે કહી શકાય?
- ભાવનયે આત્મા વર્તમાન પર્યાયરૂપ પ્રતિભાસિત થાય છે, નં.૧૪ દ્રવ્યનયે ભૂત-ભાવિ પર્યાયરૂપે પ્રતિભાસિત થાય છે અને આ સામાન્યનયે ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળની પર્યાયોમાં વ્યાપ્ત પ્રતિભાસિત થાય છે.
- પ્રથમ કથનમાં આત્માને વિભાગ કર્યો છે, ગુણ-પર્યાયોમાં વ્યાપકતા તે તેનો વિષય નથી; એ તો સામાન્યનયનો વિષય છે.

(પરમભાવપ્રકાશ નયચક્ર)

- આ ભગવાન આત્મા ભાવનયે વર્તમાનપર્યાયરૂપ, દ્રવ્યનયે ભૂત-ભાવિપર્યાયરૂપ અને આ સામાન્યનયે ભૂત, વર્તમાન અને ભવિષ્ય - આ ત્રણે કાળની પર્યાયોમાં વ્યાપ્ત પ્રતિભાસિત થાય છે.
- દ્રવ્ય અને પર્યાયમાં વ્યાપ્ય-વ્યાપક સંબંધ હોય છે. દ્રવ્ય વ્યાપક છે અને પર્યાય વ્યાપ્ય છે. 'પર્યાય વ્યાપ્ય છે'- આનો અર્થ એમ થયો કે તે વ્યાપક નથી. 'વ્યાપક નથી'-તેનો જ અવ્યાપક છે- એમ કહેવાય છે. આથી પ્રતિફલિત થયું કે દ્રવ્ય-અપેક્ષા આત્મા વ્યાપક છે અને પર્યાય-અપેક્ષા અવ્યાપક છે. આને જ નયોની ભાષામાં કહેવાય છે કે સામાન્યનયે આત્મા વ્યાપક છે અને વિશેષનયે અવ્યાપક છે.
- નોંધ:-
- આ નય પરની વિશેષ ચર્ચા માટે જુઓ 'વિશેષનય' પાનું: નય ૧૭-૨

# (૧૭) વિશેષનય

વ્યાખ્યા:- આત્મદ્રવ્ય વિશેષનયે, તેના એક મોતીની માફક, અવ્યાપક છે (અર્થાત્ આત્મા વિશેષનયે અવ્યાપક છે, જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ).

સારાંશ:- . વિશેષ એટલે પર્યાય, ભેદ. વિશેષનયે એક વિશેષ એક જ પર્યાયમાં છે, એક વિશેષ
(પૃ.નં.242) બીજા પર્યાયમાં વ્યાપતું નથી, સામાન્ય છે એ બધામાં વ્યાપે છે. દોરો બધા [મોતીઓ]માં વ્યાપેલો છે અને એક મોતી એક જ મોતીમાં છે.

- મોતી એક ઠેકાણે એક જ છે, સર્વવ્યાપક નહિ. એમ આત્મામાં એક પર્યાય એક ક્ષણમાં એક સમયે છે. આત્માની પર્યાય સર્વવ્યાપક નહિ [જેમ] સામાન્ય [બધામાં] વ્યાપે છે તેમ એક સમયની પર્યાય બધામાં વ્યાપે છે એમ નહિ.
- વિશેષનયે [અર્થાત્] પર્યાયનયે. એક સમયની પર્યાય છે એ આખામાં વ્યાપક નહિ- એ પણ એક ધર્મ છે [જેને વિશેષનય વિષય કરે છે]
- અહીં તો વિકારી પર્યાય છે એ પણ એનો [-આત્માનો] ધર્મ છે એમ એનો સ્વામી આત્મા છે. એ અધર્મનો[-વિકારી પર્યાયનો] સ્વામી આત્મા છે. એવા અનંત ધર્મોનો અધિષ્ઠાન- આધાર -ભગવાન આત્મા છે.
- રાગ એ આત્માના આશ્રયે થયેલો આત્મધર્મ- આત્માની યોગ્યતાનો ધર્મ છે. રાગ નિશ્ચયનયનો વિષય છે, એની પર્યાય છે ને! પર તો વ્યવહાર અને આ પોતાની પર્યાય તે નિશ્ચય છે.

(ગુરુચિંતન)

- આત્મામાં એક એવી પણ યોગ્યતા છે કે જેનાથી તેના એક ગુણ અથવા પર્યાય તેના અન્ય ગુણ અથવા પર્યાયમાં પ્રવેશ કરી શકતા નથી. પ્રત્યેક ગુણ પોતપોતાના સ્વભાવમાં અને પ્રત્યેક પર્યાય પોતપોતાના સ્વભાવમાં સ્વરૂપે વિદ્યમાન છે. આ યોગ્યતાને જ તેનો 'વિશેષધર્મ' કહે છે અને તેને જાણનાર જ્ઞાનને વિશેષનય કહેવાય છે.
- આત્મા પોતાની ત્રિકાળ અને સમસ્ત બધી પર્યાયોમાં વ્યાપક છે અર્થાત્ તેના સ્વભાવમાં આ પર્યાયરૂપે પરિણમન કરે છે પરંતુ ત્રિકાળની પર્યાય આગામી બીજી પર્યાયોમાં જો વ્યાપક રહ્યા કરે તો ત્રિકાળનો આત્મા ટકી ન શકે; માટે પર્યાય અપેક્ષાએ આત્મા અવ્યાપકધર્મસ્વરૂપ છે.
- સામાન્યનયે અર્થાત્ દ્રવ્ય-અપેક્ષાએ આત્મા સર્વ પર્યાયોમાં વ્યાપ્ત છે માટે વ્યાપક અને વિશેષનયે અર્થાત્ પર્યાય-અપેક્ષાએ તે સર્વ પર્યાયોમાં વ્યાપ્ત નહિ રહી તે અવ્યાપક છે.
- નં.૨ પર્યાયનયનો વિષય ગુણ-પર્યાયના ભેદમાત્ર છે, તેની અવ્યાપકતા નહિ કે જે આ વિશેષનયનો વિષય છે

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- આત્માની પ્રત્યેક પર્યાય આત્મામાં ત્રિકાળ વ્યાપ્ત નથી, કારણ કે એની એક પર્યાય બીજી પર્યાયમાં વ્યાપ્ત નથી; પરંતુ આત્મદ્રવ્ય તેની સર્વ પર્યાયોમાં વ્યાપક છે. આ રીતે આત્મા દ્રવ્યરૂપે વ્યાપક છે અને પર્યાયરૂપે અવ્યાપક છે.

# (૧૬) સામાન્યનય, (૧૭) વિશેષનય : કાર્યશાળા
(વ્યાપકનય) (અવ્યાપકનય)

## (૧) જોડકાં જોડો :-

| | | |
|---|---|---|
| 1 | સામાન્ય ધર્મ | (A). હાર-માળા-કંઠીનો દોરો |
| 2 | વિશેષ ધર્મ | (B). હાર-માળા-કંઠીનું એક મોતી |
| 3 | સામાન્ય ધર્મ | (A). વ્યાપકપણું; સાંગપણું; ધ્રુવપણું; અન્વયપણું |
| 4 | વિશેષ ધર્મ | (B). અવ્યાપકપણું; ખંડખંડપણું; ક્ષણિકપણું; વ્યતિરેકપણું |
| 5 | વ્યાપક | (A). મોતી / પર્યાય |
| 6 | વ્યાપ્ય | (B). દોરો / દ્રવ્ય |
| 7 | સામાન્ય | (A). પર્યાય |
| 8 | વિશેષ | (B). દ્રવ્ય |
| 9 | સામાન્ય ધર્મ | (A). પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપવાની યોગ્યતા |
| 10 | વિશેષ ધર્મ | (B). એક ગુણ અથવા પર્યાયની અન્ય ગુણ અથવા પર્યાયમાં પ્રવેશ ન કરી શકવાની યોગ્યતા |

## (૨) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1- આત્મા દ્રવ્ય બધી જ પર્યાયોમાં વ્યાપતું નથી પરંતુ માત્ર શુદ્ધ પર્યાયોમાં જ વ્યાપે છે.
2- સામાન્યનયનો વિષય સંપૂર્ણ દ્રવ્ય છે, દ્રવ્યનો અંશ નહિ.
3. જો દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપતું ન હોત તો ગુણ-પર્યાયોને રહેવા માટે કોઈ/આધાર ન રહેત.
4- આ સામાન્યનયનો વિષય આત્માના માત્ર ભાવનયના વિષય એવા વર્તમાન પર્યાયોમાં જ વ્યાપે છે, દ્રવ્યનય (નં.૧૪)ના વિષય એવા ભૂત-ભવિષ્યની પર્યાયોમાં નહિ.
5- (નય નં.૧) દ્રવ્યનય અને આ સામાન્યનયના વિષયમાં કોઈ તફાવત નથી.
6. (નય નં.૧) દ્રવ્યનય આત્માને ચિન્માત્ર દેખે છે, આ સામાન્યનય આત્માને તેના ગુણ-પર્યાયોમાં વ્યાપક દર્શાવે છે.
7- પર્યાય વ્યાપક છે અને દ્રવ્ય વ્યાપ્ય છે.
8. પર્યાય 'વ્યાપ્ય નથી' એટલે પર્યાય 'અવ્યાપક છે.'
9. દ્રવ્ય અપેક્ષાએ આત્મા વ્યાપક છે, પર્યાય અપેક્ષાએ આત્મા અવ્યાપક છે.
10. સામાન્યનયે આત્મા વ્યાપક છે, વિશેષનયે આત્મા અવ્યાપક છે.
11. આ સામાન્યધર્મને વ્યાપકધર્મ અને વિશેષધર્મને અવ્યાપક ધર્મ કહી શકાય છે.
12. આ વિશેષધર્મને કારણે પ્રત્યેક ગુણ પોતપોતાના સ્વભાવમાં સ્વરૂપે બિરાજમાન રહે છે.
13. આ વિશેષધર્મને કારણે પ્રત્યેક પર્યાય પોતપોતાના સ્વકાળમાં સ્વરૂપે બિરાજમાન રહે છે.

# (૧૮) નિત્યનય

વ્યાખ્યા: 'આત્મદ્રવ્ય નિત્યનયે નટની માફક, અવસ્થાયી છે (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય-સ્વભાવી છે, જેમ રામ-રાવણાદિરૂપ અનેક અનિત્ય સ્વાંગો ધારણ કરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ).'

સારાંશ:- • અહીંનો અર્થ (નટ) ઘણાં સ્વાંગો ધારણ કરે છતાં નટ તો નટરૂપે છે, [તેમ] અનંત (પૃ.૨૬૨) પુદ્ગલ રાગના સ્વાંગો ધરે, નિગોદ પર્યાયના સ્વાંગો ધરે પરંતુ નિત્ય તરીકે નટ તો એનો એ જ છે- જેવો રામ, રાવણના રૂપ ધારણ કરે. તેમ આત્મા અનંત વાર રાગ ધારણ કરે, અનંત વાર દ્વેષ ધારણ કરે, અનંત વાર શુદ્ધ પર્યાય ધારણ કરે, અનંત વાર અશુદ્ધ પર્યાય ધારણ કરે, છતાં નિત્ય વસ્તુ તો એની એ જ છે.

- સામાન્ય[ધર્મ] કરતાં નિત્યતા ધર્મ જુદો છે. સામાન્ય[ધર્મ]માં અનેકનું + એક વિશેષમાં વ્યાપ્યું છે અને નિત્ય[ધર્મ]માં એ જ એ કાયમ રહેનારું છે.
- [આત્મા] નટની માફક સ્થિર છે, નિત્ય છે. કઈ રીતે? કે એ નિત્ય સ્વભાવ છે. સામાન્ય[ધર્મ]માં વળી અનેકપણું + પર્યાયમાં વ્યાપે છે અને આ તો નિત્ય સ્વભાવ છે. આ નિત્યધર્મ એ તો જુદો ધર્મ છે.
- રાવણ તીર્થંકર થશે અને શ્રેણિક ગણધર થશે. પરિણામોની વિચિત્રતા છે ને! શ્રેણિકના ભવ અને ગણધરના ભવ- ભવ ભલે પણ વસ્તુ નિત્ય છે. જેમ રાવણનો ભવ, નરકનો ભવ અને તીર્થંકરનો ભવ- પર્યાય ભિન્ન ભિન્ન લાગે છતાં વસ્તુ તો નિત્ય છે.

(ગુરુચિંતન)

- નટ-નટવત્ સ્વાંગો ધારણ કરવા છતાં પણ તેના તે જ રહેવાની યોગ્યતારૂપ આત્માના ધર્મને નિત્યધર્મ અને તેને જાણનારા જ્ઞાનને નિત્યનય કહે છે.
- સમયસાર ગાથા ૯ માં નિત્યનયનો પ્રયોગ છે:-

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- આત્મામાં રહેવાવાળા નિત્ય અને અનિત્ય ધર્મ ભલે [પરસ્પર] વિરોધી પ્રતીત થતા હોય, પરંતુ તેઓ [વાસ્તવમાં] પરસ્પર વિરોધી નથી; કારણ કે તેઓ બંને એક સાથે જ રહે છે. આ ભગવાન આત્મા દ્રવ્યપર્યાયાત્મક વસ્તુ છે, તેથી દ્રવ્યદૃષ્ટિએ તે નિત્ય છે અને પર્યાયદૃષ્ટિએ અનિત્ય છે. આત્માનો નિત્ય-અનિત્ય હોવારૂપ તેનો સ્વભાવ જ છે.

નોંધ:-

- ૧૮ મા નિત્યનય તથા ૧૯ મા અનિત્યનયની વિશેષતાઓ એક સાથે રાખી છે.

## (૧૯) અનિત્યનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય અનિત્યનયે, રાગ-રાગાદિની માફક, અનાદિકાળથી છે (અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ ઉત્પન્ન કરેલા રાગ-રાગાદિરૂપ પર્યાયો અનિત્ય છે તેમ).'

સારાંશ:- • [રાગ, રાગાદિ આદિ] એ બધા પર્યાયો અનિત્ય છે. અનિત્યનયે પર્યાય પર્યાય પલટે છે પણ નિત્યપણાનો નાશ નથી થતો. નિત્ય તો નિત્ય છે.
(પૃ.નં.૨૪૨)

• પર્યાય અનેકરૂપ નથી, નિત્ય નિત્ય છે એમ અનિત્યપણું જાણવા છતાં એની દૃષ્ટિ સામાન્ય સ્વભાવ ઉપર જવું જોઈએ.

• પર્યાય નથી એમ જાણીને દ્રવ્યનો આશ્રય થઈ શકશે નહિ, કારણ કે દ્રવ્યનો આશ્રય કરનારી પણ પર્યાય છે. જો પર્યાય જ નથી તો દ્રવ્યનો આશ્રય કરશે કોણ? [૧૧મી ગાથા:-] એટલે પર્યાયનું લક્ષ છોડવા, પર્યાયને ગૌણ કરીને અસત્ય કહ્યા, પરંતુ પર્યાય પર્યાયપણે સત્ય છે.

([illegible])

• નર-નારકાદિ પર્યાયો બદલતા રહેવાની આત્માની યોગ્યતાને અનિત્યધર્મ અને તેને જાણનાર જ્ઞાનને અનિત્યનય કહેવાય છે.

([illegible])

• અનાદિઅનંત ભગવાન આત્મામાં અનેક ધર્મો પરસ્પર વિરુદ્ધ પ્રતીત થવાવાળા નિત્ય અને અનિત્ય ધર્મ આત્મામાં એક સાથે રહે છે. એ કારણે આત્મા નિત્ય બદલાય છે પણ નહિ બદલાતો અને નહીં બદલાતો પણ બદલાતો રહે છે.

• આત્મામાં નિત્ય-અનિત્ય બંને ધર્મો એક સાથે જ રહે છે - આ રીતે સંપૂર્ણ વસ્તુની સ્વીકૃતિપૂર્વક વસ્તુને કોઈક અપેક્ષાએ નિત્ય અને કોઈક અપેક્ષાએ અનિત્ય કહેવામાં આવે તો તેના નિત્ય અને અનિત્ય બંને અંશો સાચા છે. સંપૂર્ણ વસ્તુસ્વરૂપને સ્વીકાર્યા વિના તેના એક ધર્મનું જ્ઞાન સ્વીકાર્ય હોતું નથી. તેથી બધા ધર્મોને સ્વીકાર કરીને વસ્તુસ્વરૂપ નક્કી કરવું જોઈએ."

# (૧૮) નિત્યનય, (૧૯) અનિત્યનય : [illegible]

## (૧) જોડકાં જોડો :-

| | |
|---|---|
| 1. નિત્યધર્મ | (A). નર-નારકાદિ સ્વાંગો બદલતા રહેવાની યોગ્યતારૂપ ધર્મ |
| 2. અનિત્યધર્મ | (B). નર-નારકાદિ સ્વાંગો ધારણ કરવા છતાં પણ તેના તે જ રહેવાની યોગ્યતારૂપ આત્માનો ધર્મ |
| 3. નિત્યધર્મનું દૃષ્ટાંત | (A). એક જ નટ રામ-રાવણાદિ ઘણા સ્વાંગો રૂપે પલટાય છે. |
| 4. અનિત્યધર્મનું દૃષ્ટાંત | (B). એકનો એક નટ રામ-રાવણાદિ ઘણા સ્વાંગો કરે તોપણ તે નટ તો નટરૂપે જ રહે છે. |
| 5. નિત્યધર્મ | (A). આત્મા એક વાર રાજા ધારણ કરે, એક વાર ઢોર ધારણ કરે, એક વાર શુદ્ધ પર્યાય ધારણ કરે છતાં તે ચિતન્ય આત્મા તો આત્મા જ રહે છે. |
| 6. અનિત્યધર્મ | (B). આત્મા ચિતન્ય આત્મા તો આત્મા રહેતો હોવા છતાં પર્યાયરૂપે અનંત પ્રકારે સમયે સમયે પલટે છે. |
| 7. નિત્યનયે | (A). ભગવાન આત્મા અવસ્થાયી (નિત્ય રહનારો) છે. |
| 8. અનિત્યનયે | (B). ભગવાન આત્મા અનવસ્થાયી (નિત્ય પલટનારો) છે. |
| 9. નિત્યનય | (A). આત્મા નહિ બદલાવા છતાં પણ બદલાય છે. |
| 10. અનિત્યનય | (B). આત્મા નિત્ય બદલાવા છતાં પણ નહિ બદલાતો. |

## (૨) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. જેને વસ્તુસ્વરૂપ [પ્રમાણ]નું જ્ઞાન હોતું નથી તેને એક ધર્મનું જ્ઞાન યથાર્થ હોતું નથી.
2. (નય નં.૧૫) સામાન્યનયનો વિષય આત્માનું તેના ગુણ-પર્યાયોમાં વ્યાપકપણું છે અને આ નિત્યનયનો વિષય પર્યાયોરૂપે પરિણમવા છતાં આત્માનું નિત્ય રહેવાપણું છે.
3. નિત્યધર્મ અને અનિત્યધર્મ પરસ્પર એક બીજાના વિરોધી ધર્મો છે.
4. ઉપરોક્ત ધર્મો પરસ્પર પરસ્પર વિરોધી નથી (જો તે બન્નેનો અપેક્ષાથી સમજવામાં આવે તો)
5. ઉપરોક્ત ધર્મો જો પરસ્પર પરસ્પર વિરોધી હોત તો આત્મામાં તેઓ એકસાથે ન રહી શકત.
6. દ્રવ્યદૃષ્ટિએ આત્મા નિત્ય છે.
7. પર્યાયદૃષ્ટિએ પર્યાય અનિત્ય છે.
8. પર્યાયદૃષ્ટિએ દ્રવ્ય અનિત્ય છે.
9. ભગવાન આત્મા દ્રવ્યપર્યાયાત્મક છે અર્થાત્ સામાન્યવિશેષાત્મક છે.
10. નિત્યનયનું પ્રયોજન દ્રવ્યદૃષ્ટિ કરાવવાનું અને અનિત્યનયનું પ્રયોજન પર્યાયદૃષ્ટિ કરાવવાનું છે.
11. અનિત્યનયે આત્માને જાણવા છતાં પણ આપણું નિજ તો સામાન્યભાવ પર જ જવું જોઈએ.
12. દ્રવ્યનો જેણે આશ્રય લીધો હોય તેણે પર્યાય છે એમ પણ જાણવું જોઈએ.
13. દ્રવ્યનો આશ્રય કરવા માટે પર્યાયને ગૌણ કરવાની છે પરંતુ પર્યાય પર્યાયપણે છે એનું જ્ઞાન કરવાનું છે

# (20) સર્વગતનય

વ્યાખ્યા:- આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે.

ભાવાર્થ. 'બધામાં વ્યાપનારું છે' એટલે બધાને જાણનારું છે. ખુલ્લી આંખ આખા બધાને (પૃ.નં-૨૯૨) જાણે છે: જાણે છે એ પોતાની સત્તામાં જાણે છે પરંતુ આખા બધાને જાણે છે એ અપેક્ષાએ સર્વગત કહેવામાં આવે છે. તે સિવાય બધામાં વ્યાપવું કે આવી જવું નહિ. જ્ઞાન ખુલ્લું છે, પદાર્થમાં વ્યાપક કહ્યા છે.

- પંચાધ્યાયીમાં કહ્યું છે કે સર્વગતનો અર્થ તો તે નિર્વિકલ્પ છે. એ સર્વગત એટલે સર્વમાં વ્યાપે છે એમ માનવું તેને મિથ્યાત્વ કહ્યું છે.

(પૃ.નં-૨૯૩). [પ્રવચનસાર] ગાથા ૨૩, ૨૬, ૩૧, ૩૫ અને પછીમાં આ સર્વગતની વાત આવે છે.

- ખુલ્લી રાખેલી આંખની માફક - જાણે આખેઆખા લોકને દેખે.
- આત્મા અનંતને દેખે છે [તે] પોતાની પર્યાય છે તેને દેખે છે.
- જે લોકાલોક છે તે જ્ઞેય છે અને આત્મા ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તો જ્ઞાનનું જ્ઞેયાકારપણે થવું તેને સર્વગત કહેવામાં આવે છે. જેટલા લોકાલોક છે તેના જ્ઞેયાકારના જ્ઞાનપણે પરિણમવું તેવો તેનો સર્વગત સ્વભાવ છે.
- કેવળજ્ઞાન સર્વને જાણે છે પરંતુ જાણવા છતાં તેમાં જતું પણ નથી, જ્ઞેયોને જઈ પડતું નહિ.
- છે તો જ્ઞાનાકાર પરંતુ જ્ઞેયાકારે પરિણમ્યું છે એટલે તેને જ્ઞેયાકાર કહેવાય છે.
- સર્વજ્ઞ પરમેશ્વર તો સંપૂર્ણ સર્વગત છે. અહીં તો શ્રુતજ્ઞાનની અપેક્ષાએ પૂર્ણ જાણનાર કહે છે. છે. પરંતુ એ પર્યાયમાં નિશ્ચય, સર્વજ્ઞ જેવો. એક સમયમાં જ પૂર્ણ જાણે એવી એની તાકાત નથી. અનુભવપ્રકાશમાં કહે છે- ક્રમે ક્રમે જાણનારા એને પણ એક શ્રુતકેવળી કહીએ. ભગવાન એક સમયે લોક જાણે, એને ક્રમે ક્રમે જાણે એને પણ એને તો શ્રુતકેવળી કહીએ. (ગાથા ૩૪, ૩૫માં.)
- જ્યારે જ્ઞાન સ્વભાવને સ્પર્શીને ત્યારે [સ્વસંવેદન] જ્ઞાનની પર્યાયમાં તેને યોગ્ય જે રાગાદિ, શરીરાદિ હોય તેના જ્ઞેયાકારે જ્ઞાનનું થવું તે તેનો સ્વભાવ છે. તે જ્ઞેયને મારા માનવા એ તેનો સ્વભાવ નથી. તે જ્ઞાનથી એકમેક થઈને રાગમાં આવતો નથી.
- એ જ્ઞેયનું જ્ઞાન થવાની તારી તાકાત છે પરંતુ એ જ્ઞેયનું કાંઈ કરે એ તારી તાકાત નથી. એ જ્ઞેયને મારું માનવું એવો તારો ધર્મ નહિ.
- સર્વગતમાં તો ગજબની વાત કરી છે! આત્માકાર અંદરનો આ છે. આંખ ખુલ્લી હોય તો એ જાણે છે, કે કરે છે કાંઈ? એમ ભગવાન જ્ઞાનની પર્યાય ખુલ્લો પ્રકાશ કરે છે. જે જે દેખાય જે પ્રકારના રાગાદિ પરદ્રવ્ય અને સ્વદ્રવ્ય છે એને જાણવું, સ્વપરને જાણવું, સ્વપરપ્રકાશકપણે પરિણમવું એ એના સ્વરૂપનું અસ્તિત્વ છે

(ગુરુચિંતન)

- નય ક્રમાંક ૨૦ અને ૨૧- એમ ૨ નયોમાં જ્ઞાન અને જ્ઞેય સંબંધ કહ્યો છે. જ્ઞાન લોકાલોકને જાણે છે તે અપેક્ષાએ સર્વગત છે પરંતુ પોતાના અસંખ્ય પ્રદેશોમાં જ રહે છે, તેથી અસર્વગત છે.
- 'સર્વત્ર જ્ઞેય જ્ઞાયક તદપિ ચિદાનંદ સ્વરૂપલીન' એ પંક્તિમાં આ બંને નયોનો

સહજ પુરાવા હવે આપ્યા છે.

- પોતાના અસંખ્ય પ્રદેશોમાં રહીને લોકાલોકને જાણવાની શક્તિના સર્વગતધર્મ છે અને તેને જાણવાવાળા નયનું નામ સર્વગતનય છે; લોકાલોકને જાણતા હતા પણ તેનાથી ભિન્ન રહેવાની શક્તિના અસર્વગતધર્મ છે અને તેને જાણવાવાળા નયનું નામ અસર્વગતનય છે.
- આ બંને નયોને જાણીને આત્માનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે + ભગવાન આત્મા સમસ્ત લોકને જાણતો હતો પણ પોતાના પ્રદેશોમાં જ રહે છે.

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- જુઓ : 29. અસર્વગતનય.

# (20) સ્વભાવનય: [illegible]

## (1) સાચું કે ખોટું (T/F) જણાવો:-

1. આત્મદ્રવ્ય સ્વભાવનયે, શુદ્ધ આત્માની માફક, સ્વભાવી (અણીને ઘડનારું) છે.
2. આત્મદ્રવ્ય સ્વભાવનયે અણીને ઘડનારું છે અર્થાત્ તે સર્વ સંયોગજન્ય પદાર્થોનો ઘડાય છે.
3. આત્મદ્રવ્ય સ્વભાવે ઘડાય છે એમ માનનારને એકાન્તપક્ષમાં મિથ્યાત્વ કહ્યું છે.
4. આત્મદ્રવ્ય સ્વભાવનયે અણીને ઘડનારું છે અર્થાત્ તે પોતાના ગુણ-પર્યાયોનો ઘડનારું છે એમ અર્થ છે.
5. 'ઘડનારું છે' તેનો અર્થ અહીં 'જાણનારું છે' - એમ થાય છે.
6. આત્મા અગ્નિને દેખે છે તે પોતાની પર્યાયને દેખે છે.
7. જાણનાર સ્વયં છે. તેના સંસ્કારના સાધનો પરિણમવું તેવો આત્માનો સ્વભાવ કહેવાય છે.
8. કેવળી સ્વભાવને જાણે છે, [ભાવશ્રુતજ્ઞાની અનુભૂતિને જ જાણે છે.
9. [ભાવ]શ્રુતજ્ઞાની સ્વભાવને જાણે છે પરંતુ ક્રમે ક્રમે જાણે છે, યુગપદ નહિ.
10. કુંદકુંદાચાર્યે 'ક્રમે ક્રમે જાણનારા એવા શ્રુતકેવળી હોય' એમ આ શાસ્ત્રની ગાથા 34, 39માં કહ્યું છે.
11. શુદ્ધ આત્મા [બધું] જાણે છે પરંતુ કરતો કાંઈ નથી, તેમ જ્ઞાન સ્વ-પર જ્ઞેયોને માત્ર જાણે છે પરંતુ કરતું કાંઈ નથી.
12. પોતાના અસંખ્ય પ્રદેશોમાં રહીને જ્ઞાન લોકાલોકને જાણે છે તે આત્માનો સ્વભાવ છે.
13. (i) સકળ જ્ઞેય જ્ઞાયક (ii) તદપિ નિજાનંદ રસલીન આ પંક્તિના ઉત્તરાર્ધ (ii)માં સ્વભાવનયનો પ્રયોગ દેખાય છે.
14. આ નયથી શરૂ કરીને હવે પછીના પાંચ નયો [એમ બધા ગણીને છ નયો] દ્વારા જ્ઞાન-જ્ઞેયનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

## (29) અસર્વગતનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય અસર્વગતનયે, પોતાની આંખની માફક, આત્મગત (પોતામાં રહેનારું) છે.'

ભાવાર્થ: • [સર્વગતનયમાં] જે વ્યાપક કીધું હતું [આંખ અત્ર] પોતાની આંખની માફક
(પૃ.નં.૨૯૩) અંદરમાં વર્તે છે. ગુણ તો અંદર જ છે. એ તો પોતામાં રહેલું છે, ક્યાંય બહાર ગયું નહિ. પરમાર એ બહારને જાણ્યું નહિ. અસર્વગતનયે પોતામાં જ બધું જાણવાનું વર્તે છે. સ્વનું અને પરનું જાણવાનું અંદરમાં વર્તે છે.

• જાણનારનો આકાર બહાર હોય કે રાગનો પણ કર્તા નહિ, શરીરાદિ પરની ક્રિયાકાર્ય તેનો એ કર્તા નહિ - બહાર તેને જ્ઞાનરૂપ જાણવાનો આકાર હોય, તે જ્ઞાન અંદરમાં રહે છે. આ પર્યાયની વાત છે, હોં! આમ કહેવાનું પ્રયોજન છે કે, તારું જ્ઞાન તારામાં વર્તે છે. પરને જાણતું હોવા છતાં એ વર્તે છે તારામાં, એ કાંઈ પરમાં વ્યાપેલું નહિ. એ તો આમ નેત્ર અંદર રહી આંખ્યાઓ અને કીધું કે આત્મા જાણે છે, પરંતુ પરમાર તો અંદરને જાણે છે, અંદરમાં વર્તે છે. અસર્વગતનયે પોતામાં જ બધું જાણવાનું વર્તે છે. સ્વનું અને પરનું જાણવાનું અંદરમાં વર્તે છે.

(ગુરુ, લેખન)

• જુઓ - નય (20) - સર્વગતનય.

(પરમાગમસાર નવનીત)

• જેમ દીવો આંખ પોતાનામાં જ રહે છે, તેમ સર્વને જાણવા-દેખવાનો સ્વભાવવાળો હોવા છતાં પણ, સર્વને જાણતો-દેખતો હોવા છતાં પણ, ભગવાન આત્મા પોતાના અસંખ્ય પ્રદેશોની બહાર જતો નથી, પોતાનામાં જ રહે છે, તેથી તે અસર્વગત છે, આત્મગત છે, આત્મવર્તી છે.

• સર્વગતનયથી આત્મા સર્વને જાણે-દેખે છે અને અસર્વગતનયથી સર્વને જાણતો-દેખતો નથી, એમ અહીં અર્થ નથી. [આમ અર્થ નથી] પરંતુ એ છે કે આ ભગવાન આત્મા પોતામાં જ સ્થિત રહીને પણ સંપૂર્ણ લોકાલોકને દેખી-જાણી રહ્યો છે અને સંપૂર્ણ લોકાલોકને દેખી-જાણીને પણ આત્મપ્રદેશોથી બહાર જતો નથી.

• આ બે નયોના માધ્યમથી આચાર્યદેવ પરને જાણવાની અથવા નહીં જાણવાની વાત બતાવવા માંગતા નથી પરંતુ પોતાના પ્રદેશોમાં રહીને જ સર્વને જાણવાની તેની વિશેષતા બતાવવા માંગે છે. પુદ્ગલ આંખ બહાર ભાગ્યે દૂર છે અને દીવો આંખ પોતાનામાં જ રહે છે; આંખ જાણે છે કે નથી જાણતી - એ વાત અહીં છે જ નહિ.

• પૂજ્ય ગુરુદેવશ્રી: "અહીં આંખને અસર્વગતનયથી આત્મવર્તી કહી - તેનો અર્થ અવ્યાપકતા ન સમજવો જોઈએ. દીવો આંખનું દૃષ્ટાંત અવ્યાપકતા બતાવવા માટે આપ્યું નથી, પરંતુ આત્મવર્તીપણું બતાવવા આપ્યું છે. આંખ સ્વ-પરની સમીપતા વડે સર્વને જાણતી હતી પણ પોતામાં જ લીન રહે છે, બહારમાં વ્યાપ્ત હતી નહિ, તેથી તે સર્વવર્તી નથી પરંતુ આત્મવર્તી જ છે. સર્વ પદાર્થને જાણવાની અપેક્ષાએ આત્માને સર્વવર્તી કહ્યો છે, પરંતુ આત્મા પરપદાર્થોમાં વર્તતો નથી પણ સ્વમાં જ વર્તે છે - એ અપેક્ષાએ તેને આત્મવર્તી કહ્યો છે. સર્વવર્તી કહીને આત્માનું જ્ઞાનસામર્થ્ય બતાવ્યું છે અને આત્મવર્તી કહીને પરથી ભિન્નતા બતાવી છે."

# (૨૧) અસર્વગતનય : દિગ્દર્શન

## (૧) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. આત્મદ્રવ્ય અસર્વગતનયે, ગોંધેલ ઓરડાની માફક, આત્મવર્તી (પોતામાં રહેનારું) છે.
2. સર્વગતનયે આત્મા સર્વમાં વ્યાપે છે એટલે કે સર્વને જાણે છે એમ કહ્યું હતું. તેથી સર્વગતનયે આત્મા સર્વવર્તી છે.
3. અસર્વગતનયે ઘટ અને પટને જાણતાં જાણવાનું જ્ઞાન પોતામાં જ વર્તે છે. ત્યાં એમ વિચારે કે આત્મા આને જાણે છે, પરંતુ ખરેખર તો જ્ઞાન અંદરને જોવે છે, અંદરમાં વર્તે છે.
4. જ્ઞાન અસર્વગત છે કારણ કે તે પોતાના અસંખ્ય પ્રદેશોમાં જ રહે છે.
5- સર્વગતનયથી આત્મા સર્વને જાણે છે, અસર્વગતનયથી આત્મા સર્વને જાણતો નથી.
6- સર્વગતનય તથા અસર્વગતનય - આ બે નયોના માધ્યમથી આચાર્યશ્રી આત્મા સર્વને જાણે છે કે જાણતો નથી એ વાત જણાવવા માંગે છે.
7. ઉપરોક્ત બન્ને નયોના માધ્યમથી આચાર્યશ્રી આત્મા પોતાના પ્રદેશોમાં જ રહીને સર્વને જાણવાની તેની વિશેષતાને જણાવવા માંગે છે
8- ગોંધેલ ઓરડાનું ઉદાહરણ આત્માની અલ્પજ્ઞતા જણાવવા માટે અને ખુલ્લા ઓરડાનું ઉદાહરણ આત્માની સર્વજ્ઞતા જણાવવા માટે છે.
9. ઉપરોક્ત બે નયોના માધ્યમથી જ્ઞાનનું સર્વવર્તીપણું અને આત્મવર્તીપણું સિદ્ધ જ્ઞાત થાય છે - તે જણાવવાનો આશય છે.
10- અહીં આત્મદ્રવ્યને સર્વવર્તી કહીને તેની પરથી ભિન્નતા જણાવી છે અને આત્મવર્તી કહીને તેના જ્ઞાનનું સામર્થ્ય જણાવ્યું છે.

## (૨) જોડકાં જોડો :-

| | |
|---|---|
| 1. સર્વગતધર્મ<br>2. અસર્વગતધર્મ | (A). આત્મવર્તીપણું<br>(B). સર્વવર્તીપણું |
| 3. સર્વગતધર્મ<br>4. અસર્વગતધર્મ | (A). જ્ઞાન પોતાના અસંખ્ય પ્રદેશોમાં જ રહે છે.<br>(B). જ્ઞાન લોકાલોકને જાણે છે. |
| 5. સર્વગતધર્મ<br>6. અસર્વગતધર્મ | (A). નિજાનંદ રસલીન<br>(B)- સકલ જ્ઞેય-જ્ઞાયક |

# (22) શૂન્યનય

વ્યાખ્યા:- આત્મદ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે.

ભાવાર્થ (પૃ.નં.283)
- [આત્મદ્રવ્ય] પરથી ભિન્નપણું જણાવે છે, પરથી શૂન્ય છે. ભગવાન આત્મા રાગાદિ, શરીરાદિ જડ તથા પર, એનાથી શૂન્ય છે, એનાથી રહિત છે.
- મારું જ્ઞાનસ્વરૂપ પ્રભુ! પરને તથા પરમાં જતું નથી, એ અંદરમાં રહે છે. એ પરથી ખાલી છે - શૂન્ય છે. પરથી ભિન્નપણું એવું મારું સ્વરૂપ છે, એમ ભાસે છે. રાગ અને શરીરથી ભિન્નપણું, શરીર અને રાગમાં એકપણે નહિ રહેતું એવું પરથી શૂન્ય ભાસે છે - એનો પણ એક એનો ધર્મ છે - ધર્મી રાખીને ભાવ છે.

(ગુરુદેવશ્રી)

- આગળના નયયુગલ [નય નં. 20 અને 21] માં જ્ઞાનની મુખ્યતાથી કથન કરવામાં આવ્યું હતું, આ નયયુગલ [નય નં. 22, 23] માં જ્ઞેયની મુખ્યતાથી કથન કરવામાં આવ્યું છે.
- સંપૂર્ણ જ્ઞેયોને જાણવા છતાં પણ આત્મામાં કોઈ પણ જ્ઞેયનો પ્રવેશ ન હોય - એવા સ્વભાવને શૂન્યધર્મ તથા તેને જાણવાવાળા જ્ઞાનને શૂન્યનય કહે છે.

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- આ ભગવાન આત્માનો એવો જ [એક] સ્વભાવ છે કે અનંત જ્ઞેયોને જાણવા છતાં પણ તેનાથી અમિલિત - અમિલન - શૂન્ય રહે છે.
- એમ આત્મદ્રવ્ય શૂન્યનયે ખાલી ઘરની જેમ જ્ઞેયોથી શૂન્ય [ખાલી] છે.

# (૨૨) શૂન્યનય : કાર્યશાળા

## (૧) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. સંપૂર્ણ જ્ઞેયોને જાણવા છતાં પણ આત્મામાં કોઈ પણ જ્ઞેયનો પ્રવેશ નહીં થતો — એવી યોગ્યતાને શૂન્યધર્મ તથા તે ધર્મને જાણનારા જ્ઞાનાંશને શૂન્યનય કહેવાય છે.
2. શરીરાદિ પદાર્થો આત્માથી શૂન્ય છે એવી યોગ્યતાને આત્માનો શૂન્યધર્મ કહે છે.
3. ભગવાન આત્મા શરીરાદિ પદાર્થોથી શૂન્ય છે એવી આત્માની યોગ્યતાને [અર્થાત્ આત્માએ ધારી રાખેલા ભાવને] આત્માનો શૂન્યધર્મ કહેવાય છે.
4. આ શૂન્યધર્મ જણાવે છે કે આત્મા શરીર તથા રાગાદિથી અમિશ્રિત અર્થાત્ ખાલી છે, શૂન્ય છે, અલિપ્ત છે.
5. આગળના નયયુગલ [સર્વગતનય તથા અસર્વગતનય]માં જ્ઞેયની પ્રધાનતાથી વાત હતી અને આ નયયુગલ [શૂન્યનય તથા અશૂન્યનય]માં જ્ઞાનની પ્રધાનતાથી વાત કરવામાં આવી છે.
6. આ શૂન્યનય જણાવે છે કે સંપૂર્ણ જ્ઞેયોને જાણવા છતાં પણ આત્મામાં કોઈ જ્ઞેયનો પ્રવેશ થતો નથી અર્થાત્ જ્ઞેયો જ્ઞાનમાં આવી જતા નથી.
7. 'કૈવલ્ય કલા મેં ઉમડ પડા સંપૂર્ણ વિશ્વ કા હી વૈભવ' — આ પંક્તિમાં શૂન્યનયનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

# (૨૩) અશૂન્યનય :

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે.'

સ્પષ્ટતા: • જેમ વહાણમાં પ્રવાસીજન માણસ ભર્યા હોય એમ જ્ઞાનમાં લોકાલોકનું જ્ઞાન ભર્યું છે- (પૃ.નં.243) જ્ઞાનસ્વરૂપમાં લોકાલોક ભર્યું છે.

- આતમા આતમા, આતમડો આતમા જ એમ કહે છે. એકલો આત્મ છું, આત્મા જ ચેતન માને. તે મિથ્યાદૃષ્ટિ છે.
- એકત્વ તો એકલો, શાશ્વતપણું, અનંત ઉત્તમ સ્વરૂપ, જેના જ્ઞાનમાં લોકાલોક ભર્યો છે એવો છે [ભરપૂર] લોકાલોકથી શૂન્ય છે.
- શેય જગ-જગ, વાર-વાર જેમ દેખાય અરીસામાં જોઈએ, આ વાદળ જોઈએ. એવો ભાગને પણ જાણું એટલું દુઃખ દેખાવાનો. પ્રતિબિંબનો નથી છે તો જાણું છે.

(ગુરુદેવ)

- જ્ઞાનમાં એવી રચના છે કે તેમાં શેયો ઝળકે. આ રચનાને અશૂન્યપણું કહે છે અને તેને જાણનાર જ્ઞાનને અશૂન્યનય કહેવાય છે.
- 'कैवल्य ज्ञान में झलक पड़ा सम्पूर्ण विश्व का ही वैभव' - આ પંક્તિમાં અશૂન્યનયનો પ્રયોગ ઝળકી રહ્યો છે.
- અશૂન્યનય જ્ઞાન દ્વારા શેયોને જાણવાની યોગ્યતા બતાવે છે અને શૂન્યનય જ્ઞાનની શેયોથી અત્યંત ભિન્નતા બતાવે છે.

(પરમાગમસાર ગાથા)

- જો કે કોઈ પણ પદાર્થ આત્મામાં મિલિત થતો નથી છતાં પણ આત્માના જ્ઞાનમાં લોકાલોક ઝળકે છે. તો આત્માને જાણનાર જ મિલિત થયું કહીએ તો આત્મા લોકોથી ભરેલા વહાણની જેમ અનંત શેયો (પદાર્થો)થી ભરેલો છે, મિલિત છે, અશૂન્ય છે.
- આમ આત્મદ્રવ્ય અશૂન્યનયે મનુષ્યોથી ભરેલા વહાણની જેમ શેયોથી અશૂન્ય [ભરેલો] છે.

# (23) અશૂન્યનય : દિગ્દર્શન

## (1) જોડકાં જોડો:-

| | |
|---|---|
| 1. શૂન્યનય<br>2. અશૂન્યનય | (A)- આત્મદ્રવ્ય, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે (અર્થાત્ જ્ઞાનમાં ભરાભર ભર્યું છે).<br>(B)- આત્મદ્રવ્ય, ખાલી ઘરની માફક, અમિલિત ભાસે છે (અર્થાત્ પરથી ખાલી છે) |
| 3. શૂન્યધર્મ<br>4. અશૂન્યધર્મ | (A)- જ્ઞેયો જ્ઞાનમાં ઝળકે છે.<br>(B)- જ્ઞેયો જ્ઞાનમાં પ્રવેશતા નથી. |
| 5. શૂન્યનય<br>6. અશૂન્યનય | (A)- જ્ઞાન દ્વારા જ્ઞેયોને જાણવાની યોગ્યતા બતાવે છે.<br>(B)- જ્ઞાનની જ્ઞેયોથી ભિન્નતા બતાવે છે. |

## (2) ખરું કે ખોટું (T / F) બતાવો:-

1- 'જેમ વહાણમાં ખચોખચ માણસો ભર્યા હોય એમ જ્ઞાનસ્વરૂપ આત્મદ્રવ્યમાં ભરાભર ભર્યું છે' અર્થાત્ અનંત જ્ઞેયો જ્ઞાનમાં પ્રવેશ્યા છે - એમ અશૂન્યનય કહે છે.
2. જ્ઞાનમાં એવી યોગ્યતા છે કે એમાં જ્ઞેયો ઝળકે - આ યોગ્યતાને અશૂન્યધર્મ કહે છે.
3. 'कैवल्य कल्प में ऊमड पडा संपूर्ण विश्व का ही वैभव' - આ પંક્તિમાં અશૂન્યનયનો પ્રયોગ ઝળકી રહ્યો છે.
4- જ્ઞેયોને જાણવા માટે જ્ઞાનને જ્ઞેયની સાથે તન્મય-મિલિત-એકમેક થવું જરૂરી છે.
5- જો આપણે જાણવાને જ મિલિત કહીએ તો આત્મા અનંત જ્ઞેયોને જાણતો હોવાથી, મનુષ્યોથી ભરેલા વહાણની માફક, જ્ઞેયોથી ભરેલો છે, મિલિત છે, અશૂન્ય છે.
6. [આ નયોના વર્ણન દ્વારા આચાર્યશ્રી] આત્મા એકલો છે, એકલો છે - એમ બતાવે છે.
7. આ સિવાય આત્માને અન્યો, અહિત કે સંયોગ માને તે મિથ્યાદૃષ્ટિ છે.
8. અરૂપ, શરીરપ્રમાણ અસંખ્યપ્રદેશી, અનંત ગુણોના ધરનાર આત્માના જ્ઞાનમાં ભરાભર ભર્યું છે [-ઝળકે છે] [પરંતુ] તે ભરાભરથી શૂન્ય છે - એવો એક એકલો આ આત્મા છે.

# (૨૪) જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનય

વ્યાખ્યા: 'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઈંધન-સમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે.'

સારાંશ:- (પૃ.નં-૨૯૩)

- ભલે મોટા લાકડાં હોય અને અગ્નિ સળગે તો અગ્નિ તો એક જ છે, તેમ આત્મા જ્ઞેય અને જ્ઞાનને ભલે ઘણાં તે જાણે, એક જ છે. જ્ઞેયને જાણવામાં સ્વભાવ અદ્વૈત છે. જ્ઞેયો અને જ્ઞાનસ્વરૂપ ભગવાન બેને જાણે તે બે નહિ, અદ્વૈત એક છે. બેને જાણે માટે બે છે, એમ નહિ.
- વેદાંત કહે છે કે અદ્વૈત એટલે આ બધું થઈને અદ્વૈત એ આ નહિ. આ તો જ્ઞાન અને જ્ઞેયનું એકરૂપ તે એક જ્ઞાન છે એમ. અદ્વૈતનો અર્થ કે જે જ્ઞાન છે તે જ્ઞેયો જેટલા છે તે રૂપે થયું છે તે એકરૂપે રહ્યું છે. જ્ઞેયને જાણતાં બેરૂપે થયું છે, એમ નહિ.
- ભલે મોટાં (લાકડાંમાં) અગ્નિ પરિણમી તો અગ્નિ અનેક થઈ ગઈ છે? અગ્નિ અગ્નિરૂપે રહી છે, એકરૂપે છે. એમ ભાતભાતનાં-જ્ઞેયને-જાણતાં છતાં જ્ઞાન તો એકરૂપે પોતાની પર્યાયમાં રહેલું છે. આવો પણ એક આત્મા ધર્મ છે પરંતુ એ ધર્મનું ભેદ [જ્ઞાન] દ્વારા વસ્તુનો સ્વભાવ એકાન્ત જ્ઞાયક છે તેમાં જોયું અને દેખાડ્યું છે. → see below

— દૃષ્ટાંત (અગ્નિ)

- આત્મામાં એવો એક ધર્મ છે કે તે જ્ઞેયોને જાણતાં તેનાથી ભિન્ન રહેવા છતાં પણ જ્ઞેયને જાણવાવાળી પર્યાય અનેક જ્ઞેયાકાર જ્ઞાનમાં તન્મય રહીને પરિણમે- આ પરિણમનને જ્ઞાનજ્ઞેય-અદ્વૈતધર્મ અને તેને જાણવાવાળા જ્ઞાનને જ્ઞાનજ્ઞેયઅદ્વૈતનય કહેવાય છે.

check?

- અહીં જ્ઞેયાકાર જ્ઞાનને જ ઉપચારથી જ્ઞેય કહીને આત્માને તેનાથી અભિન્ન કહેવામાં આવેલ કહ્યો છે. બીજીની ટીકાઓમાં જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયના પ્રયોગ જોવા મળતો રહ્યો છે:
- (अ) 'ज्ञेयाकार ज्ञान में भी ज्ञानाकार ज्ञान है'।
  (ब) 'जो कुछ झलकता ज्ञान में वह ज्ञेय नहीं बस ज्ञान है'।'

સારાંશ (Continued) ←

(પૃ.નં.૨૯૪)

- આત્માનું જ્ઞાન અને જ્ઞેયનું જ્ઞાન-એ અપેક્ષાએ તેને દ્વૈત કહેવામાં આવે છે). ભલેને મોટા ઈંધન ભેગાં હોય પરંતુ અગ્નિ સર્વને બાળીને અગ્નિરૂપ એક છે, એમ જ્ઞાન સમસ્ત ભાતભાતને એક સાથે જાણવાનું હોવાથી તે જ્ઞાનપણે એક છે- [અથવા] જ્ઞાન અને જ્ઞેયને એક સાથે જાણ્યું (એક છે). સ્વને અને પરને (જાણ્યું) એવું જ્ઞેયાકારરૂપ જ્ઞાન તે બન્નેને જાણવારૂપ એક છે, એ અદ્વૈત છે. જેમ ભલેને મોટા લાકડાંને અગ્નિ પરિણમે તો અગ્નિ એકરૂપ છે- એ અપેક્ષાએ અદ્વૈત અને એક છે.

(પરમાગમસાર [illegible])

- સર્વ જ્ઞેયોને જાણવાને કારણે આત્મા સર્વગત છે, જ્ઞેયોમાં પ્રવેશ ન કરવાને કારણે તે અસર્વગત છે, જ્ઞાનમાં જ્ઞેયોના અપ્રવેશને કારણે તે જ્ઞેયોથી શૂન્ય છે, જ્ઞેયોને જાણવાને કારણે તે જ્ઞેયોથી ભરેલો- અશૂન્ય છે.

આટલું જાણ્યા પછી પણ આ વિચારણા શેષ રહી જાય છે કે જ્ઞાનમાં જાણવામાં આવતા

જ્ઞેયો જ્ઞાનથી અભિન્ન-અદ્વૈત-એક છે કે તે જ્ઞેયો જ્ઞાનથી ભિન્ન-દ્વૈત-અનેક છે? તે જિજ્ઞાસાની પૂર્તિ માટે અહીં કહેવાઈ રહ્યું છે કે જ્ઞાનજ્ઞેયઅદ્વૈતનયે જ્ઞાનમાં જણાતા જ્ઞેયપદાર્થો જ્ઞાનથી અભિન્ન-અદ્વૈત-એક છે અને જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે જ્ઞાનમાં જણાતા જ્ઞેયપદાર્થો જ્ઞાનથી ભિન્ન-દ્વૈત-અનેક છે.

- જે રીતે અનેક પ્રકારના ઈંધનને બાળતી થકી અગ્નિ તે ઈંધનથી અભિન્ન છે, તે જ રીતે જ્ઞેયોને જાણતો થકો આત્મા તેમનાથી અભિન્ન છે - એમ જ્ઞાનજ્ઞેયઅદ્વૈતનય કહે છે. વસ્તુતઃ અહીં કહેવાનો આશય એ છે કે જેમ બળી રહેલું ઈંધન અગ્નિ જ તો છે, અગ્નિ સિવાય બીજું શું છે? તેમ જ્ઞાનમાં આવતા જ્ઞેયો જ્ઞાન જ તો છે, જ્ઞાન સિવાય બીજું શું છે? અર્થાત્ જ્ઞાનમાં આવતા જ્ઞેયો અને જ્ઞાન એક જ છે, અભિન્ન જ છે, અદ્વૈત જ છે.

## (૨૮) જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનય : દિગ્દર્શન

નોંધ:- આ નયને સમજવા માટે નીચે જણાવેલી બે શૈલીઓનો પ્રયોગ કરવામાં આવ્યો હોય એમ લાગે છે:-

• શૈલી (A) :
જ્ઞાન-જ્ઞેય અદ્વૈત છે અર્થાત્ જગતમાં આવેલા બધા જ્ઞેયપદાર્થો અને જ્ઞાન બંને અદ્વૈત છે - એક છે, જેમ કે ભારો નાના લાકડાં અને તેને બાળતી અગ્નિ બંને એક છે.

• શૈલી (B) :
• જ્ઞાન-જ્ઞેય અદ્વૈત અર્થાત્ જ્ઞાનમાં જણાતા પદાર્થો એટલે કે જ્ઞેયાકાર થયેલી જ્ઞાનની પર્યાય સાથે આત્મા તન્મય થઈને પરિણમે છે. આત્મા તેના જ્ઞાનમાં જણાતા જ્ઞેય પદાર્થોથી ભિન્ન રહીને પોતાની જ્ઞેયાકાર થયેલી જ્ઞાનની પર્યાય સાથે તન્મય થઈને પરિણમે છે. આ વિવક્ષામાં જ્ઞેયાકાર જ્ઞાનને જ જ્ઞેય કહીને આત્માને તેનાથી અભિન્ન કહેવામાં આવ્યો છે.
• આ રીતે દિગ્દર્શનના પૃષ્ઠોનું વર્ણન બંને શૈલીઓના આધારે જુદું જુદું કરવામાં આવ્યું છે:-

### શૈલી (A)

1- જગતમાં આવેલ રહેલા ઘટપટ આદિ પદાર્થો અને તેમને જાણતું રહેતું જ્ઞાન એ બે ભિન્ન ભિન્ન છે, જેમ બળતા રહેલા ભારા નાના લાકડાં અને અગ્નિ બંને ભિન્ન છે - એમ અહીં કહ્યું છે.
2. જેમ બળતું રહેતું ઇંધન અને અગ્નિ એક જ છે - અદ્વૈત જ છે - અભિન્ન જ છે - એમ અહીં કહ્યું છે.
3. આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતનયે), મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે.
4. બળતું રહેતું ઇંધન અગ્નિ જ તો છે, અગ્નિ સિવાય બીજું કાંઈ નથી.
5. જગતમાં આવેલ રહેલા જ્ઞેયો જ્ઞાન જ તો છે તે સિવાય બીજું કાંઈ નથી અર્થાત્ તેઓ એક જ છે, અભિન્ન જ છે, અદ્વૈત જ છે.

### શૈલી (B)

6. જ્ઞેયોને જાણતાં તેમનાથી ભિન્ન રહેવા છતાં પણ જ્ઞેયાકાર જ્ઞાનમાં તન્મય રહીને પરિણમવાની યોગ્યતાને જ્ઞાનજ્ઞેય-અદ્વૈતધર્મ અને તેને જાણનાર જ્ઞાનાંશને જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનય કહેવાય છે.
7. આ વિવક્ષામાં જ્ઞેયાકારજ્ઞાનને જ જ્ઞેય કહીને આત્માને તેનાથી અભિન્ન કહેવામાં આવે છે.
8. ज्ञेयाकार ज्ञानमें भी ज्ञानाकार ज्ञान है - અહીં ઉપરોક્ત નયનો પ્રયોગ થયો છે.
9. जो कुछ झलकता ज्ञान में वह ज्ञेय नहीं बस ज्ञान है! - " " " " "
10. સ્વને અને પરને જાણતું એવું જ્ઞેયાકારરૂપ જ્ઞાન તે બધાને જાણનારરૂપ એક છે.
11. સમસ્ત ભિન્નભિન્ન એક સાથે જાણનારું હોવાથી તે [જ્ઞાન] જ્ઞાનપણે એક છે.

# (૨૫) જ્ઞાનજ્ઞેય-દ્વૈતનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-દ્વૈતનયે પરના પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક, અનેક છે (અર્થાત્ આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર-પ્રતિબિંબોના સંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ).

શબ્દાર્થ:- • 'સંપૃક્ત' અર્થાત્ સંબંધવાળો.

(પ્ર.ન.-૨૫૪) • અરીસામાં જેમ પ્રતિબિંબોની અનેકતા દેખાય છે - છે તો એ [પ્રતિબિંબો] અરીસાની, એમ આત્મા અનેક છે. આત્માના ચિત્રો, આત્માના ચિત્રોમાં - એ બધા જ્ઞેયો છે. એ જ્ઞાન-જ્ઞેયના સંબંધે પ્રતિબિંબો પડ્યાં એ અપેક્ષાએ તેને અનેક કહેવામાં આવે છે, પરંતુ તે અનેકતા પણ એક દ્રવ્ય છે.

• જેમ દર્પણમાં પરના સંગથી રંગ (પ્રતિબિંબ) દેખાય, અરીસામાં રંગ દેખાય - અરીસો અને એમાં આખું પ્રતિબિંબ પડે છે. એમ ભગવાન જ્ઞાન-અરીસો એમાં સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન (દેખાય) એવું દ્વૈતપણું (છે) - એ અપેક્ષાએ છે! એ તો એક દ્રવ્ય છે. એક દ્રવ્યને નય લાગે છે તો પછી તેનું આવું સ્વરૂપ જાણવા માટે અંદર જ તો તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે.

(ગુરુવિલાસ)

• આત્મામાં એક એવો ધર્મ છે કે જેમાં જ્ઞેય પ્રતિબિંબિત થવા છતાં તે જ્ઞેયોથી ભિન્ન રહે છે - તે ધર્મને જ્ઞાનજ્ઞેય દ્વૈતધર્મ અને તેને જાણનારા જ્ઞાનને જ્ઞાનજ્ઞેય-દ્વૈતનય કહેવામાં આવે છે. 'પ્રતિબિંબિત પૂરો વ્યાપકતા, પર ભિન્નતા એ સાચ નહીં!' - આ પંક્તિના પૂર્વાર્ધમાં અદ્વૈતનય અને ઉત્તરાર્ધમાં જ્ઞાનજ્ઞેય-દ્વૈતનયનો પ્રકાશ ઝળકી રહ્યો છે.

• જ્ઞાનજ્ઞેય સંબંધી છ નયો. [20/21: સર્વગત તથા અસર્વગત, 22/23: શૂન્ય તથા અશૂન્ય અને 24/25: જ્ઞાનજ્ઞેય-અદ્વૈત તથા જ્ઞાનજ્ઞેય-દ્વૈતનય] વિષે સંક્ષેપમાં ઉપસંહાર કરતાં પરમભાવપ્રકાશક નયચક્રમાં કહ્યું છે કે-

"સંક્ષેપમાં કહી શકાય છે કે આ ભગવાન આત્મા જ્ઞેયોને જાણે તો છે, પરંતુ ન તો જ્ઞાન જ્ઞેયોમાં જાય છે અને જ્ઞેય જ્ઞાનમાં જ આવે છે. બંને પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહેતા થકાં જ્ઞાન જાણે છે અને જ્ઞેય જણાવામાં આવે છે. જ્ઞાતા ભગવાન આત્મા અને જ્ઞેય નિજાનંદરૂપ સર્વ પદાર્થોનો આવો સ્વભાવ છે. જ્ઞાતા ભગવાન આત્માના ઉક્ત સ્વભાવનું પ્રતિપાદન કરવું તે જ આ છ નયોનું પ્રયોજન છે.

જ્ઞેયોને સહજ ભાવથી જાણવા તે ભગવાન આત્માનો સહજ સ્વભાવ છે, તેથી તો આત્માને પર-પદાર્થોને જાણવાની આકુળતા જ કરવી નથી કે ન તો નહીં જાણવાની ઈચ્છા જ કરવી જોઈએ; પદાર્થના સ્વરૂપાનુસાર જે જ્ઞેય જ્ઞાનમાં સહજભાવથી જ્ઞાત થઈ જાય, તેને વ્યવહાર ભાષાથી જાણ્યા કહ્યા તે જ ઉચિત છે; અન્ય કોઈ વિકલ્પ કરવો ઉચિત નથી; [કે જે] આકુળતાનું કારણ છે. આત્માના આ સહજ જ્ઞાનસ્વભાવને જ આ છ નયો અભિવ્યક્ત પ્રકટ કરે છે."

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- જ્ઞાનજ્ઞેય-દ્વૈતનયનું દૃષ્ટાંત એમ છે કે જે રીતે પદાર્થોના પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણ તે પ્રતિબિંબિત પદાર્થોથી ભિન્ન જ છે, તે જ રીતે આ ભગવાન આત્મા જ્ઞાનમાં ઝળકતા જ્ઞેયોથી ભિન્ન જ છે. જે રીતે પ્રતિબિંબિત પદાર્થોથી દર્પણની આ ભિન્નતા જ દ્વૈતતા છે, અનેકતા છે; તે જ રીતે જ્ઞાનમાં ઝળકતા જ્ઞેયોથી ભગવાન આત્માની આ ભિન્નતા જ દ્વૈતતા છે, અનેકતા છે.
- આ રીતે (૨૦) સર્વગત, (૨૧) અસર્વગત, (૨૨) શૂન્ય, (૨૩) અશૂન્ય, (૨૪) જ્ઞાનજ્ઞેય-અદ્વૈત અને (૨૫) જ્ઞાનજ્ઞેય-દ્વૈતનયો દ્વારા આત્માનો પરપદાર્થો સાથે જે જ્ઞાન-જ્ઞેય સંબંધ છે તેનું સ્વરૂપ બહુ સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે.

## (૨૫) જ્ઞાનજ્ઞેય-દ્વૈતનય: ઉપસંહાર

### (૧) સાચું કે ખોટું (T/F) જણાવો:-

1- દર્પણ અને તેમાં રહેલા પરપદાર્થોના પ્રતિબિંબો - એ બે વચ્ચેની ભિન્નતાની વાત અહીં આપેલા દૃષ્ટાંતમાં કરવામાં આવી છે.

2. દર્પણ અને તેમાં પ્રતિબિંબિત થતા પરપદાર્થો - એ બે વચ્ચેની ભિન્નતાની વાત અહીં આપેલા દૃષ્ટાંતમાં કરવામાં આવી છે.

3. દર્પણ અને તેમાં પ્રતિબિંબિત થતા પરપદાર્થો વચ્ચેની ભિન્નતાને જ અહીં દ્વૈતતા અર્થાત્ અનેકતા કહેવામાં આવી છે.

4. જ્ઞાનમાં ઝળકતા જ્ઞેયપદાર્થો જ્ઞાનથી ભિન્ન છે, દ્વૈત છે, અનેક છે એમ જ્ઞાનજ્ઞેય-દ્વૈતનય કહે છે.

5. 'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-દ્વૈતનયે, પરના પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક, અનેક છે' અર્થાત્ જ્ઞાનમાં પ્રતિબિંબિત જ્ઞેયપદાર્થોથી આત્મા ભિન્ન છે, દ્વૈત છે, અનેક છે.

6- 'સંપૃક્ત' અર્થાત્ અસંબંધિત.

7. 'સંપૃક્ત' અર્થાત્ સંબંધિત; સંબંધવાળો; સંગવાળો.

8. ભગવાન આત્માના જ્ઞાનસ્વભાવમાં સ્વનું જ્ઞાન નહીં પરનું જ્ઞાન થાય છે, તેને પણ પૂ.ગુરુદેવશ્રીએ અહીં દ્વૈતપણું કહ્યું છે.

9- આ જ્ઞાનજ્ઞેય-દ્વૈતનયે આત્માને અનેકરૂપ દેખવો એ આગમનું કથન છે.

10. આવા અનંત ધર્મોના અધિષ્ઠાન એક આત્માને જાણો એમ આગમનું કથન છે.

11. (i) 'પ્રતિબિંબિત પૂરી જ્ઞેયાવલિ (ii) પર ચિન્મયતા કો છોડા નહીં' - આ પંક્તિના પૂર્વાર્ધ (i) માં અશૂન્યનયનો અને ઉત્તરાર્ધ (ii) માં જ્ઞાનજ્ઞેય-દ્વૈતનયનો પ્રયોગ થયો છે.

### (૨) જ્ઞાન-જ્ઞેય સંબંધ વિભાગ ૬ નયો સંબંધિત જોડકાં જોડો

| (A) નય | આત્મદ્રવ્ય વિષે દૃષ્ટાંત / સિદ્ધાંત |
|---|---|
| 1. સર્વગતનય | (A). પોતાની આંખની માફક પોતામાં રહેનારું છે. |
| 2. અસર્વગતનય | (B). ખુલ્લી રાખેલી આંખની માફક બધાને જાણનારું છે. |
| 3 શૂન્યનય | (C). બીજાથી ભરેલા વાદળાની માફક જ્ઞાનસમૂહમાં ભીંજાભીંજ ભર્યું છે. |
| 4 અશૂન્યનય | (D). ખાલી ઘરની માફક પરજ્ઞેયોથી ખાલી (રહિત) છે. |
| 5 જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનય | (E). પરના પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક પરજ્ઞેયોથી અનેક છે. |
| 6 જ્ઞાનજ્ઞેય-દ્વૈતનય | (F). મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક જ્ઞેયોથી એક છે. |

| (B) નય | તાત્પર્ય |
|---|---|
| 7. સર્વગતનય | (A). આત્મા અને જ્ઞેયો વચ્ચે અનેકપણું છે. |
| 8. અસર્વગતનય | (B). આત્મા અને જ્ઞેયો વચ્ચે એકપણું છે. |
| 9. શૂન્યનય | (C). જ્ઞાનમાં સર્વ જ્ઞેયો ઝળકે છે (જ્ઞેયોથી જ્ઞાન ભરેલું છે). |
| 10. અશૂન્યનય | (D). જ્ઞાનમાં જ્ઞેયોનો પ્રવેશ નથી. |
| 11. જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનય | (E). જ્ઞાન જ્ઞેયોમાં જતું નથી પરંતુ પોતાના આત્મપ્રદેશોમાં જ રહે છે. |
| 12 જ્ઞાનજ્ઞેય-દ્વૈતનય | (F). જ્ઞાન સર્વને જાણે છે (સર્વમાં વ્યાપે છે). |

# (26) નિયતનય

**વ્યાખ્યા:-** આત્મદ્રવ્ય નિયતનયે, નિયત સ્વભાવે ભાસે છે, જેમ ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક. [આત્મા નિયતનયે નિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી અગ્નિ નિયતસ્વભાવવાળો ભાસે છે તેમ]

**ભાવાર્થ:** (પૃ.નં-254)

- જેમ અગ્નિનો સ્વભાવ ઉષ્ણ છે એ નિયત છે, એમ ભગવાન આત્માનો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ છે તે નિયત જ છે.
- આત્મા [જ્ઞાન, દર્શન, આનંદ આદિ] સ્વભાવરૂપે છે તે નિયત છે અને વિકારરૂપે થવું તે અનિયત છે. જે એનો નિશ્ચય જ્ઞાન, આનંદ, શાંતિ સ્વભાવ છે તે રૂપે ભાસે છે.
- એ નિયતનયે અગ્નિ જેમ ઉષ્ણતામય છે એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદમય છે.
- પંચાસ્તિકાય ગાથા 155માં નિયત અને અનિયતની વ્યાખ્યા: નિયત એટલે સ્વભાવભાવ અને અનિયત એટલે વિભાવભાવ-વિકાર. આત્મામાં જે સ્વભાવરૂપે છે તે નિયત છે અને વિકારરૂપે થવું તે અનિયત છે.
- નિયત એટલે નિશ્ચયથી ત્રિકાળી છે અને અનિયતથી અત્રિકાળી છે-એમ નથી.
- નિયત સ્વભાવભાવ છે એ પણ એક ધ્રુવ છે.
- શાસ્ત્રજ્ઞાન છે એ પણ પરલક્ષી છે, પરલક્ષથી થાય છે, એમાં સ્વજ્ઞાન ન આવ્યું.
- એ એની દૃષ્ટિ નહિ કરે ત્યાં સુધી સમ્યગ્દર્શન નહિ થાય.

(ગુરુકહાન)

- નય ક્રમાંક 26 થી 33 સુધીમાં જ નય યુગલો [(26/27): નિયતનય તથા અનિયતનય; (28/29): સ્વભાવનય તથા અસ્વભાવનય; (30/31): કાળનય તથા અકાળનય; (32/33): પુરુષાકારનય તથા દૈવનય] દ્વારા ગ્રંથાધિરાજમાં પ્રતિપાદિત પાંચ સમવાયોનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.
- આ નય યુગલ (26/27)માં દ્રવ્યસ્વભાવ અને પર્યાયસ્વભાવના રૂપમાં સ્વભાવ નામના સમવાયનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- ત્રિકાળ એકરૂપ, નિયત અર્થાત્ નિશ્ચિત, ફરી ન બદલવાવાળા સ્વભાવને નિયતિ કહે છે. આ દર્શને કારણે આત્મા સદા ચૈતન્યરૂપ રહે છે, જડરૂપ થતો નથી. આ રીતે ભગવાન આત્માનો નિયત સ્વભાવ તો ચૈતન્યભાવ જ છે, જાણવું-દેખવું જ છે, પરંતુ કર્મોદયના યોગમાં રાગાદિરૂપ, મતિજ્ઞાનાદિરૂપ અથવા મનુષ્યાદિરૂપ પરિણમન થવું તે આત્માનો નિયતસ્વભાવ નથી.
- અગ્નિનું ઉષ્ણ હોવું તે તેનો દ્રવ્યગત [નિયત] સ્વભાવ છે, અને પાણીનું ઉષ્ણ હોવું તે તેનો પર્યાયગત [અનિયત] સ્વભાવ છે.
- [નિયત અર્થાત્ અપરિવર્તનશીલ, અનિયત અર્થાત્ (નિરંતર) પરિવર્તનશીલ]

# (૨૬) નિયતિનય : પ્રશ્નાવલી

## (૧) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. આ નય નં.૨૬ થી શરૂ કરીને નય નં.૩૩ સુધીના ૮ નયયુગલો દ્વારા નિર્વિકલ્પતાના કારણરૂપ પાંચ સમવાયોનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.
2- અહીં 'નિયત'નો અર્થ ક્રમનિયમિત અર્થાત્ ક્રમબદ્ધ થાય છે.
3. અહીં 'નિયત'નો અર્થ નિશ્ચિત; ફરી ન બદલાવાવાળો; ત્રિકાળ એકરૂપ થાય છે.
4. જ્ઞાન, દર્શનાદિ આત્માના સ્વભાવો નિયત છે, જેમ અગ્નિ ઉષ્ણતામય છે તેમ.
5- કર્મના નિમિત્તે આત્મા પોતે જ ઉપાદાનરૂપે વિભાવભાવે પરિણમે છે તેથી વિભાવરૂપે પરિણમવું એ પણ આત્માનો નિયતિધર્મ છે.
6- ચાર ગતિની યોગ્યતારૂપે પરિણમતો થકો આત્મા સંસારમાં અનાદિથી ભમ્યા કરે છે માટે મનુષ્યાદિરૂપે પરિણમવું એ પણ આત્માનો નિયતિધર્મ છે.
7. ત્રિકાળ એકરૂપ, નિયત (-નિશ્ચિત), ફરી ન બદલાવાવાળા સ્વભાવને નિયતિધર્મ અને તેને જાણવાવાળા જ્ઞાનાંશને નિયતિનય કહેવાય છે.
8. નિયતિધર્મના કારણે આત્મા સદા ચૈતન્યરૂપ રહે છે, જડરૂપ થતો નથી.

# (27) અનિયતિનય

વ્યાખ્યા:- આત્મદ્રવ્ય અનિયતિનયે, અનિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (-નિયત નથી) નિયમિત નહિ એવા પાણીની માફક. [આત્મા અનિયતિનયે અનિયત-સ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયતસ્વભાવવાળું ભાસે છે તેમ.]

સારાંશ:- • અગ્નિ ઉષ્ણ છે એ નિયમ રહેનારી છે, એ નિયત છે [પરંતુ] પાણી જે ઉનું છે (પૃ.નં.258) તે અનિયત છે (આરોપિત) નિયમ રહેનારું નથી, તેમ ભગવાન આત્મા જે તેનો સ્વભાવ નથી એવા વિભાવપણે ભાસે છે - અનિયત સ્વભાવે ભાસે છે.

- અનિયતનયે આરોપિત તેનો સ્વભાવ નથી અને જે ફેરના નિમિત્તમાં પોતાની યોગ્યતાથી જે વિકાર થાય છે તે અનિયતનયે જણાય જાણે છે
- અનિયતનયે આરોપિત અશુદ્ધ થાય એમ નહિ.
- પાણી ઉનું છે કે ફરીને પછી વિકાર થાય - અગ્નિ આવ્યો ના માટે છે. એ અનિયત સ્વભાવ એનો ધર્મ છે.
- અને ફેર ઉનું કે વિકારી પરિણમન અને વિકાર ભાવ છે, શું નહિ. એ તો સ્વભાવની દ્રષ્ટિની અપેક્ષાએ કહ્યું છે પરંતુ એનું સ્વરૂપ - એનું અસ્તિત્વ જે છે (એમાં) અનિયત સ્વભાવ તે વિકાર તેના પર્યાયમાં છે. મિથ્યા ભ્રાંતિ, રાગ-દ્વેષ એ પરિણામમાં અનિયત સ્વભાવ છે, તે ત્રિકાળ સ્વભાવ નથી - એ અપેક્ષાએ અનિયત સ્વભાવ છે. એમ કહીને [વિકાર] સ્વભાવ નથી એમ પણ કહ્યું અને વિકારી અનિયત સ્વભાવ તારામાં છે, તારાથી (એમ પણ કહ્યું).
- અનિયત સ્વભાવ ફરીને ઠંડો નથી. ઉષ્ણ એ પાણીનો પોતાનો પર્યાયધર્મ છે. સ્પર્શ ગુણ જે ઠંડો હતો તે પોતે ઉષ્ણપણે પરિણમ્યો છે એ પાણીનો અનિયત સ્વભાવ છે. ઉષ્ણ તે પાણીનો સ્વભાવ અનિયત છે, ઠંડો સ્વભાવ તે નિયત છે. એમ ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપની દ્રષ્ટિ કરીને શુદ્ધપણે થાય તે તો તેનો નિત્યધર્મ નિયત સ્વભાવ છે પરંતુ આત્મામાં જ રહી જાય અને વિકારપણે થાય એ પણ એનો અને [અનિયત] સ્વભાવ છે, અનિયત એનો ધર્મ છે.
- પાણીનો સ્વભાવ તો શીતળ છે એ તો નિયત છે અને ઉષ્ણ છે તે અનિયત છે. ભગવાન આત્મામાં શુદ્ધતા તે નિયત છે, અશુદ્ધતા તે અનિયત છે, પરંતુ એ એની પર્યાયમાં છે. સુખ થવું એ નિયત અને દુઃખ થવું એ અનિયત - એના પર્યાયનો સ્વભાવ છે.
- રાગનો વિકલ્પ ઉઠે એ પણ અનિયત સ્વભાવ એનો, પરંતુ એ ધર્મ નહિ, ધર્મનું કારણ નહિ. ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવવાળો હોવા છતાં પર્યાયમાં વિકાર થાય છે તે અનિયત સ્વભાવવાળો ભાસે છે - પર્યાયમાં હોં! છતાં તેનો અનિયત સ્વભાવનું જ્ઞાન કરીને પણ અંતર્મુખ થઈને અંદર પૂર્ણ સ્વરૂપ છે ત્યાં જા! ત્યાં આનંદ છે. એવું જ્ઞાન આત્માને અનુભવમાં આવે ત્યારે કહેવાય.

(પૃ.નં.259). • પદાર્થ પોતે દ્રવ્ય અને ગુણે શુદ્ધ છે એની પર્યાયમાં અનિયત વિકારવાળો સ્વભાવ છે.

- પંચાસ્તિકાયની ગાથા 3માં છે: અર્થસમય: જે રીતે પદાર્થ છે; જ્ઞાનસમય: એનું જ્ઞાન એ રીતે થાય કે વિકાર મારામાં મારાથી છે, પરથી નહિ.; શબ્દસમય: ત્યારે

તેની વાણીમાં પણ એમ જ આવે.

- પ્રમાણ અને નય સાધક માટે છે. ભગવાન આત્મા દ્રવ્યે અને ગુણે શુદ્ધ છે. પર્યાયે વિકાર શુદ્ધતા પણ છે અને અશુદ્ધતા પણ છે. હવે કોઈ એમ કહે કે વિકારી પર્યાય એ વિકારી જ છે તો અનેકાન્ત સ્યાદ્વાદનું જ્ઞાન તેને થયું નથી. અને જાણે છે તે શબ્દમાં આવે છે, પણ તેના શબ્દ[વચન]માં યથાર્થતા આવતી નથી.
- અમૃતચંદ્રાચાર્યે પંચાસ્તિકાયની ૧૬૨મી ગાથામાં જે આધારે લખ્યું છે એ વાત તેઓ પોતે અહીં કહે છે. પરને લઈને (દોષ) એ અપેક્ષા અહીં છે નહિ. કર્મના કારક વિના વિકાર પોતાના ષટ્કારકથી પરિણમે છે એ અનેકાન્ત દૃષ્ટિ છે. એની પર્યાયનો જ અનેકાન્ત દૃષ્ટિ અનેકાન્ત નય જાણે છે એટલે એવું જ્ઞાન થાય છે.
- સમયસાર ગાથા ૧૬૦: 'કર્મના રજ ઢાંકનારા છે' અર્થાત્ પોતાના પુરુષાર્થના અપરાધથી - તેના હીણા ભાવથી - ઢંકાય છે, દ્રવ્યકર્મથી અને અસદ્ગુરુ નહિ. એ ભાવકર્મના જોરથી ઢંકાય છે
- આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાયની મર્યાદામાં એ વિકાર થાય છે. એની પર્યાયનું અશુદ્ધપણું છે તેમાં વિકાર છે. [काँटों से पैदा हो जाती चैतन्य रतन के आंगन में]

(ગુરુ શિક્ષણ)

- પાણીની ઉષ્ણતાની જેમ આત્મામાં [કર્મ] એટલે સંયોગ છે કે તે પર્યાયમાં કર્મોદયની સન્નિધિમાં રાગાદિ વિકારરૂપ પરિણમન કરે. આ જ સંયોગને અનિયત ધર્મ અને તેને જાણવાવાળા જ્ઞાનને અનિયત નય કહે છે.
- એકમાત્ર પરમપારિણામિક ભાવ જ આત્માનો નિયતસ્વભાવ છે તથા ઔપશમિક આદિ ચાર ભાવ અનિયત સ્વભાવરૂપ સંયોગાધીન થાય છે કારણ કે એવા સદા એક જેવા રહેતા નથી.
- પર્યાય સ્વભાવને અનિયત કહેવાનો આશય પર્યાયની પરિવર્તનશીલતાથી છે, તેના ક્રમની અનિશ્ચિતતાથી નહિ.

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- ભગવાન આત્મામાં ઉત્પન્ન થતા મોહ-રાગ-દ્વેષ તથા મનુષ્યાદિ ઔદયિક ભાવ, મતિજ્ઞાન આદિ ક્ષાયોપશમિક ભાવ, કેવળજ્ઞાનાદિ ક્ષાયિક ભાવ સદા નહિ રહેતા [અથવા] સદા એક જેવા નહિ રહેતા - આ બધું ભગવાન આત્માના અનિયત સ્વભાવને કારણે જ થાય છે.
- અનિયત ધર્મને કારણે ભગવાન આત્મા જડરૂપ ન થતા થકાં પણ વિવિધ અવસ્થાઓમાં નિરંતર બદલતો રહે છે.

# (27) અનિયતનય : દાર્શનિક

## (1) જોડકાં જોડો :-

| | |
|---|---|
| 1. નિયતિધર્મ | (A). પર્યાયસ્વભાવ |
| 2. અનિયતિધર્મ | (B). દ્રવ્યસ્વભાવ |
| 3. નિયતસ્વભાવ | (A). નિરંતર પરિવર્તનશીલ |
| 4. અનિયતસ્વભાવ | (B). અપરિવર્તનશીલ |
| 5. નિયતસ્વભાવ | (A). પાણીની શીતળતા |
| 6. અનિયતસ્વભાવ | (B). અગ્નિની ઉષ્ણતા |
| 7. નિયતસ્વભાવ | (A). કર્મના નિમિત્તે આત્મામાં થતા વિકારી ભાવો |
| 8. અનિયતસ્વભાવ | (B). આત્માનો જ્ઞાન-દર્શન-આનંદાદિ સ્વભાવ |
| 9. નિયતિધર્મ | (A). ઔપશમિકાદિ ચાર પર્યાયભાવો |
| 10. અનિયતિધર્મ | (B). પારિણામિકભાવ |

## (2) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. ઠંડાપણું હોવું તે પાણીનો સ્વભાવ છે.
2. ઉષ્ણ હોવું તે પાણીનો સ્વભાવ નથી.
3. અગ્નિની સમીપતામાં ઉષ્ણ થવું તે પણ પાણીનો સ્વભાવ નથી.
4. અગ્નિની સમીપતામાં ઉષ્ણ થવું તે પાણીનો નિયતિધર્મ છે.
5. અનિયત એટલે કાયમ નહિ રહેનારું.
6. પોતાની પર્યાયમાં કર્મોદયની સન્નિધિમાં રાગાદિ વિકારરૂપ પરિણમન કરવાની આત્માની યોગ્યતાને અનિયતિધર્મ કહેવાય છે.
7. અનિયતિધર્મ જીવનો દ્રવ્યસ્વભાવ છે, તેથી વિકાર પણ જીવનો [દ્રવ્ય]સ્વભાવ છે.
8. રાગાદિ વિકાર સર્વથા ત્યાજ્ય હોવાથી તે આત્માનો [દ્રવ્ય] સ્વભાવ નથી.
9. 'કર્મ આવે છે અને જીવનો વિકાર આવ્યો છે' – એ કથન સર્વથા મિથ્યા છે.
10. ઉપરોક્ત કથન દ્રષ્ટિપ્રધાન શૈલીનું છે અને અનિયતિધર્મની વ્યાખ્યા સાથે સુસંગત છે.
11. દ્રવ્યદ્રષ્ટિ કરીને શુદ્ધરૂપે અને નિમિત્તનો સંગ કરીને અશુદ્ધરૂપે પરિણમવું – આ બન્ને સ્વભાવો આત્મામાં છે.
12. કર્મના કારકથી નિરપેક્ષપણે વિકાર પોતાના ષટ્કારકથી પરિણમે છે તેવા આત્માના અનિયતિધર્મને અનિયતિનય જાણે છે.
13. આત્માના પર્યાયરૂપ અંશમાં વિકારરૂપ ક્રિયા થાય છે – તે તેનો અનિયતિધર્મ છે.
14. પર્યાયસ્વભાવને અનિયત કહેવાનો આશય તેના કર્મની અનિશ્ચિતતાથી છે, તેની પરિવર્તનશીલતાથી નહિ.
15. આ બન્ને સ્વભાવોનું જ્ઞાન કરીને પણ આપણે અંદર નિયતસ્વભાવમાં જ જવાનું છે.

(2)- 1. અનિયતસ્વભાવને કારણે આત્મામાં મનુષ્યાદિ ઔદયિકભાવ સદા રહેતા નથી.
2. અનિયતસ્વભાવને કારણે આત્મામાં કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવ સદા એક સરખા રહેતા નથી.
3. અનિયતસ્વભાવને કારણે આત્મા જડરૂપ ન થતા હોવા છતાં પણ વિવિધ પર્યાયોમાં નિરંતર બદલાતો રહે છે.

# (૨૮) સ્વભાવનય

વ્યાખ્યા:- આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે), જેની કોઈથી અણી કાઢવામાં આવતી નથી (પરંતુ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક.

સારાંશ:- • તીક્ષ્ણ કાંટો. આ બોરડીના કાંટા આવે છે ને? તેની અણી કોણે ઘડીને આપી? એને અણી (પૃ.નં.૨૬૪) [કરવાની] જરૂર પડતી નથી. એ અણી [કોઈએ] કરી છે તો કોણ છે એમ નહિ, એ તો એનો સ્વભાવ જ છે કે એને બીજા અણી કરવી પડતી નથી. જેમ તીક્ષ્ણ અણીવાળો કાંટો સ્વત: છે એમ એનો તીક્ષ્ણ સ્વભાવ સ્વત: પ્રકાર હોય છે, એને કોઈ સંસ્કારની જરૂર નહિ.

→ • એમ સ્વત: સહજ પરમાત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે શુદ્ધપણે પરિણમે છે [ત્યારે] એના પરિણમનને બહારના સંસ્કાર નિરર્થક થાય છે. એનો સ્વભાવ જ એવો પ્રકાર હોય છે ત્યાં સંસ્કાર શું કરે? એમ કહેવાય છે ને કે ભાઈ! પૂર્વના કોઈ સંસ્કાર હતા તો અહીં જન્મમાં આવ્યું, પરંતુ અહીં કહે છે કે આ સ્વભાવનયે એ વાત સાચી નથી. એને ત્યાં સંસ્કાર નિરર્થક અને નિરુપયોગી થઈ પડે છે.

• પરંતુ બીજો નય [અસ્વભાવ]નય છે જે કહે છે કે સંસ્કાર કરે [તે ઉપયોગી છે]; આવા બે પરસ્પર વિરુદ્ધ જણાતા સ્વભાવ છે.

• જેવું સત્ય દ્રવ્ય છે તેવું જ જ્ઞાન હોય તો તે જ્ઞાનને સમ્યક્ કહેવાય. તો એ જ્ઞાનસામ્ય, શબ્દસામ્ય અને અર્થસામ્ય [સરખા] (એક હોય). તેવું એની પ્રરૂપણામાં આવે.

(ગુરુદેવશ્રી)

• આત્માના નિજાત્મ સ્વભાવમાં [એક] એવી રચના છે કે જેને સંસ્કારો અર્થાત્ પુરુષો દ્વારા બદલાવી શકાતો નથી અથવા કે તે સંસ્કારોને નિરર્થક કરે છે. આ રચનાને સ્વભાવધર્મ અને તેને જાણનારા જ્ઞાનને સ્વભાવનય કહેવાય છે.

• કોઈ પણ વસ્તુનો મૂળ સ્વભાવ બદલાવી શકાતો નથી. ચેતન કદી જડ અને જડ કદી ચેતન થઈ શકતું નથી. ભાવ કદી અભાવ અને અભાવ કદી ભાવ હોતો નથી.

• કોઈ દ્રવ્ય પર કોઈ અન્ય દ્રવ્યનો પ્રભાવ પડવાની વાત તો દૂર રહી, દ્રવ્યનો મૂળ સ્વભાવ પોતાની જ શક્તિ તથા નિજ પર્યાયોથી પ્રભાવિત હોતો નથી – આ જ સ્વભાવની રચના છે.

(પરમાગમસાર ગ્રંથ)

• આત્માના નિજાત્મસ્વભાવને સંસ્કારો દ્વારા બદલવાનો સંભવ નથી.

• તીક્ષ્ણ કાંટાની માફક આત્માનો મૂળ સ્વભાવ અસંસ્કારિત, અકૃત્રિમ છે, કોઈથી બનાવેલો નથી, તેથી સંસ્કારોને નિરર્થક કરનારો કહેવાય છે [– આ સ્વભાવનયનું કથન છે].

• કરોડો વર્ષ તપ કરવા છતાં પણ અભવ્ય ભવ્ય થતો નથી, અનંતનિગોદિયાદિનું સેવન કરતા રહેવા છતાં પણ ભવ્ય અભવ્ય થતો નથી કારણ કે સ્વભાવનયે સારા-ખોટા સંસ્કારોને આ આત્મા નિરર્થક કરનારો છે.

# (૨૮) સ્વભાવનય - ઉપવિચારી

## (૧) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1- આત્માનો ત્રિકાળી સ્વભાવ તો સ્વતઃ જ શુદ્ધ છે પરંતુ તેની પર્યાયમાં પ્રગટની શુદ્ધિના બાહ્ય સંસ્કારો [= પ્રયત્નો] વડે થાય છે, એમ અહીં કહ્યું છે.

2. જેમ બોરડીના કાંટા સ્વભાવથી જ સ્વતઃ તીખાં અણીવાળા છે અને તે તીખાં અણીવાળો સ્વભાવ કોઈ પણ સંસ્કાર વિના સ્વતઃ જ પ્રગટ થાય છે, તેમ આત્માનો ત્રિકાળી સ્વભાવ તો સ્વતઃ જ શુદ્ધ છે અને તે સ્વભાવ કોઈ પણ સંસ્કાર વિના સ્વતઃ જ પર્યાયમાં પ્રગટ થાય છે.

3. આત્માના ત્રિકાળી સ્વભાવમાં એવી એક યોગ્યતા પણ છે કે જેને સંસ્કારો અર્થાત્ પ્રયત્નો દ્વારા બદલાવી શકાતી નથી એટલે કે તે સંસ્કારોને નિરર્થક કરે છે. આ યોગ્યતાને સ્વભાવધર્મ કહેવાય છે.

4. સ્વભાવધર્મની ઉપરોક્ત વ્યાખ્યા અનુસાર ઘણાં વિશેષણનું સેવન કરવા છતાં લાલ ફરી આમળા થતાં નથી, કોઈ વર્ષ સુધી તપ કરવા છતાં આમળા લાલ કરી લાલ થતાં નથી.

5- કોઈ દ્રવ્ય ઉપર બીજા દ્રવ્યનો પ્રભાવ ભલે ન પડતો હોય પરંતુ કોઈપણ દ્રવ્યની પોતાની જ પર્યાયનો [=સંસ્કારોનો] પ્રભાવ તેના ઉપર જરૂર પડે છે.

6- આત્માના શુદ્ધ સ્વભાવની પ્રગટતા માટે ભલે સારા સંસ્કારો નિરર્થક હોય પરંતુ ખરાબ સંસ્કારો વડે તે સ્વભાવ અશુદ્ધ થઈ શકે છે.

7. આત્માના નિજસ્વભાવને સારા અથવા ખોટા સંસ્કારો વડે બદલાવી શકાતો નથી.

8. આત્માનો મૂળ સ્વભાવ અસંસ્કારિત અને અકૃત્રિમ છે તેથી તે સંસ્કારોને નિરર્થક કરનારો છે એમ કહેવામાં આવ્યું છે.

9- મને પૂર્વ જન્મના સંસ્કારો કરતાં પૂ. ગુરુદેવશ્રીનો ઉપદેશ સાંભળવામાં વધારે રસ છે.

# (29) અસ્વભાવનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે (અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે), જેને (સ્વભાવથી અણી હોતી નથી પરંતુ સંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવેલ હોય છે એવા તીક્ષ્ણ તીરની માફક.'

સારાંશ: • તેના પર્યાયમાં એવો પણ ધર્મ છે કે દેવ, ગુરુ અને શાસ્ત્રના સાંભળવા આદિનો
(પૃ.નં.294) સંસ્કાર પડે - અણી કાઢવામાં આવેલ હોય એવા તીક્ષ્ણ તીરની માફક.

- એ નિમિત્ત છે અને તેના સંસ્કાર પડ્યા એ નિમિત્તથી નહિ પડ્યા પરંતુ આનો સંસ્કાર [યોગ્યતા] ધર્મ છે [માટે પડ્યા છે].
- એવો પણ ધર્મ આત્માનો રાખ્યો છે કે સાંભળતાં અંદર આત્મામાં સંસ્કાર પડે છે કે આ શુદ્ધ છે, પવિત્ર છે, ધ્રુવ સ્વભાવ પરિપૂર્ણ છે - એવા સંસ્કાર પડે છે.
- જે રીતે સ્વભાવ[નય] સંસ્કારને નિરર્થક કરનારું છે તે જ રીતે [અસ્વભાવનય] સંસ્કારને સાર્થક કરનારું છે.
- જિજ્ઞાસા: આમાં શું કરવું? પૂ.ગુરુદેવશ્રી: કરવું આ - જેમ છે તેમ પહેલાં સમજવું અને જેમ છે તેમ અંદર માનવું અને જેમ છે તેમાં ઠરવું.
- જેવું દ્રવ્ય, ગુણ અને પર્યાયનું સ્વરૂપ છે તેવું જાણવું, માનવું અને એમાં ઠરવું એનું નામ સત્ય ધર્મ છે. સત્ય જાણ્યું એનો પણ સત્યપણાની ક્રિયાનો રાગ છે.

(ગુરુકહાન)

- આત્માના પર્યાયસ્વભાવની [ધર્મ] એવી શક્તિ છે કે જેને સંસ્કારિત કરી શકાય છે અર્થાત્ જે પર્યાય ફેરવાની છે તેને અનુકૂળ પ્રકાર પણ કરવામાં આવે છે - આ શક્તિને અસ્વભાવધર્મ અને તેને જાણવાવાળા જ્ઞાનને અસ્વભાવનય કહે છે.
- મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ જીવને નિર્ણય થઈ શકે છે - તે આ અસ્વભાવધર્મનું જ સ્વરૂપ છે.
- અસ્વભાવધર્મ શક્તિરૂપ હોવાથી સ્વભાવરૂપ જ છે, તેમ છતાં ત્રિકાળી સ્વભાવથી ભિન્ન બતાવવા તેને અસ્વભાવધર્મ કહેવામાં આવ્યો છે અર્થાત્ તે અસ્વભાવ નામનો સ્વભાવ છે.
- પર્યાયને સંસ્કારિત કરી શકાય છે એનો અર્થ એમ નથી કે તેમનામાં પરિવર્તન કરી શકાય છે. પર્યાયો તો પોતાના સુનિશ્ચિત ક્રમમાં જ થાય છે [એનો] જે પર્યાય જ્યારે થાય છે ત્યારે તેને અનુરૂપ બાહ્ય પ્રયત્ન પણ હોય છે જેને સંસ્કાર કહી શકાય છે.

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- આત્માના અનિયતસ્વભાવને સંસ્કારિત કરી શકાય છે.
- લુહાર વડે જેની અણી કાઢવામાં આવેલ હોય એવા તીક્ષ્ણ તીરની માફક આત્માના પર્યાયસ્વભાવને સંસ્કારિત કરી શકાય છે. [- એ અસ્વભાવનયનું કથન છે].
- મિથ્યાદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ થઈ શકે છે; સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ પણ થઈ શકે છે કારણ કે અસ્વભાવનયે આત્માના પર્યાયસ્વભાવને - અનિયતસ્વભાવને સંસ્કારિત કરી શકાય છે.

પૂ.ગુરુદેવશ્રી "અસ્વભાવનયથી જોતાં આત્માની અવસ્થામાં પ્રતિસમય - પ્રતિક્ષણ નવા સંસ્કાર પડે છે.
તાત્પર્ય એ છે કે પર્યાયમાં પુરુષાર્થ દ્વારા [illegible] સંસ્કારોને બદલીને સારા સંસ્કાર

નાખી શકાય છે.

- જેમ કે કુવા ઉપર કુવાને રિસ્ટ્રિક્શન કરી શકે છે એવી જ રીતે જમીનો કહેવામાં આવ્યું હતું. જમીનો તો જમીન કહેવાઈ રહ્યું છે કે પાણીના રિચાર્જ અને કુદરતી પ્રમાણ જોખમના કુદરતમાંથી (ભૂગર્ભમાંથી) પર પડતો નથી પરંતુ પરાણે ભૂગર્ભ પર જરૂર પડે છે.
- ઉદાહરણમાં કહ્યું છે કે બુરાન પણ તેઝની જમીન કરવામાં આવે છે પરંતુ ત્રિકોણની તો રીતસરકારી નાખવાના જમીનના પાણી જ પોતાના જુદાર છે. ત્યારે એવું કે નાખવાના જમીનના પાણી જ પાણીમાં રિચાર્જ નાખવામાં આવે છે, તેથી જમીન જમીનની પરિણામે ઉપયોગમાં નહિ. આ પ્રકારના વિજ્ઞાનપૂર્વક સમજાવ્યું હોય તો આ જમીનના પાણીમાં સ્થાનિક રિચાર્જ નાખી શકે છે. જો જમીનના સ્થાન થઈ જાય તો જમીન નીચેના પાણ જેમ કુવામાં નહિ થઈ જાય છે અને કૂવાનો જથ્થો રિચાર્જ પૂરાક કરાય છે. એમ કહેવામાં આવ્યું છે કે જમીનના રિચાર્જને રોકી શકાતા નથી."

- [સ્થાનિકોને અધિકારીઓ અને અરજદારોને રિચાર્જ નહીં શકાય છે.]

# (૨૯) અસ્વભાવનય : દાર્શનિક

## ① જોડકાં જોડો :-

| | |
|---|---|
| 1. સ્વભાવનય | (A). લુહાર વડે અગ્નિ તપાવવામાં આવેલું તીક્ષ્ણ તીર |
| 2. અસ્વભાવનય | (B). સ્વભાવથી જ તીક્ષ્ણ અણીવાળો કાંટો |
| 3. સ્વભાવદર્શી | (A). સંસ્કાર સાર્થક છે અર્થાત્ અનિયત પર્યાય સ્વભાવ બદલાવી શકાય છે. |
| 4. અસ્વભાવદર્શી | (B). સંસ્કાર નિરર્થક છે અર્થાત્ નિયત દ્રવ્યસ્વભાવ બદલી શકાતો નથી. |
| 5. સ્વભાવદર્શી | (A). હું પુરુષાર્થ વડે ઉત્તમ સંસ્કારોને પચાવીને સાચા સંસ્કાર નાખી શકું છું. |
| 6. અસ્વભાવદર્શી | (B). હું નિત્ય છું અને કદી અનિત્ય થવાનો નથી. |
| 7. સ્વભાવનયને | (A). સંસ્કારનય કહી શકાય છે. |
| 8. અસ્વભાવનયને | (B). અસંસ્કારનય કહી શકાય છે. |

## ② સાચું કે ખોટું (T/F) જણાવો :-

1- 'અસ્વભાવ'નય એમ નામ જણાય છે કે આત્માના સ્વભાવમાં એવો કોઈ નય નથી.
2. 'અસ્વભાવદર્શી' આત્માના પર્યાયસ્વભાવમાં છે અર્થાત્ અસ્વભાવ નામનો સ્વભાવ આત્મામાં છે.
3. જેમ લુહાર વડે તીરની તીક્ષ્ણ અણી કરી શકાય છે તેમ જીવને સંસ્કારિત કરી શકાય છે એવા આત્માના પર્યાયસ્વભાવની ઓળખાણ અસ્વભાવદર્શી કરાય છે.
4- આત્મદ્રવ્ય જે સમયે સ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે તે જ સમયે અસ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે.
5- સત્ય જાણવું એ સત્યદર્શી છે.
6. જેવું દ્રવ્ય, ગુણ, પર્યાયનું સત્યસ્વરૂપ છે તેવું જાણવું, માનવું અને તેમાં ઠરવું તે સત્યદર્શી છે.
7. સત્ય જાણવું એ પંચમહાવ્રતની ક્રિયાનો રાગ છે.
8- આત્માના નિયત સ્વભાવને [અસ્વભાવનયે] સંસ્કારિત કરી શકાય છે.
9- આત્માના અનિયતસ્વભાવને [સ્વભાવનયે] સંસ્કારિત કરી શકાય છે.
10- પર્યાયોને સંસ્કારિત કરી શકાય છે તેથી તેમનામાં પરિવર્તન કરી શકાય છે.
11. જો પર્યાય બદલી શકાય છે ત્યારે તેને અનુરૂપ બાહ્ય પ્રયત્ન [-સંસ્કાર] પણ હોય જ છે.
12. અસ્વભાવનયે આત્માની અવસ્થામાં નિમિત્તરૂપ નવા સંસ્કાર પડે છે તેમાં પુરુષાર્થ વડે ઉત્તમ સંસ્કારોને પચાવીને સાચા સંસ્કાર નાખી શકાય છે.
13. સ્વરૂપના સત્કાર્યોનો અથવા દુષ્કાર્યોનો પ્રભાવ આત્માના પર્યાયસ્વભાવ ઉપર જરૂર પડે છે.
14. શ્રીમદ્ગુરુજી આત્મા સ્વયં જ પોતાનો સુધાર કે બગાડ કે સ્વયં જ સ્વયંમાં સંસ્કાર નાખવાવાળો છે.
15. આ નયની સાથે સમજવાથી હું સ્વભાવરૂપ થવાને માટે ભેદજ્ઞાનના સબળ સંસ્કાર નાખી શકું છું.

# (30) નિશ્ચય : વ્યવહાર

## (૧) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. 'નિશ્ચય' એટલે 'સ્વાશ્રય' અને 'વ્યવહાર' એટલે 'સ્વ પર પરના' - એવા અર્થ અહીં થાય છે.
2. એક જ નયે 'નિશ્ચય' તેમજ 'વ્યવહાર' - બંને ભેગા યુગપદ ન થઈ શકે.
3. 'નિશ્ચય' એટલે 'નિશ્ચયસ્વરૂપ નિમિત્ત' અને 'વ્યવહાર' અર્થાત્ 'નિશ્ચયસિદ્ધ સિવાય પુરુષાર્થ આદિ અન્ય નિમિત્ત' - એવો અર્થ અહીં અભિપ્રેત છે.
4. નિશ્ચયના હિસાબે નિજ [સ્વભાવ]ની મુખ્યતા હોય છે અને વ્યવહારના હિસાબે પુરુષાર્થ આદિ અન્ય નિમિત્તો [સ્વભાવો]ની મુખ્યતા હોય છે.
5. 'જેની સિદ્ધિ સ્વગુણ પર આધાર રાખે છે' અર્થાત્ જેની સિદ્ધિનું ધ્યેય સ્વગુણની મુખ્યતાએ કહેવામાં આવે છે.
6. વ્યવહાર આત્મામાં નિજની સિદ્ધિ સ્વગુણ પર આધારિત હોય અર્થાત્ સ્વગુણની મુખ્યતા હોય - એવી સ્થિતિને નિશ્ચય અને તેને જાણનારા જ્ઞાનીને નિશ્ચય કહેવામાં આવે છે.
7. પૂર્ણ આત્મામાં નિશ્ચય અને વ્યવહાર બંને એક સાથે જ હોય છે [નિશ્ચય કે પાંચેય સમવાય એક સાથે જ હોય છે].
8. નિશ્ચય અને વ્યવહાર એ બંનેનું નિરૂપણ એક સાથે જ થાય છે.
9. 'ઉપાદાનના હિસાબ અનુસાર પાત્રતા અનુસાર' - અર્થાત્ તેનો નિજ જ અવતાર છે કે તે વખતે જેવી પાત્રતા [એટલે કે તેની નિશ્ચયસિદ્ધ અનુસાર પાત્ર].
10. 'ઉપાદાનના હિસાબ અનુસાર પાત્રતા અનુસાર' - અર્થાત્ તે વિશે કોઈ નિમિત્તની જરૂર નથી.

# (૩૦) નિયતિનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય નિયતિનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે, ઉનાળાના નિયમ અનુસાર પાકતા આમ્રફળની માફક. (નિયતિ આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના નિયમ અનુસાર પાકતી કેરીની માફક.)'

સારાંશ:- • 'ઉનાળાના નિયમ અનુસાર પાકતા આમ્રફળ..' [અહીં] તેનો નિયત જ આપ્યો છે (પૃ.નં.૨૯૫) કે તે વખતે કેરી પાકે. નિયમ અનુસાર (અવસરે) નિયત અનુસાર અવસરે થાય નિમિત્તથી નહિ.

• જે સમયે મુક્તિ થવાની છે તે નિયતનય છે, તે નિયતિસિદ્ધ છે. એમ નિયતિએ [જ્યારે] મુક્તિનો સમય આવે ત્યારે મુક્તિ થાય.

(ગુરુદેવ)

• ભગવાન આત્માનાં કાર્યની સિદ્ધિ સમય પર આધારિત હોય અર્થાત્ સમયની મુખ્યતાથી હોય- એવા સ્વભાવને નિયતિ અને તેને બતાવનાર જ્ઞાનને નિયતનય કહે છે.

(પરમાગમસાર વચનામૃત)

• હવે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે અનેકાન્તાત્મક ધર્મોના કારણે સંસ્કારને સ્વીકાર કરનાર આ આત્માની સિદ્ધિ કેવા પ્રકારે થાય છે? આ પ્રશ્નનો ઉત્તર હવે નિયત-અનિયત તેમજ પુરુષાર્થ-દૈવનયના માધ્યમથી આપવામાં આવી રહ્યો છે.

• જેટલા પણ જીવોની મુક્તિ આજ સુધી થઈ છે અને ભવિષ્યમાં થશે તે બધાની મુક્તિ આત્માશ્રિત પુરુષાર્થપૂર્વક સ્વકાળમાં જ થઈ છે અને થશે પણ પુરુષાર્થપૂર્વક સ્વકાળમાં જ.

• નિયતિ અને અનિયતિ પ્રત્યેક આત્મામાં પ્રતિસમય વિદ્યમાન છે અને એનું કાર્ય પણ એકસાથે જ થાય છે. આથી મુક્તિરૂપ કાર્યમાં નિયતનય અને અનિયતનય બંને એક જ આત્મામાં એકસાથે ઘટિત થાય છે.

• 'નિયત અવસરે સમય પર અને અનિયત અવસરે સમય કરી પહોંચી' - અહીં નિયત અને અનિયતનો આ અર્થ અપેક્ષિત નથી, પરંતુ નિયત અવસરે નિયતિસિદ્ધરૂપ કાર્ય અને અનિયત અવસરે નિયતિસિદ્ધ સિવાય અન્ય પુરુષાર્થાદિ કારણ- આ અર્થ અભિપ્રેત છે. જ્યારે નિયતનયથી કથન કરવામાં આવશે ત્યારે નિયતની મુખ્યતાથી અને અનિયતનયથી કથન કરવામાં આવશે ત્યારે અનિયત અર્થાત્ પુરુષાર્થાદિ અન્ય કારણોની મુખ્યતાથી કથન કરવામાં આવશે.

# (39) અકાળનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.

સારાંશ: • હવે નિયતિની સાથે અકાળનય લીધો. તે જ સમયે થાય, બીજા [માત્ર] સમયનો
(પૃ.નં.294) [જ] આધાર નથી, બીજા સ્વભાવ-પુરુષાર્થ આદિ છે એ અકાળનય છે. અકાળનો અર્થ કાળ સિવાયના સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્યતા વગેરે સાથે હોય છે તેને અકાળનય કહેવામાં આવે છે. છે તો તે જ કાળે મુક્તિ પરંતુ તે જ કાળે અ-કાળ નામ કહેવામાં આવે છે. સ્વભાવ અને પુરુષાર્થ ભેગા છે માટે અકાળ કહેવામાં આવે છે.

• અકાળનો અર્થ એવો નથી કે એનો સમય આવ્યા પહેલાં થાય. ફેરફાર થાય એમ નથી. કાળનો ફેરફાર થાય એમ નથી.

• કેરીને પકવે છે તો? એમ લાગે એને ઘાસમાં છે કે સ્વભાવ અને પુરુષાર્થથી પણ થાય, એકલા કાળથી થાય એમ નહિ. કાળ તો તે જ સમય છે પરંતુ એકલા કાળના સમયનો આધાર એને નથી.

(પૃ.નં.299) • 'રાજવાર્તિક'માં 'कालं अनियमात्' - એવો પાઠ છે. મોક્ષને માટે કાળનો કોઈ નિયમ નથી. એનો અર્થ એ નથી કે એમ કહે છે કે જુઓ! ગમે તે આવે અવસરે કાળે મોક્ષ થાય. એનો અર્થ એમ નથી. કાળ તો જે સમયે (છે તે જ છે), પરંતુ જે આત્મા ભવ્ય છે એમાં દરેક ભવ્યનો કાળ એક જ હોય એવું નથી. એનો કાળ ભિન્ન ભિન્ન હોય છે. [દરેક ભવ્ય જીવને] જે જેટલા ભવ્ય જીવો એક જ કાળે મોક્ષ જાય એમ નથી. સમયે મોક્ષ જવાનો કાળ છે તે જ સમય છે ને.

• નિયતના કાળમાં [કાળનય] નિયતિ નામ કાળ પણ છે, અંદર સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ છે, સ્વભાવ પણ ભેગો સાથે છે અને ભવિતવ્યતા - તે સમયે જ ભાવ થવાનો તે ભવિતવ્યતા પણ છે. [અને નિમિત્તની હાજરી] પણ હોય છે. આમ પાંચેય સમવાય સાથે હોય છે.]

(ગુરુદેવ)
• ભગવાન આત્મામાં કાળની સિદ્ધિ કાળ સિવાય બીજા સમવાયોની મુખ્યતાથી છે - એવો જાણનારને અકાળનયથી જુએ તેને જાણનાર જ્ઞાનને અકાળનય કહે છે.

• અકાળનો આશય કાળ સમય પહેલાં થઈ જાય એમ નથી. આમાંથી આખા દુનિયામાં ને કાળ થવાનો કોઈ સમય નિશ્ચિત કરી રાખ્યો હોય ને આમાંથી આખી કરી દીધાં હોય કે આ કાળ સમય પહેલાં કે પાછળ થયું. [કાળનો સ્વભાવ- તેના થવાના કાળે જ થાય છે.]

(પરમાગમસાર નંબર)

• જુઓ: કાળનય. (નય નં. 30)

# (૩૧) અનેકાંતવાદ: દિગ્દર્શન

## (૧) જોડકાં જોડો:-

| | |
|---|---|
| 1. એકાંતદૃષ્ટિ | (A). [દૃષ્ટાંત:] ત્રિકાળ સાધ્વી પતિવ્રતામાં સીતાનું ઉદાહરણ |
| 2. અનેકાંતદૃષ્ટિ | (B). [દૃષ્ટાંત:] ભગવાનના વિચાર અનુસાર પાત્રનું ઉદાહરણ |
| 3. એકાંતદૃષ્ટિ | (A). કોઈ પણ વસ્તુ એકબીજા વિરોધના અનેક ધર્મ સમવાયોની મુખ્યતાથી સ્વીકૃત હોય છે. |
| 4. અનેકાંતદૃષ્ટિ | (B). કોઈ પણ વસ્તુ એકબીજાની મુખ્યતાથી તેના સ્વીકૃત હોય છે. |
| 5. એકાંતવાદ | (A). એકબીજાની મુખ્યતાથી કથન |
| 6. અનેકાંતવાદ | (B). એકબીજા વિરોધના સર્વ અનેક સમવાયોની મુખ્યતાથી કથન. |

## (૨) સાચું કે ખોટું (T/F) જણાવો:-

1. અનેકાંતવાદ એકાન્તિક મુક્ત તેના નિર્ધારિત સમયની પદ્ધતિ હોય છે.
2. અહીં 'અનેકાંત' શબ્દનો અર્થ સ્વભાવ, પુરુષાર્થ, ભાગ્ય તથા નિયતિ (એકબીજા વિરોધના અનેક સમવાયો) હોય છે.
3. 'સમય પર આધારિત નથી' અનેકાંત સ્વીકૃત હતી નથી.
4. 'સમય પર આધારિત નથી' અનેકાંત જેમાં એકની મુખ્યતા નથી.
5. 'શબ્દાર્થ'ના એક 'ભાગ્ય ઉપનિષદ'નો અર્થ દરેક સમય જાણવો સાચો આપણો એક અનિયત-અનિશ્ચિત અંતરે કે અલગ અલગ હોય છે અંતરે કે બધા સમય જાણે અર્થ જ એક સાચો જાય એવું નથી.
6. 'ભગવાન આત્મામાં વિરોધી વિરોધ એક વિચાર અનેક સમવાયોની પ્રધાનતા હો' - આવા સોરઠાને અનેકાંતદૃષ્ટિ અને તેને જાણનારા સાધકને અનેકાંતવાદ કહેવાય છે.
7. કોઈ પણ વસ્તુ હજાનો જે સાચું આપણે આપણી સ્થાનમાં નિર્ધારિત કરી રાખતાં હોય તો સમય અનુસાર જો તે વસ્તુ ન હોય તો આપણે તે વસ્તુ 'અનેકાંત' હતું એમ કહી દેવું જોઈએ [કે જે બરાબર નથી].

# (32) પુરુષાકારનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય પુરુષાકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું છે, જેને પુરુષાકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે (-ઊગે છે) એવા પુરુષાકારવાદીની માફક. (પુરુષાર્થવાદીને આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ.)'

સારાંશ:-
- પુરુષાકારનયે [અશુદ્ધ] પુરુષાર્થની દૃષ્ટિ છે.

(પ્ર.નં.૨૬૬)
- અંતર આત્મદ્રવ્યરૂપ ભગવાન આત્મા તેની દૃષ્ટિ અને અનુભવ પુરુષાર્થથી થાય છે અને પુરુષાર્થથી તેની મુક્તિ થાય છે.
- જેની મુક્તિ કરવી છે એ ચીજ છે તેને જાણ્યું, માન્યું અને ઠર્યું - એ એનો ઉપાય છે.
- [આત્માના આશ્રયે] જે ભાવ જે સમયે થવાનો તે જ [સમયે થવાનો] છે પરંતુ તેના પુરુષાર્થથી ભાવ ખરે છે આત્માના આશ્રયે ભાવ થાય પરંતુ તે ભાવ પણ પુરુષાર્થથી થાય છે [માટે યત્નસાધ્ય છે]. એ ભાવલિંગ વખતે પુરુષાર્થ હોય છે.
- અંતરમાં સ્વભાવનો પુરુષાર્થ કરીને અનંતગુણના પિંડ ચૈતન્યમૂર્તિ ભગવાનમાં તે અંદર જાય છે. આત્મદ્રવ્ય એવું પુરુષાર્થસાધ્ય છે, જેમ લીંબુનું ઝાડ પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે તેમ.

(ગુરુચિંતન)
- ભગવાન આત્માની મુક્તિ યત્નસાધ્ય છે કે અયત્નસાધ્ય? આ પ્રશ્નનો ઉત્તર દેવા બે નયો દ્વારા આપવામાં આવ્યો છે.
- ભગવાન આત્મામાં અંતર્મુખ પુરુષાર્થ દ્વારા મુક્તિ પ્રાપ્ત કરવાની યોગ્યતાને પુરુષાકાર ધર્મ કહેવાય છે અને તેને જાણનારા જ્ઞાનને પુરુષાકારનય કહેવાય છે.
- કોઈક જીવના પુરુષાર્થથી ફળપ્રાપ્ત થાય છે એમ કહેવું તે પુરુષાકારનયનું કથન છે.

(પરમભાવપ્રકાશ નયચક્ર)
- આ રીતે નિયતિનય-અનિયતિનય, સ્વભાવનય-અસ્વભાવનય, કાળનય-અકાળનય તેમજ પુરુષાકારનય-દૈવનય - આ આઠ નયોના માધ્યમથી આ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે મુક્તિરૂપ કાર્યની સિદ્ધિમાં આ આઠેય ધર્મોનું સમાન યોગદાન છે.
પ્રવચનસારની ટીકાઓમાં પાંચ સમવાયોની ઉપયોગિતાનું જ આ વિશદ વ્યાખ્યાન છે કારણ કે ઉક્ત આઠ નયોમાં પ્રકારાન્તરથી સ્વભાવ, કાળ, નિયતિ, પુરુષાર્થ અને નિમિત્ત-આ પાંચેય સમવાયો સમાહિત થઈ જાય છે.
- ઉલ્લેખનીય આ છે કે જ્યારે પરમપારિણામિકભાવરૂપ નિજસ્વભાવના આશ્રયે આ ભગવાન આત્મા પોતાના પર્યાયરૂપ અનિત્યસ્વભાવને [પોતાના પુરુષાર્થથી] સંસ્કારિત કરે છે ત્યારે સ્વકાળમાં કર્મોનો અભાવ થઈને મુક્તિની પ્રાપ્તિ થાય છે. આમાં જ ઉક્ત આઠ ધર્મ અથવા આઠ નય તેમજ પાંચ સમવાય સમાહિત થઈ જાય છે.

# (32) પુરુષકારનય: દર્શાવ્યાં

## (9) સાચું કે ખોટું (T/F) જણાવો:-

1- આત્માનો મોક્ષ જે કાળે થવાનો છે તે કાળે જ થવાનો છે માટે તેના પુરુષાર્થની કોઈ આવશ્યકતા નથી.

2. 'પુરુષકારનયે' અત્યધિક પુરુષાર્થની દૃષ્ટિએ.

3. આત્માને સમકિત પુરુષાર્થથી થાય છે [એમ પુરુષકારનય કહે છે].

4. સમકિત તેના સ્વકાળે થાય છે પરંતુ તે કાળે પણ પુરુષાર્થથી થાય છે. કાળલબ્ધિ વખતે પુરુષાર્થ પણ સાથે હોય જ છે.

5- બાવળનું ઝાડ તો તેની મેળે જ ઉગે છે. તેના માટે કોઈ ખેડૂતના પુરુષાર્થની જરૂર હોતી નથી - એમ અત્રે કહ્યું છે.

6- આત્માની મુક્તિ યત્નસાધ્ય છે કે અયત્નસાધ્ય છે એ પ્રશ્નનો સચોટ ઉત્તર આ બંને નયો [પુરુષકાર નય દૈવ]ના વર્ણનમાં આવી જાય છે.

7. આત્માની મુક્તિ એક અપેક્ષાએ યત્નસાધ્ય છે એવો સાચો ઉત્તર અત્રે આપવામાં આવ્યો છે.

8. ભગવાન આત્મામાં અંતર્મુખ પુરુષાર્થ દ્વારા મુક્તિ પ્રાપ્ત કરવાની યોગ્યતાને પુરુષકારધર્મ અને તેને જાણનારા જ્ઞાનાંશને પુરુષકારનય કહેવાય છે.

## (૩૩) દૈવનય

પરિશિષ્ટ-૭૭
નય૩૩-૧

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે (-યત્ન વિના થાય છે) એવું છે, પુરુષાર્થવાદીએ દીધેલા લીંબુના ઝાડની માફક જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક.'

ટીકાકારશ્રી:- • [કોઈ વ્યક્તિએ] પુરુષાર્થ દ્વારા લીંબુનું ઝાડ વાવ્યું અને એણે [એ ઝાડ]
(પૃ.નં.૨૪૬) બીજાને આપ્યું. એણે [બીજાએ] કંઈ પુરુષાર્થ કર્યો નહોતો પરંતુ તેના પુણ્યને લીધે એને લીંબુમાંથી માણેક મળ્યું! સિદ્ધાંતમાં એમ કહ્યું હતું. એને માગ્યા વગર માણેક નીકળ્યું. શાસ્ત્રમાં પણ છે.

જ્ઞાનસ્વભાવ: લીંબુમાં માણેક થવું હોય ત્યારે જ આવાને મળ્યું હોય.

- એમ [એણે] પુરુષાર્થ ન કર્યો હોય અને પુરુષાર્થ કરનારે [તેને] લીંબુ દીધું હોય, [પરંતુ] પુરુષાર્થ નહિ કરનારને દૈવની યોગ્યતા હતી તો એ લીંબુ માંથી માણેક નીકળ્યું. લીંબુમાં માણેક!
- એને કાર્ય થવું માટે યત્નસાધ્ય છે, એને કાર્ય થવું અયત્નસાધ્ય છે. બંને પરસ્પર વિરુદ્ધ છે પરંતુ એની યોગ્યતાના બંને ધર્મ છે. કાળે માટે થાય અને એમાંને માટે થાય એ પણ બે [યોગ્યતા] એક સાથે હોય છે. [પરંતુ] કોઈને પુરુષાર્થથી થાય અને કોઈને દૈવથી થાય એમ નહિ. [આ બધે પ્રકારની યોગ્યતા દરેક સમયમાં એક સાથે જ હોય છે.] અનંત ધર્મમાં આ પણ એક યોગ્યતાનો ધર્મ છે.

(ગુરુદેવશ્રી)

- ત્રિકાળના નિમિત્તે મુક્તિરૂપ નૈમિત્તિક વિકૃતિ પરિણમનારી આત્માની યોગ્યતાને દૈવધર્મ અને તેને જાણનારા જ્ઞાનને દૈવનય કહેવાય છે.
- જ્ઞાનાવરણીય વિના પ્રયત્ને કેવળજ્ઞાન થાય છે એમ કહેવું તે દૈવનયનું કથન છે.
- અહીં પુરુષાર્થનય અને દૈવનય જુદા જુદા દૃષ્ટાંતો વડે સમજાવ્યાં છે, પરંતુ સિદ્ધાંતમાં તો એક જ ધર્મ [અનેક વિવક્ષાની દૃષ્ટિ]માં બતાવ્યો [એક સાથે - એક સમયે જ] લાગુ થાય છે.
- કોઈને પુરુષાર્થથી મુક્તિ થાય અને બીજા કોઈને દૈવ (ભાગ્ય)થી થાય - એમ ભિન્ન ભિન્ન આત્માઓની વાત અહીં નથી. પરંતુ આત્માની આ બે ધર્મ એક સાથે રહે છે, એટલે દૈવનયની સાથે અન્ય નયોની સાપેક્ષતાનું જ્ઞાન પણ હોવું જોઈએ.
- જે જીવને સ્વભાવસન્મુખતાનો પુરુષાર્થ હોય છે તેનું ભાગ્ય પણ એવું જ હોય છે કે કર્મ પણ ટળી જાય છે, કર્મને ટાળવા માટે જુદો અલગ પુરુષાર્થ કરવો પડતો નથી.
- વર્તમાન શુભાશુભ ભાવો દ્વારા બંધાયેલા પુણ્ય-પાપ કર્મ આત્માની સંયોગ-વિયોગમાં દૈવ અર્થાત્ ભાગ્ય ગણીને કહેવામાં આવે છે.

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- જુઓ: પુરુષાર્થનય.

# (33) દૈવનય : ઈશ્વરવાદ

## (1) જોડકાં જોડો :-

| | |
|---|---|
| 1. પુરુષકારનયે | (A). માણેકવાળાના દૃષ્ટાંતે નિર્ધારણ થાય છે. |
| 2. દૈવનયે | (B). લીંબુવૃક્ષના પુરુષાર્થના દૃષ્ટાંતે નિર્ધારણ થાય છે. |

## (2) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. દૈવનય સમજવાનું તાત્પર્ય એ છે કે જેમ દૈવવાદીને કંઈ પણ કર્યા વિના માણેકની પ્રાપ્તિ અચાનક જ થઈ ગઈ તેમ મને પણ મોક્ષની પ્રાપ્તિ કંઈ પણ કર્યા વિના અચાનક જ થઈ જશે.
2. મોક્ષની પ્રાપ્તિ અયત્નસાધ્ય છે એમ અહીં કહ્યું છે તેથી મારે મોક્ષ મેળવવા માટે કંઈ પણ પુરુષાર્થ કરવાનો રહેતો નથી.
3. મોક્ષની પ્રાપ્તિ કોઈ પુરુષને યત્ન [પુરુષાર્થ] થી અને કોઈ પુરુષને અયત્ન [દૈવ] થી થાય છે.
4. કર્મક્ષયના નિમિત્તે મુક્તિરૂપ નૈમિત્તિક કાર્યરૂપે પરિણમવાની આત્માની યોગ્યતાને દૈવધર્મ અને તેને જાણવાવાળા જ્ઞાનાંશને દૈવનય કહેવાય છે.
5. સિદ્ધાંતમાં કાર્ય જ કાર્ય [-કેવળજ્ઞાનની પ્રાપ્તિ]માં પુરુષકારનય અને દૈવનય - એ બન્ને નયો એક સાથે એક જ સમયે લાગુ થાય છે.
6. દૈવનયની સાથે અન્ય નયોની વિવક્ષાનું જ્ઞાન પણ આવશ્યક હોવું જરૂરી છે.
7. સ્વભાવસન્મુખતાનો પુરુષાર્થ તો હું કરી રહ્યો છું પણ કર્મને ટાળવા માટેનો પુરુષાર્થ મારાથી થઈ શકતો નથી.
8. વર્તમાનમાં શુભાશુભ ભાવો દ્વારા બંધેલા પુણ્ય-પાપ કર્મો આગામી સંયોગ-વિયોગમાં દૈવ (અથવા ભાગ્ય) બનીને ઉદયમાં આવે છે.

## (3) પાંચ સમવાય સંબંધિત આઠ નય વિષયક જોડકાં જોડો :-

| નય | તાત્પર્ય |
|---|---|
| 1. નિયતિનય | (A) આત્માના અનિયત (પર્યાય) સ્વભાવને સંસ્કારિત કરી શકાય છે. |
| 2. અનિયતિનય | (B) આત્માનો નિયત સ્વભાવ સંસ્કારો (ગુણો) દ્વારા બદલાવી શકાતો નથી. |
| 3. સ્વભાવનય | (C) નિર્વાણની સિદ્ધિમાં સમયાનુરૂપ પરિણમન કરવાની યોગ્યતા આત્માના અનિયત સ્વભાવમાં છે. |
| 4. અસ્વભાવનય | (D) આત્માનો નિયત ઉષ્ણસ્વભાવ નિયત (નિશ્ચલ) અગ્નિરૂપ છે કે જે કદી બદલાવી શકાતો નથી. |
| 5. કાળનય | (E) આત્માની મુક્તિ સમયથી થાય છે માટે અયત્નસાધ્ય છે. |
| 6. અકાળનય | (F) આત્માની મુક્તિ યત્ન [અંતર્મુખ પુરુષાર્થ] થી સાધ્ય છે |
| 7. પુરુષકારનય | (G) આત્માનાં કાર્યની સિદ્ધિ વખતે પુરુષાર્થ, ભવિતવ્ય, સ્વભાવ અને નિમિત્તની હાજરી પણ આવશ્યક હોય છે. |
| 8. દૈવનય | (H) આત્માનાં કાર્યની સિદ્ધિ તેના સ્વકાળે [કાળલબ્ધિ અનુસાર] થાય છે. |

# (૩૪) ઈશ્વરનય

પરિશિષ્ટ-૧૮
વચન ૩૪-૧

**વ્યાખ્યા:-** આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, કારણ કે ધાવની કૃતિને ધાવડાવતાં બાળકના મુસાફરના ભાતની માફક.

**સ્પષ્ટીકરણ:-** • મુસાફર રસ્તામાં નીકળ્યો અને એણે ભાત લીધું, એણે દૂધ પાયું લીધું તો ધાવ-
(પૃ.નં.૨૬૭) માતા પાસે જઈ. બાળક માતા હોય છે ત્યાં ધાવડાવે. એ [ભાત] પરાધીનપણે એ ત્યાં ભોગવે. [તેમ] આત્મા પણ એની પર્યાયમાં કર્મ ઉદય-યોગ્યતા છે. એને કોઈ પરાધીન કરતું નથી [પરંતુ] પોતાની શક્તિના કારણે તે નિમિત્તાધીન (થઈને પરતંત્રતા) ભોગવનાર છે. કર્મ એને ભોગવાવતું નથી. એ છે તો સ્વતંત્ર પરંતુ પોતાની શક્તિથી [યોગ્યતાથી] નિમિત્તને આધીન [પોતે] થાય છે.

• જ્યાં શક્તિનું વર્ણન આવ્યું ત્યાં કહ્યું કે વિકારના પરિણમનનું પરિણમન છે પરંતુ તે વિકારથી રહિત તેનો સ્વભાવ છે. એ દ્રવ્ય અને ગુણની વાત કરી. વિકારથી રહિત-પણું થયું એનો ગુણ છે. અહીં નયપ્રધાન કથન છે તેથી કહે છે કે વિકારપણે પરિણમવું -નિમિત્તાધીન થવું- એવા સ્વતંત્રપણે પોતે (થાય એવો) ઈશ્વરનય યોગ્યતા છે. તે સ્વતંત્ર છે જે પરતંત્ર થઈને રાગ-દ્વેષ, વિભાવભાવરૂપે પરિણમે છે.

• એ કર્મને લઈને પરાધીન થાય એમ નથી [પરંતુ સ્વતંત્રપણે પોતે પરાધીન થઈને પરિણમે]

• આત્મામાં ઈશ્વરનય નામનો ગુણ છે. જ્યારે એ પર્યાયમાં વિકારપણે પરિણમે છે ત્યારે એ વિકાર પોતે કરે છે અને પોતે ભોગવે છે તેવો એનો ^સ્વતંત્ર^ ધર્મ છે, એને અહીં [સ્વતંત્રપણે] પરને આધીન થવાની પરતંત્રતારૂપ યોગ્યતા ઈશ્વરનય કહે છે.

• આત્મા એનો એ ધર્મ એવા કર્મ ઉદય થકી રાખને ત્યાં ને ત્યાં ઊભા રહેવું
(ગુરુચિંતન) એમ નહિ પરંતુ પૂર્ણ સ્વભાવ સાધ્યપુરુષાર્થની પ્રગતિ છે, ત્યાં દૃષ્ટિ કરવી.

• અહીં ઈશ્વર આત્માને એવી વાત તો એ છે કે આત્મામાં સ્વયં પરાધીનતા ભોગવવાની યોગ્યતા છે એવો કારણ તે પરાધીનતા ભોગવવામાં સ્વતંત્ર છે. ઈશ્વરનિમિત્ત માટે અન્ય દ્રવ્યોમાં આવી યોગ્યતા નથી.

• વસ્તુ: કોઈ પણ દ્રવ્ય પરાધીન કોઈ કરતું નથી. આત્મા પણ પરાધીન થતો નથી, તેમ છતાં વિકારી પરિણમનમાં પરાધીનતા ભોગવે છે.

• પરાધીન થવાની યોગ્યતાથી એ સિદ્ધ થાય છે કે દ્રવ્યકર્મ જબરજસ્તીથી આત્માને વિકાર કરાવતું નથી [પરંતુ] તેનામાં સ્વયં પરાધીન થઈને વિકાર કરવાની યોગ્યતા છે.
(પરમભાવપ્રકાશ નયચક્ર)

• કોઈ પણ બાળકને પોતાની માતાનું દૂધ સ્વતંત્રતાપૂર્વક સહજ રીતે મળે છે, તેને કોઈ દુઃખમાં જવું પડતું નથી. પરંતુ જો તે બાળક કોઈ મુસાફરનું હોય [એને જો તે પોતાના બાળકને કોઈ ધાવમાતાની કૃતિમાં લઈ જાય તો બાળકને ઘણી પરતંત્રતા ભોગવવી પડે છે. તેમ] એવા ભગવાન આત્માને પણ સંસાર અવસ્થામાં આવા જ પુદ્ગલની પરાધીનતા ભોગવવી પડે છે. તેના સ્વભાવમાં જ એક એવી વિશેષતા પડી છે કે તે સ્વયં કર્મને આધીન થઈને મોહ-રાગ-દ્વેષરૂપ પરિણમે છે અને પરતંત્રતાને ભોગવે છે.

• પૂજ્ય ગુરુદેવશ્રી! "કર્મ આત્માને પરાધીન કરતા નથી, પરંતુ આ આત્મા સ્વયં પરને ઈશ્વરતા પ્રદાન કરીને (પરનો આશ્રય કરીને) પરાધીનતા ભોગવે છે

- દૃષ્ટિ ભલે પણ આત્મામાં નિમિત્તના આશ્રયે જેટલો વિકાર થાય છે, તેટલી નિમિત્તની ઈશ્વરતા છે અને આત્માની પરાધીનતા છે અને દૃષ્ટિ તેને જાણે છે.
- "જ્યાં પોતાના દ્રવ્યસ્વભાવની નિજની ઈશ્વરતાને ચૂકીને માત્ર પર્યાયની પરાધીનતા સ્વીકારી ઈશ્વરતા પરને આપે છે, ત્યાં તો ઈશ્વરનય રહ્યો છે, પરંતુ જે સ્વભાવની ઈશ્વરતાને ભૂલીને માત્ર પરને જ ઈશ્વરતા પ્રદાન કરે, તો તેને ઈશ્વરનય પણ રહ્યો નથી, તે તો પર્યાયમાં જ મૂઢ એવો મિથ્યાદૃષ્ટિ છે."
- અહીં અનીશ્વરનયથી તો ભગવાન આત્માની સ્વાધીનતા સિદ્ધ કરી જ છે, પરંતુ ઈશ્વરનયથી પણ અદ્ભુત પ્રકારે સ્વાધીનતા જ સિદ્ધ કરી છે, કારણ કે પરાધીનતાના ભાવવાળો દોષ પણ તેના સ્વભાવમાં જ વિદ્યમાન છે.
- ધ્યાન રહે, આ પરાધીનતા માત્ર પર્યાયસ્વભાવ સુધી જ સીમિત છે, દ્રવ્યસ્વભાવમાં તેનો પ્રવેશ નથી, કારણ કે દ્રવ્યસ્વભાવ તો સદાય સ્વાધીન જ રહે છે.

# (૩૪) ઈશ્વરનય : ધર્મવાર

## (૧) સાચું કે ખોટું (T/F) જણાવો:-

1- કોઈ પણ વ્યક્તિ પરાધીન થાય તો તે પરતંત્રપણે જ થાય, સ્વતંત્રપણે નહિ.

2- ભારતના ગાંધી અંગ્રેજોને પરતંત્રપણે જ આધીન થયા હતા.

3- આ નયની વ્યાખ્યામાં બતાવેલા દૃષ્ટાંતમાં ધાવમાતાની બળજબરીને કારણે બાળકને તેની ઇચ્છાને ગણી ધાવામાં આવ્યું હતું.

4- આત્મા પરતંત્રપણે જ કર્મ આદિના જડ નિમિત્તોને આધીન થાય છે.

5. આત્મામાં સ્વયં પરાધીનતા ભોગવવાની યોગ્યતા છે જેને કારણે તે પરાધીનતા ભોગવવામાં સ્વતંત્ર છે. તેની આ યોગ્યતાને ઈશ્વરધર્મ કહેવાય છે.

6. જ્યારે આત્મા પર્યાયમાં વિકારપણે પરિણમે છે ત્યારે તેના ઉપાદાન ગુણને કારણે તે વિકાર પોતે જ કરે છે - આવો એનો સ્વતંત્ર ધર્મ છે.

7. પોતે જ સ્વતંત્રપણે પરને આધીન થવાની આત્માની આ યોગ્યતાથી-વિશેષતાથી-સિદ્ધ થાય છે કે દ્રવ્યકર્મ જબરજસ્તીથી આત્માને વિકાર કરાવવું નથી.

8. કર્મ આત્માને પરાધીન કરતા નથી પરંતુ આ આત્મા સ્વયં પરને [પોતાની] ઈશ્વરતા પ્રદાન કરીને [-પરનો આશ્રય લઈને] પર્યાયમાં પરાધીનતા ભોગવે છે.

9- આ ઈશ્વરધર્મ તે આત્માનો દ્રવ્યસ્વભાવ છે.

10. જેટલી આત્માની પરાધીનતા છે તેટલી નિમિત્તની ઈશ્વરતા છે.

11- આ ઈશ્વરનય માત્ર અજ્ઞાનીને જ લાગુ પડે છે, જ્ઞાનીને નહિ.

12. પોતાના દ્રવ્યસ્વભાવની વિશાળ ઈશ્વરતાને ભૂલીને જીવ કોઈક વખતે આંશિકમાં [ભાવિકર્મોદય સંબંધ] જેટલો [અલ્પકાળનો] વિકાર થાય છે તેને ધર્મ માને છે તેથી તેને જ સાચો ઈશ્વરનય હોય છે.

13. પર્યાયમૂઢ અજ્ઞાની પોતાના સ્વભાવની ઈશ્વરતાને બદલે સ્વયં નિમિત્તને પોતાની ઈશ્વરતા પ્રદાન કરે છે માટે તેને સાચો ઈશ્વરનય હોતો નથી.

14- ઈશ્વરનય દ્વારા આચાર્યશ્રીએ આત્માના પરાધીન સ્વભાવની પ્રસિદ્ધિ કરી છે.

15- [પ્રકારાન્તરથી જોતાં] અહીં ઈશ્વરનયે પણ આત્માની સ્વાધીનતા જ આચાર્યશ્રીએ સિદ્ધ કરી છે કારણ કે [સ્વતંત્રપણે] પરાધીનતા ભોગવવાનો ધર્મ પણ આત્માના સ્વભાવમાં જ વિદ્યમાન છે.

# (૩૫) અનીશ્વરનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક.'

સ્પષ્ટતા:- સિંહ હરણને કોઈ પકડે એમ નહિ પરંતુ પોતાની મરજી અનુસાર તેને હાથ મારીને (પૃ.નં.૨૫૭) ફાડી ફાડ, ખાઈ જાય છે. હરણને સ્વચ્છંદપણે મારનાર સિંહની જેમ ભગવાન આત્મા સ્વતંત્રપણે પોતાની યોગ્યતાથી રાગને કરે છે અને સ્વતંત્રપણે રાખે છે. કર્મનું નિમિત્તપણું હોવું માટે રાગ રાખે એમ નથી.

- એ રાગને પરતંત્રપણે કરે એવો પણ [એક એનો] ધર્મ (છે) અને રાગને સ્વતંત્રપણે કરે એવો પણ એનો ધર્મ છે. [પરંતુ] કર્મ [વશ] રાગ પરતંત્રપણે કરે એમ [કોઈ] કર્મ [વશ] રાગ સ્વતંત્રપણે કરે એમ નથી. [એક જ સમયમાં આ બન્ને યોગ્યતાઓ એક જ સાથે હોય છે.]
- તેની પર્યાયમાં આવા બે યોગ્યતા છે એવું જાણીને ત્યાં રોકાવાનું નથી [પરંતુ] જેની [એ] પર્યાય છે તે દ્રવ્યને જાણવાનું છે.

(ગુરુચિંતન)

- રાગ ભલે સંયોગ હોય, રાગ ભલે નિમિત્ત હોય, આત્મા પોતાના સ્વરૂપનું ભાન કરીને અતીન્દ્રિય આનંદ ભોગવવામાં સ્વતંત્ર છે. તે સ્વયં પોતાનો ઈશ્વર છે; અન્ય કોઈ તેનો ઈશ્વર નથી, તેથી આ યોગ્યતાને અનીશ્વર ધર્મ કહેવામાં આવ્યો છે.
- [નયપ્રવચનમાં પૂ.ગુરુદેવશ્રીએ કહ્યું છે કે] "પર્યાયમાં રાગ-દ્વેષ વગેરે જેટલા પરાધીનતા છે તેનું જ્ઞાન ઈશ્વરનયને રહે છે, પરંતુ તે જ સમયે અંતર્દૃષ્ટિમાં આત્માની સ્વાધીન પ્રભુતાનું જ્ઞાન પણ રહે છે, કારણ કે ઈશ્વરનયના સમયે અનીશ્વરનયની અપેક્ષા પણ સાથે જ છે. જો પોતાના દ્રવ્યસ્વભાવની શ્રદ્ધાપૂર્વક ઈશ્વરતાને ભૂલ્યા વિના માત્ર પર્યાયની પરાધીનતા સંબંધી ઈશ્વરતા પરને આપે છે, ત્યાં તો ઈશ્વરનય રહે છે; પરંતુ જો [સ્વ] સ્વભાવની ઈશ્વરતાને ભૂલીને માત્ર પરને જ ઈશ્વરતા પ્રદાન કરે, તો ઈશ્વરનય પણ રહેતો નથી - તે તો પર્યાયમાં જ મૂઢ હોવાથી મિથ્યાદૃષ્ટિ છે."

(પરમાગમસાર નવનીત)

- અનીશ્વર એટલે જેનો કોઈ ઈશ્વર ન હો - જે સ્વયં જ પોતાનો ઈશ્વર હો. અનીશ્વરનયે આ ભગવાન આત્માનો કોઈ [અન્ય] ઈશ્વર નથી તે સ્વયં જ પોતાનો ઈશ્વર છે, તેથી તે અનીશ્વર છે.
- આ ચૈતન્ય રાજા ભગવાન આત્મા પોતાના અસંખ્ય પ્રદેશી સ્વરાજ્યમાં પોતાના આત્મોન્મુખ સમ્યક્ પુરુષાર્થ વડે અંતર્વૈભવમાં ઝગમગી ઊઠીને અત્યંત સ્વતંત્રતાપૂર્વક પોતાના અતીન્દ્રિય આનંદનો ઉપભોગ કરે તો તેને કોણ રોકી શકવાનું છે?
- પૂજ્ય ગુરુદેવશ્રી: "શક્તિ અપેક્ષાએ તો બધા આત્મા અને તીર્થંકર ભગવાનનો આત્મા એક જેવા જ છે. બધા આત્માઓમાં પણ તીર્થંકર ભગવાન જેવું ઈશ્વરપણું સ્વભાવત: વિદ્યમાન છે.
- ધ્યાન રહે, [ઈશ્વરનયે કહેલ] આ પરાધીનતા માત્ર પર્યાયસ્વભાવ સુધી જ સીમિત છે, દ્રવ્યસ્વભાવ તો સદા સ્વાધીન જ છે. ભગવાન આત્માના આ સ્વાધીન સ્વભાવનું નામ જ અનીશ્વરધર્મ છે અને તેને વિષય બનાવનાર નયનું નામ અનીશ્વરનય છે.

# (૩૫) અનીશ્વરનય : કાર્યશાળા

(૧) જોડકાં જોડો :-

| | |
|---|---|
| 1. ઈશ્વરનય | (A) - [દૃષ્ટાંત:] હરણને સ્વચ્છંદપણે ફાડી ખાતો સિંહ |
| 2. અનીશ્વરનય | (B) - [દૃષ્ટાંત:] ધાવમાતાને સોંપેલ પરતંત્રતા ભોગવનારું મુસાફરનું બાળક. |
| 3. ઈશ્વરનયે | (A) - આત્મા સ્વતંત્રતા ભોગવનાર છે. |
| 4. અનીશ્વરનયે | (B) - આત્મા પરતંત્રતા ભોગવનાર છે. |
| 5. ઈશ્વરનય | (A) - આત્મા પોતે ઈશ્વર છે પરંતુ પોતાની ઈશ્વરતા પરને પ્રદાન કરે છે. |
| 6. અનીશ્વરનય | (B) - આત્મા પોતે ઈશ્વર છે, અન્ય કોઈ નહિ. [તે પોતાની ઈશ્વરતા પરને પ્રદાન કરતો નથી]. |

(૨) સાચું કે ખોટું (T / F) જણાવો :-

1. આત્મા પરતંત્રપણે રાજ્ય કરે છે - એમ અહીં કહ્યું છે.
2. આત્મા સ્વતંત્રપણે રાજ્ય રાખે છે - એમ અહીં કહ્યું છે.
3. ઈશ્વરનય અને અનીશ્વરનય બતાવે છે કે કોઈ વખત રાજા સ્વતંત્રપણે કરે છે અને કોઈ વખત રાજા પરતંત્રપણે કરે છે.
4. ઈશ્વરધર્મને જેમ પરાંક સ્વભાવ કહ્યો હતો તેમ આ અનીશ્વરધર્મ પણ પરાંક-સ્વભાવ જ છે.
5. આત્મા અનીશ્વર છે અર્થાત્ આત્મા ઈશ્વર નથી - એમ અહીં અર્થ થાય છે.
6. આત્મા અનીશ્વર છે અર્થાત્ તેનો કોઈ ઈશ્વર નથી; તે સ્વયં જ પોતાનો ઈશ્વર છે એમ અહીં અર્થ થાય છે.
7. મને તો લાગે છે કે જો ઈશ્વરનય અને અનીશ્વરનય ના નામે અર્થ લખ્યા સાથે ઉદાહરણ આપેલ હોત તો વધારે રસપ્રદ લાગત.
8. જીવ! તું તારી અનાદિકાળની અજ્ઞાનતાના આધારે ન સમજી શકતો હોય તો ગુરુઓને સમજવાનો પ્રયત્ન કર પરંતુ આગમમાં ફેરફાર કરવાની ચેષ્ટાને છોડી દે.
9. ભલે તેનો સંયોગ હોય, ભલે તેનો કર્મોદય હોય પરંતુ આત્મા પોતાના સ્વરૂપનું લક્ષ કરીને અતીન્દ્રિય આનંદ ભોગવવામાં સ્વતંત્ર છે.
10. ઈશ્વરનય વખતે પણ અનીશ્વરનયની સાપેક્ષતા હોય તો જ તે ઈશ્વરનય સાચો છે.
11. હું સંતરાજ ભગવાન આત્મા મારા અસંખ્યપ્રદેશી સ્વરાજ્યમાં મારા આત્માનુભવ સ્વરૂપ પુરુષાર્થ વડે ચૈતન્યસ્વરૂપમાં સ્થિત થઈને અનંત સ્વતંત્રતાપૂર્વક મારા અતીન્દ્રિય આનંદનો ઉપભોગ કરું તો મને રોકનારું કોઈ નથી - તે આ નયનું તાત્પર્ય છે.

# (૩૬) ગુણીનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે, શિક્ષક વડે જેને શિક્ષણ આપવામાં આવે છે એવા કુમારની માફક.'

સારાંશ:- • ઉપરોક્ત શિક્ષક વડે શિક્ષણ આપવામાં આવે છે. શિક્ષક જેમ પાઠ
(પૃ.નં. ૨૫૭) કુમારને શીખવે છે તેમ કુમાર શીખે છે. [કુમાર] પોતામાં જેટલા ગુણ હોય છે તેને ગ્રહણ કરે છે અંદરથી જાણે છે. શિક્ષક પાસે કુમાર જેમ ગ્રહણ કરે છે એમ આત્મામાં એવો એક ધર્મ એમ યોગ્યતા છે કે જેનામાં જેટલા ગુણ હોય તેને જાણી એમ ગ્રહે છે. એ વ્યવહાર કહ્યો, પરંતુ એવો એક ધર્મ છે.

- આત્મા પરનાં ગુણ [ભાષાના] શું છે તેને જાણે છે, [તેથી તે] ગુણગ્રાહી છે.
- શિક્ષક જેમ શીખવે તેમ [કુમાર] શીખે. એમ નહિ કે અકડાઈના ઉભરાવાળા
- રાજકુમાર છોકરો એમ આ શિક્ષક તો ભણો-ગણોના પઢાવવાવાળા છે.

(ગુરુશિષ્ય)

- ભગવાન આત્મામાં ઉપદેશ ગ્રહણ કરવાની યોગ્યતા છે જેને ગુણધર્મ કહે છે. તેને જાણવાવાળા જ્ઞાનને ગુણીનય કહે છે.

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- જેમ શિક્ષક દ્વારા શીખવાડવામાં આવતાં બાળક ભાષા આદિ શીખી લે છે, તે જ રીતે આ ભગવાન આત્મા પણ ગુરુના ઉપદેશને ગ્રહણ કરી લે-એવી એક શક્તિથી સંપન્ન છે.
- જો ભગવાન આત્મામાં ગુણધર્મ ન હોત તો દેશનાલબ્ધિ સંભવ ન હોત, તીર્થંકર ભગવાનની વાણીનો લાભ પણ તેને પ્રાપ્ત ન થાત; કારણ કે સ્વયં તે વાણીને ગ્રહણ જ ન કરી શકત તો પછી તેનો લાભ તેને કેવી રીતે મળત?
- [ગુણીનય તથા અગુણીનય બતાવે છે કે ભગવાન આત્મામાં સદુપદેશને ગ્રહણ કરવાની શક્તિ પણ વિદ્યમાન છે અને અવાંછિત ઉપદેશને સાક્ષીભાવથી જાણીને તેની ઉપેક્ષા કરવાની શક્તિ પણ વિદ્યમાન છે. આ રીતે આત્મા ગુણગ્રાહી પણ છે અને અગુણગ્રાહી અર્થાત્ સાક્ષીભાવથી રહેનાર પણ છે.
- પૂજ્ય ગુરુદેવશ્રી: "અહીં 'અગુણીનયનો અર્થ દોષસૂચક નહિ પરંતુ સાક્ષીપણાનો સૂચક છે. 'ગુરુથી જ્ઞાન પ્રાપ્ત કરું'-આ પ્રકારનો વિકલ્પ આવે છે, પરંતુ આત્મા વિકલ્પ કરે જ-એવો આત્માનો સ્વભાવ નથી; વિકલ્પ અને વાણી બન્નેના સાક્ષીપણે રહેવાનો [પણ] આત્માનો [એક] ધર્મ છે.
'ભગવાન અરિહંત સંતોની વાણી ઝીલીને આત્મા ગુણ ગ્રહણ કરે છે'-એમ કહેનાર ગુણીનય પણ આત્માને જ બતાવે છે અને 'આ આત્મા ભગવાનની પાસેથી કાંઈ પણ શીખતો નથી, આત્મા તો સાક્ષીભાવથી [માત્ર] દેખવા-જાણવાવાળો છે'-એમ કહેનાર અગુણીનય પણ આત્માને જ બતાવે છે."

# (૩૭) અગુણીનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે (-ગુણગ્રાહી નથી), શિક્ષક વડે જેને કેળવણી અપાય છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.'

સારાંશ • ગ્રહવાનું નથી, સાક્ષી છે. જે છે તેને જાણે છે (કે) અહીં છે, બસ! અહીંનું. સાક્ષી
(પુ.નં.૨૪૭) તરીકે જાણે છે. અહીં તો સાક્ષી [છે] એમ નહિ લીધું [પરંતુ] જાણે છે કે છે. કોઈના ગુણ ગ્રહણ કરવા એવા અર્થમાં યોગ્યતા નથી. આવો અર્થ [અગુણી] ધર્મ છે.

- ઘડીકમાં કહે કે ગુણગ્રાહી છે અને વળી કહે સાક્ષી છે. [ગુણીનયે અને અગુણીનયે] એવા બંને એની યોગ્યતાનો ધર્મ છે. પરસ્પર વિરુદ્ધ એવા બે ધર્મ બતાવ્યા છે.
- પર્યાયના બહિર્મુખ ધર્મોને જાણતા છતાં અંદરમાં રાગની યોગ્યતા-ગ્રાહ્યતા કાંઈ નથી. અંદર તો કાર્ય, કાર્ય શુદ્ધ પડ્યા છે - એમ અંતર્મુખ દૃષ્ટિ કરવાની છે.
- પરના ગુણ હોય, ભલે તો અરિહંતના, પંચ પરમેષ્ઠિના (હોય) તેને [અગુણીનયે] સાક્ષી(પણે) જાણે અને અહીં તો [-ગુણીનયે] તેના જેવા ગુણો છે, જેમ રીતે છે તેને ગ્રહે છે
- શિક્ષક જેમ શીખવે છે તેમ કુમાર શીખે છે તેમ [ગુણીનયે] આત્મામાં ભણવાના જે કોઈ ગુણોની, પર્યાયની યોગ્યતા હોય તેને ગ્રહે છે, શિક્ષામાં લે છે અને [અગુણીનયે] શિક્ષામાં લેતો નથી, સાક્ષી છે.

(ગુરુ ચિંતન)

- ભગવાન આત્મામાં ઉપદેશાદિ પ્રભાવિત ન થવું તેને માત્ર જાણવાની યોગ્યતા છે જેને અગુણીધર્મ કહેવાય છે. તેને જાણવાવાળા જ્ઞાનને અગુણીનય કહે છે.
- ગુણીધર્મ અને અગુણીધર્મ બંને ઉપદેશ ગ્રહણ કરવાની અથવા ન કરવાની યોગ્યતા બતાવીને આત્માની પર્યાયની સ્વતંત્રતાની ઘોષણા કરે છે. આપણે કોઈનો ઉપદેશ માનીએ કે ન માનીએ તે માટે આપણે સ્વતંત્ર છીએ, કોઈ આપણને બાધ્ય કરી શકતું નથી.

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- જે રીતે શિક્ષા ગ્રહણ કરતા બાળકને દેખવાવાળો પુરુષ શિક્ષા ગ્રહણ કરતો નથી, પરંતુ માત્ર સાક્ષીભાવથી - અનાસક્તભાવથી - તટસ્થભાવથી તેને દેખે-જાણે જ છે તેમ રીતે ભગવાન આત્માની સાક્ષીભાવથી દેખવા-જાણવાની શક્તિનું નામ અગુણીધર્મ છે.
- જો ભગવાન આત્મામાં અગુણીધર્મ ન હોત તો પછી તેને બધા ઉપદેશોને ગ્રહણ કરવું અનિવાર્ય થઈ જાત, તેમને સાક્ષીભાવમાત્રથી જાણને સંભવ ન રહી શકત.

# (36) ગુણનય, (37) અગુણનય : ધર્મચર્ચા

## (૧) જોડકાં જોડો :-

| (A) ધર્મ | દૃષ્ટાંત |
|---|---|
| 1 ગુણધર્મ | (A) શિક્ષિત કુંભારને જેમ ઘડવાનું આવડે છે તેમ કુંભાર ઘડતો છે. |
| 2 અગુણધર્મ | (B) શિક્ષિત કુંભારને જે ઘડવાનું આવડે છે તેને પુસ્તક સાક્ષીભાવથી જાણે છે પરંતુ તેને ગ્રહણ કરતો નથી. |

| (B) ધર્મ | વ્યાખ્યા |
|---|---|
| 3 ગુણધર્મ | (A) ઉપદેશને માત્ર જાણે તેનાથી પ્રભાવિત ન થવાની યોગ્યતા |
| 4 અગુણધર્મ | (B) ઉપદેશને ગ્રહણ કરવાની યોગ્યતા |

| | |
|---|---|
| 5 ગુણધર્મ | (A) આત્મા અન્ય મતના ઉપદેશને જાણે છે પરંતુ તેને ગ્રહણ કરતો નથી. |
| 6 અગુણધર્મ | (B) આત્મા ગુરુના ઉપદેશ ગ્રહણ કરે તે છે. |

| | |
|---|---|
| 7 જો ગુણધર્મ ન હોત | (A) તો બધા ઉપદેશોને ગ્રહણ કરવું અનિવાર્ય થઈ જાત. |
| 8 જો અગુણધર્મ ન હોત | (B) તો દેશનાલબ્ધિ ન હોત. |

| | |
|---|---|
| 9 ગુણનય | (A) બતાવે છે કે આત્મામાં અવાંછિત ઉપદેશની ઉપેક્ષા કરવાની શક્તિ છે. |
| 10 અગુણનય | (B) બતાવે છે કે આત્મામાં સદુપદેશ ગ્રહણ કરવાની શક્તિ છે. |

## (૨) સાચું કે ખોટું (T/F) બતાવો :-

1- 'અગુણી' શબ્દ આત્મામાં રહેલો અર્થ દોષ સૂચવે છે.
2. 'અગુણી' શબ્દ દોષસૂચક નથી પરંતુ સાક્ષીભાવસૂચક છે.
3- ગુણનય આત્માને બતાવે છે, અગુણનય આત્માને બતાવતો નથી.
4. 'સંતોની વાણી સાંભળીને આત્મા ગુણગ્રહણ કરે છે' એમ કહેનાર ગુણનય પણ આત્માને બતાવે છે અને 'આત્મા બીજાઓ પાસે કંઈ શીખતો નથી, માત્ર સાક્ષીભાવે જાણે-દેખે છે' એમ કહેનારો અગુણનય પણ આત્માને જ બતાવે છે.
5- અગુણનયે આત્મા અર્થનો સાક્ષીપણે જાણે એટલી જ યોગ્યતા તેનામાં છે.
6. અગુણનયે આત્મા [અવાંછિત ઉપદેશને] સાક્ષીભાવે જાણે છે તેમજ ગુણ ગ્રહણ કરતો નથી - એવી યોગ્યતા તેનામાં છે.
7. ગુણધર્મ અને અગુણધર્મ બંને આત્માની ઉપદેશને ગ્રહણ કરવાની અથવા ન કરવાની યોગ્યતા બતાવીને તેની પસંદગીની સ્વતંત્રતાની ઓળખાણ કરે છે.

## (૩૮) કર્તૃનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય કર્તૃનયે રંગરેજની માફક, રાગાદિ પરિણામનું કરનાર છે (અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામનો કર્તા છે, જેમ રંગારો રંગનો કરનાર છે તેમ.)'

સ્પષ્ટતા:- • રંગારો કપડાને રંગ કરે છે ને? એ રંગરેજ જેમ રંગ ચડાવે છે તેમ આત્મા (પૃ.નં.૨૯૭) રાગના રંગનો કરનાર છે. એટલે પણ એક એનામાં યોગ્યતાની ભાવકતાનો ધર્મ છે.

- દ્રષ્ટિનો વિષય કે શક્તિનું વર્ણન આવે ત્યારે કહે કે રાગનું કરવાપણું - (રાગનો) કર્તા થાય એવો એનામાં ગુણ છે જ નહિ. ગુણ નથી પરંતુ પર્યાયમાં એવો એક ધર્મ છે કે જે રાગનું પરિણમન કરે છે તે કર્તૃત્વ [નામનો] એના પોતાનો એક ધર્મ છે.
- એક પર્યાયની વાસ્તવિક સ્થિતિ શું છે તે વર્ણવે છે. રાગપણે થવું, પરિણમવું એવો કર્તૃત્વ નામનો યોગ્યતાનો એવો ધર્મ છે, તે પરને લઈને નથી.
- જે ભગવાન આત્માને રાગનો કર્તા માને તે મિથ્યાદ્રષ્ટિ છે કેમ કે તેનો એવો કોઈ ગુણ નથી કે રાગ કરે. એ ગુણ એના દ્રવ્યને વશ બતાવ્યું છે ત્યાં રાગનો કર્તા (નથી). અહીં કહે છે કે એ રાગપણે પરિણમે છે તે તેનો પર્યાયનો ધર્મ છે. એના જ્ઞાનમાં ખ્યાલમાં લ્યો કે આ રાગનું પરિણમન મારામાં છે - અર્થાત્ મારામાં કર્તા નામનો - કર્તૃત્વ નામનો ધર્મ છે.
- દ્રષ્ટિના વિષય આત્માને રાગનો કર્તા માનવો તે મિથ્યાત્વ છે, અહીં તો તેની પર્યાયમાં જે રાગ-દ્વેષ, વિષયવાસનાનું પરિણમન થાય છે તે કર્તૃત્વનો પોતાનો ધર્મ છે. વિકલ્પનું જે પરિણમન થાય છે તેનો કર્તા ગણ્યો છે.
- દ્રવ્યદ્રષ્ટિમાં પર્યાયનું લક્ષ જ નથી અને દ્રવ્યદ્રષ્ટિ સાથે જે જ્ઞાન થયું એમાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેનું જ્ઞાન છે. જેની દ્રષ્ટિ દ્રવ્ય ઉપર છે એવા જ્ઞાનને પણ પર્યાયમાં રાગનું કરવાપણું કર્તૃનયે દેખાય છે.
- તારામાં જે રાગનો પર્યાય થાય તેને તું બીજાના કર્તૃત્વમાં નાખ છે [તે વ્યવહાર નથી] [illegible] એ તારી [રાગની] પર્યાયનું પરિણમન થવું એ તારો ધર્મ છે એમ તું જાણતો નથી. રંગરેજ એવા હતા, કર્મનો રંગ ચડ્યો માટે આમને રાગ કરવો પડ્યો એમ નથી. એ પર્યાયમાં રાગમાં રંગાયું (એનો ધર્મ નથી).
- રાગપણે પરિણમવાની પર્યાયની યોગ્યતા છે એ એક વાત છે અને રાગના રંગપણે થઈ જવું એ જુદી વાત છે. એકત્વ રાગના રંગપણે થઈ જવું એ તો મિથ્યાત્વ છે પરંતુ રાગ એના પોતાના પર્યાયમાં હોય છે એમ જાણવું એમાં મિથ્યાત્વ નથી.
- જ્ઞાની રંજિત પરિણામપણે પરને ભોગવતો નથી. અજ્ઞાની રંગમાં રંગાઈ જાય છે એટલે ભોગવે છે. રાગનો રસ કરીને ભોગવે છે એ તો મિથ્યાદ્રષ્ટિ છે. અહીં રાગપણે થવું, પરિણમવું એ એનો કર્તૃત્વધર્મ છે એટલું તેને સિદ્ધ કરાવે છે. એમાં [illegible] થવું એમ વસ્તુ અહીં નથી.
- જ્ઞાની અપેક્ષાએ રાગ-દ્વેષ, દયા-દાન આદિના પરિણામ એનો કર્તા હું, રંગાયેલો હું. એ મારું પરિણમન છે. રાગાદિ પર્યાયની દશાનો કર્તા [છે કર્તૃત્વનયે] છે.

(ગુરુ, શિષ્ય)

- આત્મા પોતાના રાગાદિ પરિણામોને સ્વયં પોતાની યોગ્યતાથી કરે - એવી યોગ્યતા-

વાળો છે, એને કર્તૃત્વ કહે છે.

- સમયસાર આદિમાં રાગાદિના અકર્તાબુદ્ધિને કર્તૃત્વ કહ્યું છે, પરંતુ અહીં "યઃ પરિણમતિ સ કર્તા" ની પરિભાષા અનુસાર જ્ઞાનીને પણ રાગનો કર્તા કહેવામાં આવેલ રહ્યો છે. અજ્ઞાન ટાળીને તો અકર્તા તો છે જ. તેથી અહીં કહી શકાય કે જ્ઞાની દૃષ્ટિની અપેક્ષાએ રાગાદિ ભાવોના અકર્તા છે અને જ્ઞાનની અપેક્ષા તેના કર્તા છે. આ રીતે જુદી જુદી અપેક્ષાએ બન્ને કથન અત્રે સાચાં સિદ્ધ થાય છે.
- અજ્ઞાની દૃષ્ટિ અને જ્ઞાન બન્ને અપેક્ષાએ રાગાદિના કર્તા છે, પરંતુ તે જ સમયે શુદ્ધનયની દૃષ્ટિએ તે રાગાદિને અડકતો પણ નથી, તેથી અકર્તા છે.

(પરમભાવપ્રકાશ નયચક્ર)

- પૂ. ગુરુદેવશ્રી: "સમયસારમાં જે એમ કહેવામાં આવ્યું છે કે અજ્ઞાનદશામાં મિથ્યાદૃષ્ટિ જીવ રાગનો કર્તા થાય છે અને જ્ઞાનદશા થતાં સમ્યગ્દૃષ્ટિ જીવ રાગાદિનો અકર્તા થાય છે - એ વાત અહીં નથી. અહીં તો એમ કહેવું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ પણ જ્યારે એની પર્યાયમાં થતા રાગનો કર્તા છે અને તે જ સમયે તે રાગનો અકર્તા પણ છે. આ રીતે બન્ને કથન નયોમાં અત્રે સાચાં જ છે."

# (૩૮) કર્તૃનય : દાસરાસ

## (૧) સાચું કે ખોટું (T/F) જણાવો:-

1. રાગપણે થવું-પરિણમવું એવો આત્માનો કર્તૃધર્મ જણાવે છે કે પરને કારણે આત્મામાં રાગ થતો નથી.
2. પર્યાયમાં થતા રાગ-દ્વેષાદિ તે કર્તૃનયે પોતાનો ધર્મ છે.
3. દ્રવ્યના વિષય આત્માને રાગનો કર્તા માનવો તે અજ્ઞાન-મિથ્યાત્વ છે.
4. સંયોગો જ એવા હતા કે મારે ક્રોધ કરવો જ પડ્યો, તેમાં મારો કોઈ ગુનો નથી.
5. રાગપણે પરિણમવાની પર્યાયની યોગ્યતા તે આત્માનો એક ધર્મ છે તેમજ રાગના રંગપણે રહી જવું એ પણ આત્માનો એક ધર્મ છે.
6. રાગના પરિણમનનું કર્તૃત્વપણું જ્ઞાની તથા અજ્ઞાની બન્નેમાં એક સરખું હોય છે.
7. રાગપણે પરિણમવું એ આત્માનો કર્તૃધર્મ છે અર્થાત્ રાગમાં એકાકાર થવું તે આત્માનો કર્તૃધર્મ છે.
8. અજ્ઞાની બુદ્ધિ એમ જ્ઞાન બની એકાંતિકે રાગાદિ ભાવોનો કર્તા છે.
9. સમયસારમાં કહ્યું છે કે 'ભેદજ્ઞાન થતાં સમ્યગ્દૃષ્ટિ જીવ રાગાદિનો અકર્તા થાય છે.' એજ વાત આ કર્તૃનયમાં કહેવામાં આવી છે.
10. અહીં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ પણ પોતાની પર્યાયમાં થતા બધા રાગનો [તે પરિણમન તેનામાં થવું હોવાને કારણે] કર્તા [કર્તૃનયે] છે.

# (૩૯) અકર્તૃનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (-કર્તા નથી), પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.'

સારાંશ:- • રંગારો જેમ રંગતો હોય એને જોનાર જુએ, એમ રાગ થાય એનો જાણનાર છે.
(પૃ.નં.૨૫૭) રંગરેજનો એમ કપડું રંગાતું જોનાર જુએ એમ રાગ થાય એને પોતે જાણે છે. એવો આત્મામાં અકર્તૃત્વ નામનો ધર્મ છે.

• રાગાદિનો પરિણમન થયું એવો પણ એક કર્તૃત્વધર્મ છે અને રાગ થયો તેનું સાક્ષી રહેવું [અકર્તાપણું] એવો પણ એક અકર્તૃત્વધર્મ છે.

• ધર્મ અનેક છે સાથે. ધર્મ અનેક સમયવર્તી [illegible] નહિ.

• આત્મા અનંત પદાર્થનો જાણ છે, એ જ્ઞાનને દ્વારા [illegible] આત્મા છે. અકર્તૃત્વધર્મને જાણે કે કર્તૃધર્મને જાણે એની [illegible] [illegible] જાણે. [illegible] છે કે [illegible] જાણે.

[-પોતાના રાગાદિ પરિણામનો સાક્ષીમાત્ર જાણનારો]

([illegible])

• આત્માનો સ્વભાવ રાગાદિરૂપ નહીં થવાનો (પર્યાયમાં પણ રાગ છે) તેને અકર્તૃત્વધર્મ કહેવાય છે, તેને જાણવાવાળા જ્ઞાનને અકર્તૃનય કહેવાય છે.

• સમયસાર ગાથા ૩૨૦માં આત્માને નેત્રની જેમ રાગાદિ સર્વ પદાર્થોનો અકર્તા અભોક્તા માત્ર જ્ઞાતા કહ્યા છે. આ કથન ભિન્ન ભિન્ન અપેક્ષાએ જ્ઞાની-અજ્ઞાની બધા જીવોને લાગુ પડે છે.

• અગુણીનયથી આત્માને માત્ર ઉપદેશનો સાક્ષી કહ્યો હતો. અહીં પોતામાં થનારા રાગાદિ ભાવોનો સાક્ષી કહેવામાં આવ્યો છે. અભોક્તૃત્વનયથી પોતાના સુખ-દુઃખનો સાક્ષી કહેવામાં આવશે. ખરેખર તો સર્વ પદાર્થોનો સાક્ષીભાવથી માત્ર જાણનારો જ છે.

(પરમભાવ પ્રકાશક નયચક્ર)

• સંપૂર્ણ જગતને સાક્ષીભાવથી દેખતા-જાણતા સ્વભાવવાળો હોવાથી ભગવાન આત્મા તો સંપૂર્ણ જગતનો જ સાક્ષી છે; તોપણ અહીં પ્રકરણાનુસાર ભિન્ન ભિન્ન અપેક્ષાએ ભિન્ન ભિન્ન વસ્તુઓનું સાક્ષીપણું બતાવવામાં આવ્યું છે. આ રીતે અગુણીનયના સાક્ષીભાવમાં ગુણગ્રાહિત્વનો નિષેધ છે, અકર્તૃનયના સાક્ષીભાવમાં રાગાદિભાવના કર્તૃત્વનો નિષેધ છે અને અભોક્તૃત્વનયના સાક્ષીભાવમાં સુખ-દુઃખના ભોક્તૃત્વનો નિષેધ છે.

# (૩૯) અકર્તૃનય : સ્વાધ્યાય

## (૧) જોડકાં જોડો :-

| | |
|---|---|
| 1. કર્તૃનય<br>2. અકર્તૃનય | (A). આત્મામાં પોતામાં થતા રાગાદિ પરિણામોને સાક્ષીભાવે જોવાની યોગ્યતા છે.<br>(B). આત્મામાં પોતાના રાગાદિ પરિણામોને સ્વયં કરવાની યોગ્યતા છે. |
| 3. દ્રવ્યનો વિષય આત્મા<br>4. જ્ઞાનનો વિષય આત્મા | (A). રાગનું પરિણમન આત્માની પર્યાયમાં થાય છે.<br>(B). રાગનો કર્તા આત્મા નથી. |
| 5. રંગાર<br>6. પુરુષજોનાર | (A). સ્વઃ પરિણમતિ સઃ કર્તાઃ પરિણમનની અપેક્ષાએ જ્યાં રાગનું કર્તાપણું છે.<br>(B). રાગાદિનાં અકર્તૃત્વબુદ્ધિ હોવાની અપેક્ષાએ જ્યાં રાગનું કર્તાપણું છે. |
| 7. જ્ઞાની દ્રષ્ટિની અપેક્ષાએ રાગાદિ ભાવોનો<br>8. જ્ઞાની જ્ઞાનની અપેક્ષાએ રાગાદિ ભાવોનો | (A). કર્તા છે<br>(B). અકર્તા છે. |
| 9. અજ્ઞાની શ્રદ્ધા અને જ્ઞાનની અપેક્ષાએ રાગાદિ ભાવોનો<br>10. અજ્ઞાની શુદ્ધનયની દ્રષ્ટિએ રાગાદિ ભાવોનો | (A). અકર્તા છે.<br>(B). કર્તા છે. |

## (૨) સાચું કે ખોટું જણાવો :-

1. આત્મદ્રવ્યમાં, કાંઇક કરી રહેલા રંગારાને સાક્ષીભાવે જોઇ રહેલા પુરુષની જેમ, પોતામાં પરિણમિત થઇ રહેલા રાગાદિને સાક્ષીભાવે જોવાની યોગ્યતા છે કે જેને અકર્તૃધર્મ કહેવાય છે. આ ધર્મને વિષય બનાવનાર જ્ઞાનાંશને અકર્તૃનય કહેવાય છે.
2. જે રીતે આત્મા કર્તૃનયે કાંઇક કરી રહેલા રંગરેજની માફક, પોતાના રાગાદિનો કર્તા છે, તે જ રીતે અકર્તૃનયે તે રંગરેજને સાક્ષીભાવે જોનાર પુરુષની માફક, પોતાના રાગાદિનો સાક્ષીભાવે જોનાર છે.
3. કર્તૃધર્મ અને અકર્તૃધર્મ એ બન્ને પર્યાયના સ્વભાવ છે.
4. અગુણીનયે ગુણગ્રાહિત્વનો નિષેધ કરવામાં આવ્યો હતો, અહીં અકર્તૃનયે પોતાના રાગાદિ પરિણમનના કર્તૃત્વનો નિષેધ કરવામાં આવ્યો છે.
5. કર્તૃધર્મને ગૌણ અકર્તૃધર્મને મુખ્ય કરીને આત્માની દ્રષ્ટિ તે ધર્મોના અધિષ્ઠાન ત્રિકાળ આત્મા ઉપર જવી જોઇએ.

પરિશિષ્ટ - ૯૨
ભાગ ૩૦ - ૧

# (૮૦) ભોક્તૃનય

વ્યાખ્યા:- આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. [આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે, જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે તેમ.]

સારાંશ:- [રોગી] અહિતકારી ખાય ત્યારે એને દુઃખ થાય છે, એ દુઃખને રોગી ભોગવે છે
(પૃ.નં. ૨૪૮) અને હિતકારી ખાય ત્યારે ઠીક થઈ જાય, રાહત થાય એટલે રોગી એને ભોગવે છે. એમ આત્મામાં એ સુખ અને દુઃખનું વેદન થયું, ભોગવ્યું એવો અર્થ થાય છે. રોગીને પણ પર્યાયમાં સુખ-દુઃખનું વેદન છે એમ [એ] જાણે છે.

- આત્મદ્રવ્ય, વેદનની નજીક - અનુકૂળતા જોઈએ તો ભોક્તા છે. રતિ-અરતિ, સાતા વાસનાનો એ ભોગવનાર છે [પરંતુ] એ વાસના મારી છે એવી દૃષ્ટિ ત્યાં નથી. ભોક્તૃનયે [જ્ઞાની] હરખ આદિના વેદનનો ભોગવનાર છે પરંતુ રાગનું ભોગવવું એ મારું સ્વરૂપ છે એમ માનતો નથી. મારા દ્રવ્ય-ગુણમાં એ નથી પરંતુ પર્યાયમાં છે એમ એ જાણે છે. એને એ રાગમાં સુખબુદ્ધિ નથી. જો રાગમાં સુખબુદ્ધિ હોય તો તે મિથ્યાદૃષ્ટિ છે.
- આત્મામાં અંતર અર્પિતબુદ્ધિ થતાં આત્માની શાંતિ અને આનંદનું વેદન અને ભોક્તૃત્વ રહેશે, પરંતુ ત્યારે પર્યાયમાં નબળાઈને લઈને રાગનું થવું અને રાગનું ભોગવવું એવો એનો અર્થ થાય પર્યાયમાં ગણાય છે.
- એનો દ્રવ્યસ્વભાવ ફરે નહિ અને એનો ભોક્તા પણ નહિ એવી દૃષ્ટિ થઈ ત્યારે તેની સાથે રહેતું જે જ્ઞાન એ જ્ઞાન જાણે છે કે મારામાં રાગનું પરિણમન છે તેટલું વેદન હું જાણું છું. [એટલે જે રાગનું સુખ દુઃખ ભોગવવું કહ્યું છે તે] સુખ, દુઃખ અહીંયા આ ઇન્દ્રિયોના વિષયોના સુખ અને દુઃખ. એવા સુખ-દુઃખને તે ભોક્તાની પર્યાયમાં ભોગવે છે.
- [દ્રવ્યદૃષ્ટિપ્રધાન:] જ્ઞાનીને શુભભાવમાં ભક્તિનું વેદન હોય છે. [એ] ભક્તિનું ભોગવવાપણું દૃષ્ટિની અપેક્ષાએ નથી, પરંતુ જ્ઞાનમાં જે પર્યાયમાં જરી રાગનું ભોક્તાપણું છે તેનું તે નયનું જ્ઞાન કરે છે. સમ્યગ્દૃષ્ટિ થયા હોવા છતાં તેનો જે જ્ઞાન ભોગવે છે એ જ્ઞાન તો તેને જેટલું હર્ષ-શોકનું વેદન થાય તેટલો [ભોક્તા કહ્યો] છે, એ મારો હારી રાખ્યો છે (એમ તે જાણે છે). સ્વભાવની અપેક્ષાએ તે મારો નથી પણ પર્યાયમાં છે.
- અને ફેર એમ કહે કે ક્રિયા, ભોક્તૃત્વ આત્મામાં છે જ નહિ. એ તો દ્રવ્ય અને ગુણોની અપેક્ષાએ વાત કરી પરંતુ પર્યાયમાં રાગનું પરિણમન જ્ઞાનીને [પણ] છે.

(ગુરુકિરણ)

- ભગવાન આત્મામાં અને એટલા ભોગવાય છે કે તે પોતાની નબળાઈ પોતામાં વિશ્વની થનારા સુખ-દુઃખ તેમજ હર્ષ-શોકને ભોગવે અર્થાત્ વેદન કરે, એને ભોક્તૃ થયો કહે છે.
- કર્તૃત્વનયમાં દર્શિત થવાવાળી એકતા સાથે અહીંયા પણ સમ્યક્ લેતા કર્તા કે કર્તાપણું અને ભોક્તાપણું અર્થ સાથે રહે છે.

(પરમભાવપ્રકાશ નયચક્ર)

- સૂત્ર: અભોક્તૃનય

# (૪૦) ભોક્તૃનય : દિગ્દર્શન

## (૧) નોંધી રાખો :-

1. પોતાની ભૂમિકા પોતામાં ઉત્પન્ન થનારા સુખદુઃખ તેમજ હર્ષ-શોકને ભોગવે અર્થાત્ વેદન કરે તેવા આત્માની યોગ્યતાને ભોક્તૃ ધર્મ કહેવાય છે.
2- આ નયની વ્યાખ્યામાં જેનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે તે રાંક મિથ્યાદૃષ્ટિ જ હોવો જોઈએ કારણ કે તે પોતે જ હિતકારી અથવા અહિતકારી અન્નને પામીને સુખ-દુઃખાદિ ભોગવે છે.
3- જ્ઞાનીને રાગાદિના દુઃખનું પરિણમન જરાયે હોતું નથી.
4. આ નયની વ્યાખ્યામાં જેનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે તે રાંક મિથ્યાદૃષ્ટિ પણ હોઈ શકે છે અથવા સમ્યગ્દૃષ્ટિ પણ હોઈ શકે છે.
5. મિથ્યાદૃષ્ટિ રાંક સુખ-દુઃખાદિને એકત્વબુદ્ધિએ ભોગવે છે અને એ ભોગવવું તે મારું સ્વરૂપ છે એમ માને છે.
6. સમ્યગ્દૃષ્ટિ રાંકને પણ [અસ્થિરતાવશ] સુખ-દુઃખાદિનું વેદન થાય છે પરંતુ તેને તેમાં એકત્વબુદ્ધિ હોતી નથી અને તેને તે પોતાનું સ્વરૂપ માનતો નથી.
7. અહીં જ્ઞાની તથા અજ્ઞાની બન્નેના ઇન્દ્રિયજન્ય સુખ-દુઃખાદિની વાત કરવામાં આવી છે.
8- પૂજ્ય સોગાનીજી: "જ્ઞાનીને શુભ ભાવમાં ભઠ્ઠીનું વેદન થાય છે" – એ કથન દૃષ્ટિપ્રધાન છે.
9. જ્ઞાની જાણે છે કે મારા સ્વભાવની અપેક્ષાએ હર્ષ-શોકના વેદનનો ભાવ મારો નથી પરંતુ તે મારી પર્યાયમાં છે.
10- મને મારા રાગનું ભોક્તૃત્વ તો છૂટી ગયું છે પરંતુ તેનું કર્તૃત્વ હજી મને છૂટ્યું નથી.
11. રાગનું કર્તાપણું અને ભોક્તાપણું એક સાથે જ રહે છે [અને એક સાથે જ જાય છે].
12. જ્ઞાનીને રાગનું કર્તાપણું અને ભોક્તાપણું દ્રવ્ય અને ગુણની અપેક્ષાએ હોતું નથી પરંતુ પર્યાયમાં તેને [અસ્થિરતાના] રાગનું પરિણમન હજી હોય છે કે જેને તે જાણે છે.

# ૪૧) અભોક્તૃનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદની માફક. [આત્મા અભોક્તાનયે, કેવળ સાક્ષી જ છે- ભોક્તા નહિ, જેમ સુખદુઃખને ભોગવનાર રોગીને જોનાર જે વૈદ તે તો કેવળ સાક્ષી જ છે તેમ.]'

સારાંશ:- • અહીંયાં ખાનાર રોગી છે, તેને જોનારો વૈદ છે. રોગી (પૃ.નં.૨૬૮) હરખ-શોકને વેદે છે અને વૈદ તો જાણે છે. તેની પેઠે આત્માના પણ હરખ-શોકનું વેદન છે તેને જાણે છે. જાણે પણ છે અને વેદે પણ છે.

- અહીંયાં સાક્ષી છે એમ ન લીધું, [પરંતુ] કેવળ સાક્ષી છે [એમ કહ્યું]. હરખ-શોક છે તેને જાણનાર પણ રહે છે અને વેદનાર પણ હોય છે. વેદન મારું છે, મારામાં છે એમ જાણે છે અને પછી એમ જાણે છે કે આ વેદનનો હું જાણનાર છું. તે જ સમયે હું વેદનનો જાણનાર છું. પરના વેદનની અહીં વાત નથી.
- મિથ્યાદ્રષ્ટિ એમ માને છે કે હું આને ભોગવું છું. એ સ્વીકારનો ભાવ મિથ્યાત્વ (છે), [એ] મિથ્યાત્વને વેદે છે. જ્ઞાનીને [હું] પરને ભોગવું છું એ બુદ્ધિ છે નહિ. તેમ ભોગવવાનો ભાવ તે દુઃખરૂપ છે એમ માનતા નથી. તેને આવા દુઃખના પરિણામ આવે એમ જાણે અને વેદે.
- [જ્ઞાનીની] પર્યાયમાં સુખદુઃખનું વેદન અને સુખ-દુઃખનો સાક્ષી, બંને છે. હવે એવું જ્ઞાન કરીને [તે] અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મદ્રવ્ય[ને] દેખે [છે].
- કુદરત ફરતાં વાર કેટલી કે અરે...! મોટા મોટા ગાંઠતા પાણા પાણા પાર ઉતારીને છોડે. રાગ અને અંદર હરખ-શોકનું વેદન આવતું જાય છે.
- સીતાજી સાધ્વી હતાં. હવે [અંદર ઠરીને ભગવાનના નામના પુરાણો] એ ભાવના સુખ-દુઃખની વૃત્તિ આવતી હતી તેને વેદતા હતા અને વેદવાના કાળે તેના સાક્ષીપણે પણ રહેતા હતા.
- પ્રશ્ન: આ ધર્મ નૈમિત્તિક કે નહિ?
  પૂ.ગુરુદેવ: નહિ, નહિ. પોતાની યોગ્યતા જ છે. [સુખ-] દુઃખનું વેદન આત્મા અશુદ્ધ ઉપાદાનમાં પોતાથી છે. આ કર્મનો ઉદય આવ્યો (તેથી) માટે આને સુખ-દુઃખ ભોગવવું પડ્યું- એમ નથી. નૈમિત્તિકનું વેદન નિમિત્તના હિસાબે હોય પરંતુ એ નિમિત્તથી હોય નહિ.
- ભોક્તાનો ધર્મ પણ તેનો અને અભોક્તા-સાક્ષી રહેવાનો ધર્મ પણ તેનો. જુઓ! કેટલો સ્યાદ્વાદરૂપ માર્ગ! એ અનંત-અનંત ધર્મ જેનામાં છે એવો-માર્ગ તે જૈનધર્મ છે.

(ગુરુદેવશ્રી)

- આત્મામાં એવી પણ યોગ્યતા છે કે જેનાથી તે પોતામાં ઉત્પન્ન થનારા સુખ-દુઃખ તેમજ હર્ષ-શોકને ભોગવતો નથી, [પરંતુ] માત્ર સાક્ષી ભાવથી જાણે-દેખે છે. આ યોગ્યતાને અભોક્તૃ ધર્મ કહે છે અને તેને જાણનારા જ્ઞાનને અભોક્તૃનય કહે છે.
- અભોક્તૃનયમાં ધર્મ હોવાથી ભેદ વિવક્ષામાં અહીં પણ [illegible] ભોક્તાપણું અને અભોક્તાપણું એક સાથે રહે છે.

[illegible]

જે લોકો તે સુખદુઃખને પરાશ્રિત પરિણામ માનીને પોતાના સ્વરૂપને ભૂલીને ચિંતા જ કરે છે. આ ભેદજ્ઞાન જ સાચી વાત છે, જેના બળથી તે સુખ-દુઃખને ભોગવવાના સમયે પણ તેનો જ્ઞાતા જ રહે છે.

- જેમ આત્મા [૩૬મા] ગુણીનયથી ગુણગ્રાહી છે અર્થાત્ ઉપદેશને ગ્રહણ કરવાવાળો છે અને [૩૭મા] અગુણીનયથી ગુણગ્રાહી નથી, માત્ર સાક્ષી ભાવથી દેખવા-જાણવાવાળો છે; [૩૮મા] કર્તૃનયથી પોતાના આત્મામાં ઉત્પન્ન થવાવાળા રાગાદિભાવોનો કર્તા છે અને [૩૯મા] અકર્તૃનયથી તેનો કર્તા નથી, માત્ર સાક્ષી ભાવથી દેખવા-જાણવાવાળો છે. એ જ રીતે [૪૦મા] ભોક્તૃનયથી પોતાના સુખ-દુઃખનો ભોક્તા છે અને [૪૧મા] અભોક્તૃત્વનયથી પોતામાં ઉત્પન્ન થવાવાળા સુખ-દુઃખનો પણ ભોક્તા નથી, માત્ર સાક્ષી ભાવથી દેખવા-જાણવાવાળો છે.

(પરમભાવપ્રકાશ નયચક્ર)

- આ કર્તૃ-અકર્તૃ અને ભોક્તૃ-અભોક્તૃ નયોનું પ્રતિપાદન માત્ર એટલું જ છે કે આ ભગવાન આત્મા રાગ-દ્વેષાદિ ભાવોને પોતાની ભૂમિકામાં કરે પણ છે અને તેના ફળસ્વરૂપે પ્રાપ્ત થતાં સુખ-દુઃખને ભોગવે પણ છે તથા આ બધાનો સાક્ષીભાવે જ્ઞાતા-દૃષ્ટા પણ રહે છે તેથી [તે પોતાના રાગાદિ ભાવોનો કર્તા-ભોક્તા તથા] અકર્તા-અભોક્તા પણ છે.

## (૪૧) અભોક્તૃનય : [illegible]

### (૧) જોડકાં જોડો:— [જેમાં "સાક્ષીભાવ" સમાવિષ્ટ છે એવા ૩ નયયુગલો વિષયક]

| | |
|---|---|
| 1. અગુણીનય<br>2. અકર્તૃનય<br>3. અભોક્તૃનય | (A). આત્મા પોતાના સુખદુઃખનો સાક્ષી છે.<br>(B). આત્મા પોતાના રાગાદિ પરિણામનો સાક્ષી છે.<br>(C). આત્મા માત્ર ઉપદેશનો સાક્ષી છે. |
| 4. ગુણીનય<br>5. અગુણીનય<br>6. ભોક્તૃનય<br>7. અકર્તૃનય<br>8. કર્તૃનય<br>9. અભોક્તૃનય | (A). આત્મા ગુણગ્રાહી નહિ, માત્ર સાક્ષીભાવથી દેખવા-જાણવાવાળો છે.<br>(B). આત્મા ગુણગ્રાહી છે અર્થાત્ ઉપદેશને ગ્રહણ કરવાવાળો છે.<br>(C). આત્મા પોતામાં ઉત્પન્ન થવાવાળા સુખ-દુઃખાદિનો ભોક્તા છે.<br>(D). આત્મા પોતામાં ઉત્પન્ન થવાવાળા રાગાદિ ભાવોનો કર્તા છે.<br>(E). આત્મા પોતામાં ઉત્પન્ન થવાવાળા રાગાદિ ભાવોનો કર્તા નહિ, માત્ર સાક્ષીભાવથી જાણવા-દેખવાવાળો છે.<br>(F). આત્મા પોતામાં ઉત્પન્ન થવાવાળા સુખ-દુઃખાદિનો ભોક્તા નહિ, માત્ર સાક્ષીભાવથી જાણવા-દેખવાવાળો છે. |
| 10. કર્તૃનય તથા ભોક્તૃનય<br>11. અકર્તૃનય તથા અભોક્તૃનય | (A). આત્મા પોતાની ભૂલથી પોતામાં થતા રાગદ્વેષાદિનો તથા તેના ફળસ્વરૂપે થતા સુખદુઃખાદિનો સાક્ષીભાવે જ્ઞાતા-દ્રષ્ટા પણ રહે છે.<br>(B). આત્મા રાગદ્વેષાદિ ભાવોને પોતાની ભૂલથી પોતામાં કરે પણ છે તથા તેના ફળસ્વરૂપે થતા સુખ-દુઃખાદિને ભોગવે પણ છે. |
| 12. કર્તૃનય તથા ભોક્તૃનય<br>13. અકર્તૃનય તથા અભોક્તૃનય | (A). આત્મા પોતાના રાગાદિ ભાવોનો અકર્તા-અભોક્તા પણ છે.<br>(B). આત્મા પોતાના રાગાદિ ભાવોનો કર્તા ભોક્તા પણ છે. |

### (૨) સાચું કે ખોટું (T/F) જણાવો:—

1. હિતકારી-અહિતકારી અન્યને ભાળીને થતા સુખ-દુઃખાદિનું હું વેદન કરું છું-ભોગવું છું એમ માનનાર જીવ મિથ્યાત્વને વેદે છે.
2. હિતકારી-અહિતકારી અન્યને ભાળીને પોતામાં થતા સુખ-દુઃખાદિને જે જીવ બાજુમાં બેઠેલા વૈદની માફક [તટસ્થપણે] સાક્ષીભાવપૂર્વક માત્ર જાણે છે તે જ્ઞાની છે.
3. ઉપરોક્ત જ્ઞાનીને પોતાના રોગ વિષયક સુખ-દુઃખનું વેદન બિલકુલ હોતું જ નથી.
4. જ્ઞાનીને પર્યાયમાં સુખ-દુઃખનું વેદન અને સુખ-દુઃખનું સાક્ષીપણું એ બેય હોય છે.
5. શ્રીમદ્ કહેતાં કે 'અરે! માંડ માંડ ગાંઠતા ખાતા ખાતા પાર ઉતરીએ છીએ.'— તે જણાવે છે કે તેમને પણ રાગ અને હર્ષ-શોકનું વેદન આવતું હતું [અને તેઓ તેને સાક્ષીભાવે જાણતા પણ હતા].
6. પૂ. સોગાનીજીને પણ નોકરે કરેલી ચોરીના પ્રસંગે તત્સંબંધિ સુખ-દુઃખનું વેદન પણ હતું અને વેદનના કાળે તેને સાક્ષીપણે જાણવાનો ભાવ પણ હતો.
7. કર્તૃદશા અકર્તૃદશા ભોક્તૃદશા અભોક્તૃદશા આદિ દશાઓ નૈમિત્તિક દશાઓ છે.

૮. ઉપરોક્ત ધર્મો નૈમિત્તિક નહિ પરંતુ આત્માની યોગ્યતારૂપ ધર્મો છે અને પોતાના અશુદ્ધ ઉપાદાનથી થાય છે, નિમિત્તથી નહિ.

૯- આત્મા ક્રિયાનો કર્તા છે અને ક્રિયાનો કર્તા નથી - એમ અનેકાંત છે.

10. આત્મા ક્રિયાનો ભોક્તા છે અને ક્રિયાનો ભોક્તા નથી - એમ અનેકાંત છે.

11. આત્મામાં એક એવી યોગ્યતા પણ છે કે જેનાથી તે પોતામાં ઉત્પન્ન થતા સુખ-દુઃખ તેમજ હર્ષ-શોકને ભોગવતો નથી, માત્ર સાક્ષીભાવથી જાણે-દેખે છે. આ યોગ્યતાને અભોક્તૃધર્મ કહેવામાં આવે છે.

12. અકર્તૃનયમાં દર્શિત થવાવાળી ઉક્ત વાતોને અભોક્તૃનયના સંબંધમાં પણ સમજી લેવી જોઈએ કારણ કે અકર્તાપણું અને અભોક્તાપણું એક સાથે રહે છે.

13. પરલક્ષિત સુખ-દુઃખના પરિણામથી મારું સ્વરૂપ ભિન્ન છે એવા ભેદજ્ઞાનને કારણે જ જ્ઞાની સાક્ષીભાવે રહે છે.

# (૭૨) ક્રિયાનય

વ્યાખ્યા:- આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, થાંભલા વડે માથું ભાંગતાં દ્રષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા આંધળાની માફક. [ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો છે, જેમ કોઈ આંધ પુરુષને પથ્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથાના લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખુલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ.]

સારાંશ:- (પુ. ૨૬૮)

- આંધળો હોય અને [જો] થાંભલામાં નિધાન ભર્યું હોય તેની સાથે માથું ફૂટે અને અંદર આંખ સાફ થઈ જાય તો તેને દેખાય-નિધાન દેખાય, એમ રાગની મંદતાના અનુષ્ઠાનથી પણ [આત્માની સિદ્ધિ થાય] એવો એક ધર્મ સાધનાના ગણવામાં આવેલ, પણ તે જ વખતે જ્ઞાનનય પણ એની સાથે જ હોય છે.
- વ્યવહાર સાધનથી મુક્તિ થાય એવો એક કથનશૈલી છે. કથન ભાષાનું છે તો [તેનું] વાચ્ય એવો એના પર્યાયમાં એક ધર્મ ગણવામાં આવ્યો છે.
- વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય એવું [કથનમાં-ભાષામાં] આવે. તો વાચ્યમાં એવો એક ધર્મ ગણવામાં આવ્યો છે, [રાગની મંદતારૂપ અનુષ્ઠાનની] મુખ્યતા ગણવામાં આવેલ [છે]. પરંતુ તે જ સમયે જ્ઞાન છે તે જાણે છે કે વ્યવહારથી નહિ પણ જ્ઞાનથી મુક્તિ છે.
- અહીં રાગની મંદતાથી કાર્ય થાય છે એવો જ ધર્મ કહેવામાં આવ્યો, એથી તેનાથી મુક્તિ થાય એ તો વ્યવહાર નયની અપેક્ષાથી કથન છે.
- મોક્ષમાર્ગપ્રકાશકમાં એક આવે છે કે જેટલું રાગની મંદતા કરે તો એવું પુણ્ય બંધાય જાય અને એને ફરીને ભવરનાં ચક્કરો સાચા મળે તો એ ધર્મ પણ પામી જાય. એ વાત તો એક દૃષ્ટિ ફરે ત્યારે ધર્મ પામે. નિમિત્ત સારા મળ્યાં માટે ધર્મ પામે, એમ નહિ.
- આમાં ક્રિયાનયથી મુક્તિ કીધી છે પરંતુ તેની સાથે આત્મા જ્ઞાન-સ્વરૂપ છે એવું જ્ઞાન છે, તેનાથી મુક્તિ થાય એ સાથે જ છે. ભગવાનમાં શીતળતા આપનાર શું છે? તો કે ચંદન (તે ન સમજ્યો) થઈ જાય. ઇચ્છાના આશ્રયે જ જ્ઞાન-સ્વરૂપની લીનતા પરિણતિ પ્રગટ તે મુક્તિનું કારણ છે. શુદ્ધ ઉપયોગ તે ધર્મ અને શુદ્ધ ઉપયોગ તે ધર્મનું કારણ છે.
- જુઓ પ્રવચનસાર ગાથા ૨૭૪: 'શુદ્ધને જ્ઞાન હોય, શુદ્ધને સમકિત હોય, શુદ્ધને ચારિત્ર હોય અને શુદ્ધને મોક્ષ હોય. એવા શુદ્ધપણે જયવંત વર્તો તે સિદ્ધોને નમસ્કાર કરું છું'

(ગુરુદેવ)

- ભગવાન આત્મામાં અનુષ્ઠાનપૂર્વક કાર્યસિદ્ધિની યોગ્યતા છે, જેને ક્રિયાધર્મ કહે છે તેને જાણનારા જ્ઞાનને ક્રિયાનય કહેવાય છે.
- અહીં 'ક્રિયા'નો આશય જડક્રિયાથી નહિ. અહીં સાધકદશામાં રહેલા શુભભાવને 'ક્રિયા' કહેવામાં આવેલ છે, કારણ કે તે ભાવો પ્રાયઃ વ્રત-દાન-તપશ્ચર્યાદિ બાહ્ય ક્રિયામાં નિમિત્ત હોય છે.

(પરમાગમપ્રકાશ નયપ્રજ્ઞાપન): જેમ કે તે આંધળા વ્યક્તિએ ધનનો અને દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે વિવેકપૂર્વક કોઈ પણ પ્રયત્ન કર્યો નહોતો લોભ સમજ્યા વિના જ માત્ર ક્રિયા સંપન્ન થઈ જતાં તેને નિધિ અને દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ તેમ આ ભગવાન આત્મા પણ ક્રિયાનયથી અનુષ્ઠાનની પ્રધાનતાથી સાધ્યની સિદ્ધિવાળો છે.

## (૪૨) ક્રિયાનય : દશવિધાઓ

### (૧) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. ભગવાન આત્મામાં અનુષ્ઠાનપૂર્વક સિદ્ધિની યોગ્યતા છે જેને ક્રિયાધર્મ આને જાણવાવાળા જ્ઞાનીઓને ક્રિયાનય કહેવાય છે.
2. અહીં 'ક્રિયા' શબ્દનો આશય શરીરની ક્રિયા છે.
3. અહીં સાધક દશામાં થવાવાળા શુભભાવને 'ક્રિયા' કહેવામાં આવેલ છે.
4. 'આત્મા ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સાધ્ય એવો છે' - એ કથન નિરપેક્ષ રીતે કહેવામાં આવ્યું છે.
5. અહીં આપેલી ક્રિયાનયની વ્યાખ્યા અનુસાર હું મંદરાગરૂપ અનુષ્ઠાન વડે જ આત્માની સિદ્ધિ પામવા માગું છું.
6. અહીં ક્રિયાનય માત્રથી મુક્તિ મળે એમ કહેવાનો આશય નથી.
7. 'વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય' [મંદરાગ સાધન, મુક્તિ સાધ્ય] - એવું કથનમાં આવે [તદ્ અનુસાર] વારંવાર આ ક્રિયાધર્મ કહેવામાં આવ્યો છે, પરંતુ તેની સાથે જ જ્ઞાનધર્મ પણ [અવશ્ય] હોય છે [એ વિના મુક્તિ થતી નથી].
8. મંદ રાગથી નિર્જરા થાય એમ તેનાથી ધર્મ પમાય.
9. મંદ રાગથી તીવ્ર નિર્જરા ભલે થાય પરંતુ જો તે દૃષ્ટિ ફેરવે તો જ ધર્મ પામે, નહિ તો ન પામે.
10. દ્રવ્યના આશ્રયે શુદ્ધ ઉપયોગ પ્રગટ કરવો તે ધર્મનું કારણ છે.
11. અહીં 'ક્રિયા' અથવા 'અનુષ્ઠાન' શબ્દે શુદ્ધિભાવની સાથે રહેવાવાળો શુભભાવ તથા તદ્ અનુસાર [મહાપુણ્યાદિ] આચરણ અપેક્ષિત છે.

# (૪૩) જ્ઞાનનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવા જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક.
[જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે, જેમ ઘરના ખૂણામાં બેઠેલો વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ.]'

સારાંશ:- • જેને ચિંતામણિની કિંમત નથી [એવો કોઈ ગરીબ માણસ] તેને પઈસા ખાતર (પૃ.નં. ૨૬૯) વેપારી પાસે ગયો. વેપાર ઘરમાં હતો. એટલે ચિંતામણિ આપીને મુઠ્ઠી ચણા આપ્યા [તે માણસ] રાજી રાજી થઈ ગયો. એમ ભગવાન આત્મામાં તો અનંત ચૈતન્ય રત્ન અંદર ભર્યાં છે. એમાં આગળ [-મિથ્યાદૃષ્ટિએ] એને [ક્રિયાનય સહ] શુભ [?] રાગની મંદતાથી થાય, પરંતુ જ્ઞાનનય એટલે સાથે રાખ્યા નહિ. [એમ] એટલે એનું જ નામ તો એ મિથ્યાત્વ છે.

• અહીં કહે છે કે આત્મા રાગથી ભિન્ન પડીને પોતાના જ્ઞાનની દશા ચૈતન્યને અનુભવે તેની મુક્તિ થઈ જાય છે. મુઠ્ઠી ચણા આપીને [એટલે] રત્ન લીધું. એટલે ક્ષણમાં જ્ઞાન કરીને કેવળજ્ઞાન લીધું.

• ભરત ચક્રવર્તીને આત્મજ્ઞાન તો હતું. એમાં ભાઈ અંદર જઈને ઠરે છે, ના ? ઘણા કરીને અંદર જ્ઞાનદશા સહિત મુનિપણું આવ્યું - અરીસા ભુવનમાં! આ બહારના દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિ ક્રિયા કરી નથી પરંતુ જ્ઞાનનયની પ્રધાનતાથી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થઈને મુક્તિ થઈ.

• અંતર જ્ઞાનસ્વભાવ (ઘર) ઉપર પડતાં જે સમ્યગ્જ્ઞાનનો અંકુરો ફૂટે છે એ જ્ઞાનનય છે. તે જ્ઞાનને જાણે છે એને તેનાથી અંતર્મુહૂર્તમાં મુક્તિ પણ થાય. ભલેને વિરાધ કાળ પણ લાગે, પરંતુ એ જ્ઞાનનયની મુખ્યતાથી કેવળજ્ઞાન પમાય છે.

• પાંચ ઇન્દ્રિયથી થયેલું જ્ઞાન તે જ્ઞાન નહિ. અંતરમાં આત્મજ્ઞાનનું જ્ઞાન કરવામાં આવ્યું છે - તે જ્ઞાનનય છે. ક્રિયાનયની સાથે જ આ જ્ઞાનનય છે. જ્ઞાનસ્વરૂપ પ્રભુ, તેની સન્મુખ થઈને, તેને સ્વભાવનું જ્ઞાન થાય છે તે જ્ઞાનનય એટલે ધર્મ છે, ધારણા છે. પાંચ ઇન્દ્રિય એને મનથી જાણ્યું, વાંચ્યું, સાંભળ્યું એ જ્ઞાન નહિ. મનથી ધારણા થઈ છે એ પણ જ્ઞાન નહિ કારણ કે મન છે એ પરિણામ છે, ભગવાન નિર્વિકલ્પ-સ્વરૂપ છે. મન રૂપ એને અરૂપ બેયને જાણે છે પરંતુ તે પર તરફનું વલણ છે. પાંચ ઇન્દ્રિયના વિષયના જ્ઞાનમાં રોકાય છે તેને જ્ઞાનનય કહેવાતો નથી.

• રાગથી ભિન્ન પડીને સ્વભાવનું જ્ઞાન [કર્યું] તે વિવેક છે, ભેદજ્ઞાન છે.

• ઇન્દ્રિયોને જાણનાર એટલે તેના તરફનું લક્ષ છોડ્યું. એવું લક્ષ છોડીને અતીન્દ્રિય આનંદ પ્રભુનું જ્ઞાન કર્યું. જાણનાર [આત્મા] ઇન્દ્રિય દ્વારા પરને જાણે છે એ તો પરાધીનતા છે. એ જાણનારને અતીન્દ્રિય દ્વારા જો. અરે! અતીન્દ્રિય આત્માને જો જાણ્યો, જાણ્યો એને જે જ્ઞાન થયું તે જ્ઞાનનય છે.

• એમાં [ક્રિયાનયમાં] અનુષ્ઠાનની પ્રધાનતા (મુખ્યતા છે!) હતું એને અહીં વિવેકની પ્રધાનતાથી છે.

• અહીં જે સ્વરૂપ છે તેનું લક્ષ ફરવું એટલે અહીંયા જે જ્ઞાનસ્વભાવ છે તેનું લક્ષ થયું.

ભા૨/શ૯૮-૧૦૪
નય ૪૩-૨

તેનું જ્ઞાન થયું.

(પ્ર.ન.૨૬૯)· જ્યારે જિનના શિષ્ય કે ભય રહ્યા નહિ. અને જ્યારે ઈન્દ્રિય રહિત થાય તો સિદ્ધ થાય. પાંચેય ઈન્દ્રિયના સંબંધ, વિષય, જ્ઞાન છૂટે એમનો નાશ થાય. પાંચ ઈન્દ્રિયના વિષયના જ્ઞાનમાં અટકે તો તેને બંધ થાય.

(ગુરુમિલન)

- ભગવાન આત્મામાં જ્ઞાન દ્વારા સિદ્ધિની શોધના છે, એને જ્ઞાનક્રિયા કહેવાય છે. તેને જાણવાવાળા જ્ઞાનને જ્ઞાનનય કહે છે.
- અહીં 'જ્ઞાન'નો આશય રત્નત્રયરૂપ શુદ્ધ પરિણતિ છે, માત્ર બહિર્મુખી ક્ષયોપશમ જ્ઞાન નહિ.
- સિદ્ધિને શુભભાવથી મોક્ષ થાય છે એમ સિદ્ધિને રત્નત્રય શુદ્ધભાવથી - એમ નહિ. સાધકને નિશ્ચય રત્નત્રયની સાથે યથાયોગ્ય શુભભાવ હોય જ છે, અહીં ક્રિયાનયથી અનુષ્ઠાન (અર્થાત્ શુભભાવ તેમજ મહાવ્રતાદિ ક્રિયા)ની પ્રધાનતાથી કથન કરવામાં આવ્યું છે. આ સંબંધમાં નયપ્રજ્ઞાપન પૃષ્ઠ ૨૭૫ પર પૂ. ગુરુદેવશ્રીનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે:-

"અહીં પ્રધાનતા શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જે એમ બતાવે છે કે ગૌણરૂપે બીજું કારણ પણ વિદ્યમાન છે. ક્રિયાનયમાં અનુષ્ઠાનની પ્રધાનતા કહી છે અર્થાત્ શુભભાવની પ્રધાનતા કહી છે, તેથી એ અહીં પણ બતાવે છે કે ગૌણરૂપે તે જ સમયે જ્ઞાનસ્વભાવરૂપ શક્તિ પણ વિદ્યમાન છે.
શુભરાગની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે - જ્યારે ક્રિયાનયથી આ પ્રકારે કહેવામાં આવે છે, ત્યારે તે જ સમયે જ્ઞાન પણ સાથે રહે છે કે તે જ કાળમાં ગૌણરૂપે અંતરમાં શુદ્ધતા પણ વિદ્યમાન છે. આવું જ્ઞાન અંતરમાં રહે, ત્યારે જ ક્રિયાનય સાચો કહેવાય છે."

(પ્રવચનપ્રસાદ નવનીત)

- અહીં 'ક્રિયા' અથવા 'અનુષ્ઠાન' શબ્દથી શુદ્ધભાવની સાથે રહેવાવાળો શુભભાવ તથા તદનુસાર આચરણ અપેક્ષિત છે અને 'શક્તિ' શબ્દથી શુદ્ધભાવ અર્થાત્ નિશ્ચય રત્નત્રય અપેક્ષિત છે.
- "શુદ્ધસ્વભાવના અવલંબનથી જ્યારે સાધકદશા પ્રગટ થાય છે ત્યારે શુભરાગ પણ વિદ્યમાન હોય છે અને તે રાગ ઘટતા-ઘટતા શુદ્ધતારૂપ સિદ્ધિની પ્રાપ્તિ થઈ જાય છે."
- તાત્પર્ય એ છે કે મુક્તિના માર્ગમાં ઉપસ્થિતિ તો બન્ને પ્રકારની અનિવાર્યરૂપે હોય છે, પરંતુ જ્ઞાનનયથી શક્તિની પ્રધાનતા પ્રાપ્ત છે અને ક્રિયાનયથી અનુષ્ઠાનની પ્રધાનતા પ્રાપ્ત છે.

# (૮૩) જ્ઞાનનય : ઉપસંહાર

## (૧) જોડકાં જોડો :-

| | | |
|---|---|---|
| 1. | ક્રિયાનય | (A). વિરતિની પ્રધાનતા |
| 2. | જ્ઞાનનય | (B). અનુષ્ઠાનની પ્રધાનતા |
| 3. | ક્રિયાનય | (A). શુદ્ધભાવની મુખ્યતાએ આત્મસિદ્ધિ |
| 4. | જ્ઞાનનય | (B). શુભભાવની મુખ્યતાએ આત્મસિદ્ધિ |
| 5. | ક્રિયાનય | (A). વિરતિપૂર્વક પ્રયત્ન કરવો [ઘરમાં બેઠાને ચિંતામણિ પામી લેવો] |
| 6. | જ્ઞાનનય | (B). વિરતિ વગર પ્રયત્ન કરવો [આંધળું ફૂટતાં દ્રષ્ટિ મળવી] |

## (૨) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. ભગવાન આત્મામાં રહેલા જ્ઞાન દ્વારા કાર્યસિદ્ધિની યોગ્યતાને જ્ઞાનધર્મ અને તેને જાણનારા જ્ઞાનાંશને જ્ઞાનનય કહેવાય છે.
2. અહીં 'જ્ઞાન' શબ્દનો અર્થ વર્તમાન ક્ષયોપશમ જ્ઞાનની પર્યાય થાય છે.
3. અહીં 'જ્ઞાન'નો અર્થ રત્નત્રયરૂપ શુદ્ધ પરિણતિ છે, માત્ર બાહ્ય ક્ષયોપશમ જ્ઞાન નહિ.
4. કોઈને ક્રિયાધર્મરૂપ શુભભાવ સહિત મહાવ્રતાદિ અનુષ્ઠાનોથી ધર્મ થાય છે અને કોઈને રત્નત્રયરૂપ શુદ્ધભાવથી ધર્મ થાય છે.
5. ક્રિયાનયે શુભભાવની મુખ્યતા કરી છે તોપણ તે જ કાળે તેનાં ગૌણરૂપે અંતરમાં સમ્યગ્જ્ઞાનરૂપ વિરતિ પણ વિદ્યમાન હોય તો જ તે ક્રિયાનય સાચો છે.
6. સાધક દશામાં વિદ્યમાન શુભરાગ ઘટતા ઘટતા [મુક્તિરૂપી] નિધાનની પ્રાપ્તિ થાય છે. તાત્પર્ય એ છે કે જ્ઞાનધર્મ અને ક્રિયાધર્મ એ બન્ને કારણો સાધકદશામાં અવિનાભાવરૂપે એક સાથે હોય છે.
7. ભરત ચક્રવર્તીને [બાહ્ય અનુષ્ઠાનો કર્યા વિના] જ્ઞાનનયની મુખ્યતાએ મુક્તિની પ્રાપ્તિ થઈ જાણે કે મુઠ્ઠી ચણા આપીને ચિંતામણિ રત્ન મળી ગયો.
8. જ્ઞાયકભાવ પર દ્રષ્ટિ રાખતાં સમ્યગ્જ્ઞાનના ફળમાં અંતરંગથી પ્રાપ્ત થતું કેવળજ્ઞાન તે મુઠ્ઠી ચણા આપીને મળતા ચિંતામણિ રત્ન સમાન છે.
9. ક્રિયાનય વખતે જ્ઞાનનય ગૌણપણે હોય છે પરંતુ જ્ઞાનનય વખતે ક્રિયાનય ગૌણપણે હોતો નથી.

# (૪૪) વ્યવહારનય

વ્યાખ્યા:- 'અભેદરૂપ વ્યવહારનયે ભેદ અને નાસ્તિને સાથે* દ્વૈતને અનુસરનારું છે, ભેદક (ભેદ કરનાર) અને નાશક (શૂન્ય કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિયુક્ત થતા એવા પરમાણુની માફક. [વ્યવહારનયે આત્માના ભેદ અને નાસ્તિનાં (પુદ્ગલ સાથે) દ્વૈતને પામે છે, જેમ પરમાણુના ભેદને સાથે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના નાસ્તિને સાથે અન્ય પરમાણુથી છૂટા થવારૂપ દ્વૈતને પામે છે તેમ.]'

સમજૂતી: • ત્રણેનું નિમિત્તપણું છે અને ભેદમાં નિમિત્ત છે અને નિમિત્તનો અભાવ તે નાસ્તિ
(પૃ.નં.૨૬૪) એમાં પણ નિમિત્તની અપેક્ષા આવે - એટલે ભેદ અને નાસ્તિ [એ બન્નેમાં] દ્વૈતપણું આવ્યું. એકલો નહિ, પરના નિમિત્તપણાનું દ્વૈતપણું આવ્યું - એવો અર્થ થાય છે.

- એક પરમાણુમાં ચાર ગુણ [સ્નિગ્ધ] હોય અને બીજા પરમાણુમાં છ ગુણ [સ્નિગ્ધ] હોય તો સંયોગ થાય એ અપેક્ષાએ દ્વૈત થઈ જાય અને એનો [- એ બે પરમાણુઓનો] વિયોગ થાય ત્યારે દ્વૈત થઈ જાય [ત્યારે] પરની અપેક્ષા આવે ને? તેમ ભગવાન આત્મા ત્રણે નિમિત્તના વિષયમાં છે તેથી ભેદ છે અને એનો [- સંયોગનો] અભાવ થતાં તેમાંય નિમિત્તનો અભાવ થયો એમાં પણ એક અપેક્ષા દ્વૈતની આવે.
- એ રીતે [અભેદરૂપને] રાગનું ભેદન છે [તે ભેદ] અને રાગનો અભાવ તે નાસ્તિ છે. એવા દ્વૈતને અભેદરૂપ અનુસરનારું છે. દ્વૈત એટલે બે પણું. તારામાં જે રાગનો સંબંધ છે અને તેનો અભાવ થાય એટલું દ્વૈતપણું છે એવો એક વ્યવહારનયનો વિષય -ધર્મ છે. ધર્મ એટલે સંકલના.
- એકડે એક અને બગડે બે. બેનું જોડાણ થયું તે વ્યવહાર થઈ જશે. ત્રણે નિમિત્તનું જોડાણ [ભેદ] અને એનો અભાવ [નાસ્તિ] એ બન્ને થઈ જાય-વ્યવહાર થઈ જશે.
- આત્મા તો ત્રણે નિમિત્તની અપેક્ષાએ (બાદ) છે, હોં! બહાર તો પરમાર્થ શુદ્ધ જ હોય છે અને જે પર્યાય પ્રકાર થાય છે તે સંયોગ છે અને એ પર્યાયનો નાશ થાય તે વિયોગ છે. એવું દ્વૈતપણું એમાંથી છે. [સ્વભાવરૂપ]
- [આ વ્યવહારધર્મ] એક એવો ધર્મ-સ્વભાવ છે કે નિમિત્તના સંબંધમાં અને નિમિત્તના અભાવરૂપ સંબંધમાં - એ દ્વૈતપણું થઈ જાય, એકલો આત્માનો અનુભવ રહ્યો, ત્યાં બે અપેક્ષા થઈ જાય. [માટે વ્યવહાર થઈ જશે]
- જેમ ક્રિયાનય અને જ્ઞાનનય બે સાથે ભેગા એમ [આ] વ્યવહારનય અને નિશ્ચયનય પણ સાથે છે છે. આવા વ્યવહારનય એમજ નિશ્ચયનય પણ સાથેને જ હોય છે.
- વ્યવહારનય વિકાર કરે અને વિકારનો અભાવ કરે એમ અહીં કહ્યું નથી. [માત્ર એટલું જ કહ્યું છે કે] વ્યવહારનયે ~~દ્વૈત~~ [નિમિત્ત સાથે] સંબંધ કરે છે અને એનો [- સંબંધનો] અભાવ [કરે છે], એટલું.

---

* દ્વૈત = બે-પણું. [વ્યવહારનયે આત્માના ભેદને સાથે પર કાયેના સંયોગની અપેક્ષા આવતી હોવાથી દ્વૈત છે અને આત્માના નાસ્તિને સાથે ત્રણ વિયોગની અપેક્ષા આવતી હોવાથી ત્યાં પણ દ્વૈત છે.

- વ્યવહારનયનો એવો અર્થ નથી કે વ્યવહાર કરતાં કરતાં [નિશ્ચય] થાય. એ અહીં નથી. અહીં તો દ્વૈતપણું ઊભું થાય છે કે નિમિત્તના સંબંધમાં દેહ અને એના અજ્ઞાનથી બુદ્ધિ - એ દ્વૈતપણાને અહીં વ્યવહારદૃષ્ટિ અને વ્યવહારનય કહ્યો છે. જેમ વ્યવહારનયનો દ્વૈત સંબંધનો અર્થ થાય છે એમ નિશ્ચયનયનો અદ્વૈતપણાનો પણ અર્થ થાય છે. આ તો અનેકાંત છે. એમાં અનેક અર્થ થાય છે.

(ગુરુશિષ્ય)

- ભગવાન આત્મામાં એક એવો સંબંધ છે કે જેનાથી તેની દેહ અથવા મોહની પર્યાયોને કર્મ સાપેક્ષતાથી જોઈ શકાય. આ સંબંધને વ્યવહારદૃષ્ટિ કહેવાય છે. તેને જાણનારા જ્ઞાનને વ્યવહારનય કહેવાય છે.
- અહીં દેહ અને મોહ પર્યાયોને કર્મ સાપેક્ષતાથી કહેવાને વ્યવહારનય કહેવામાં આવ્યો છે. જો કે અન્યત્ર વ્યવહારનયની અનેક પરિભાષાઓ જોવા મળે છે તોપણ અહીં 'પરાશ્રિતો વ્યવહાર:' અથવા 'વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને, તેના ભાવોને તથા કારણ કાર્યાદિને કોઈને કોઈ સાથે ભેળવીને નિરૂપણ કરે છે' - આ ભાવ દાખલ થાય છે. આત્મા કર્મથી બંધાયેલો છે અને કર્મથી છૂટે છે - એમ કહેવામાં પરદ્રવ્યની અપેક્ષા આવે છે, તેથી દ્વૈત ઊભું થાય છે.
- જો કે અનાદિ આત્મામાં દેહ-મોહનો સંબંધ પણ દ્વૈત છે, પરંતુ તે વિવક્ષા અહીં નથી. અહીં તો કર્મથી બંધાવાને તથા છૂટવાને દ્વૈત કહેવામાં આવ્યું છે.

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- પૂજ્ય ગુરુદેવશ્રી: "જેમ એક પરમાણુ બંધાય અથવા છૂટે - આવું કહેવામાં બીજા પરમાણુની અપેક્ષા આવે છે, કારણ કે બીજા પરમાણુની અપેક્ષા વિના તેના બંધ અથવા મોક્ષનું કથન સંભવ નથી; તેમ આત્માના બંધ અને મોક્ષને કહેવામાં બીજા કર્મની અપેક્ષા આવે છે. જો કે બંધ અને મોક્ષને આત્મા સ્વતંત્રપણે કરે છે તોપણ તેમાં કર્મ સદ્ભાવની અથવા અભાવની અપેક્ષા જરૂર આવે છે; તેથી વ્યવહારનયથી કહેવાય છે કે આત્મા બંધમાં કર્મ સદ્ભાવનું અને મોક્ષમાં કર્મના અભાવનું અનુસરણ કરે છે. આ રીતે બંધ અને મોક્ષ બન્નેમાં આત્મા દ્વૈતનું અનુસરણ કરે છે.
- નિશ્ચયથી સ્વભાવની દૃષ્ટિમાં જોઈએ તો આ આત્મા શુદ્ધ એકરૂપ જ છે. તેનું પર્યાયમાં વિકારી ભાવમાં અટકવું તે ભાવબંધ છે અને તે ભાવબંધમાં કર્મનું નિમિત્ત હોવું - તે દ્વિતીયપણું છે, દ્વૈત છે. આ રીતે બંધમાં દ્વૈત છે. તેવી જ રીતે સ્વભાવમાં લીન થઈને મોક્ષની પ્રાપ્તિ કરવામાં પણ કર્મના નાશની અપેક્ષા હોવાથી દ્વૈત છે.
- આ રીતે પરની અપેક્ષાથી બંધ અને મોક્ષ પર્યાયનું કથન કરવું તે વ્યવહારનય છે. તેથી અહીં કહેવામાં આવ્યું છે કે વ્યવહારનયથી આત્મા બંધ અને મોક્ષ - બન્નેમાં જ દ્વૈતની અપેક્ષા રાખનારો છે.
- અહીં એકરૂપ આત્મામાં બંધ અને મોક્ષ એવા બે ભેદ પાડ્યા તેથી નહિ, પરંતુ બંધ અને મોક્ષ - એ બન્ને પર્યાયોમાં પરની અપેક્ષારૂપ દ્વૈત હોવાથી વ્યવહાર કહેવામાં આવ્યો છે."

## (૪૪) વ્યવહારનય: દર્શિકા

### (૧) સાચું કે ખોટું (T/F) જણાવો:—

1. એક કે અનેક અને જુદાં છે. દ્વૈત એટલે દ્વિતીયપણું-બેપણું. જેમાં આત્મા અને પર એમ બેની અપેક્ષા આવે ત્યાં દ્વૈતપણારૂપ વ્યવહાર ઊભો થાય છે.
2- દ્વૈત સંયોગમાં હોય, વિયોગમાં નહિ.
3- એક પરમાણુમાં છ ગુણ સ્નિગ્ધતા હોય અને બીજા પરમાણુમાં પણ છ ગુણ સ્નિગ્ધતા હોય તો તે બે પરસ્પર સ્નેહથી સંયોગરૂપ દ્વૈત ઊભું થાય છે.
4- અહીં એકરૂપ આત્મામાં બંધ અને મોક્ષ એવા બે ભેદ પાડવાને દ્વૈતરૂપ વ્યવહાર કહ્યો છે.
5. આત્માની જે યોગ્યતા વડે તેની બંધ અને મોક્ષની પર્યાયોને કર્મની સાપેક્ષતાથી જોઈ શકાય છે, તેને વ્યવહારધર્મ તથા તેને જાણનારા જ્ઞાનાંશને વ્યવહારનય કહેવાય છે.
6. 'વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્ગલ સાથે) દ્વૈતને પામે છે' અર્થાત્ પરની [પુદ્ગલની] અપેક્ષાએ બંધ અને મોક્ષ પર્યાયનું દ્વૈતરૂપ કથન કર્યું તે વ્યવહારનય છે.
7. આત્મદ્રવ્યને જેટલો રાગ સાથે સંબંધ છે તેટલો [ભાવ] બંધ છે અને રાગનો અભાવ તે [ભાવ] મોક્ષ છે. આમ બંધ અને મોક્ષ બન્નેમાં પરની અપેક્ષા આવતી હોવાથી* દ્વૈત ઊભું થાય છે. [વિયોગમાં પણ]*
8- આત્માને બંધમાં કર્મના સદ્ભાવની અને મોક્ષમાં કર્મના અભાવની અપેક્ષારૂપ દ્વૈતપણું આવે છે અર્થાત્ આત્મા બંધ અને મોક્ષ સ્વતંત્રપણે કરતો નથી.
9- પંચાસ્તિકાયમાં પર્યાયના ઉત્પાદને સંયોગ તથા તેના વ્યયને વિયોગ એવું દ્વૈતપણું કહ્યું છે. તે અપેક્ષા અહીં પણ લાગુ પડે છે.
10- અહીં બતાવેલા વ્યવહારનયે આત્મા કર્મના સંબંધે વિકાર કરે છે અને તે સંબંધનો અભાવ કરીને મોક્ષ પામે છે.
11. આત્મા કર્મ [નિમિત્ત] સાથે સંબંધ કરે છે અને તે સંબંધને છોડે છે- માત્ર એવી યોગ્યતાને અહીં વ્યવહારધર્મ કહ્યો છે.
12- 'બે સ્વતંત્ર દ્રવ્યો વચ્ચે કોઈના સ્વભાવને એકલા એક અખંડ દ્રવ્યમાં ભેદ પાડતો'— તેને અહીં વ્યવહારનય કહ્યો છે.
13. પરાશ્રિતો વ્યવહાર: અર્થાત વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને, તેના ભાવોને તથા કારણ-કાર્યાદિકને કોઈના કોઈ સાથે ભેળવીને નિરૂપણ કરે છે— આ પરિભાષાઓ અહીં વધુ ઘટિત થાય છે.

# (૪૫) નિશ્ચયનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે, એકલા બંધાતા અને મૂકાતા એવા જે બંધમોક્ષોચિત સ્નિગ્ધત્વરૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક. [નિશ્ચયનયે આત્મા એકલો જ બંધ અને મુક્ત થાય છે, જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ એકલો જ બંધ અને મુક્ત થાય છે તેમ.]'

ટીકાર્થ (પ્ર.ન. ૨૬૯) • [આત્મદ્રવ્ય] અદ્વૈતને - એકને - આત્માને અનુસરનારું છે. નિમિત્તના સંબંધ અને અસંબંધને છોડીને [આત્મા] બંધની પર્યાયમાં પણ એકલો છે અને મોક્ષની પર્યાયમાં પણ એકલો છે, પરની [કંઈ] અપેક્ષા નથી. 'અદ્વૈતને અનુસરનારું છે' એટલે કે [આત્મા] બંધની પર્યાય અને મોક્ષની પર્યાય વિષે પરના સંબંધ વિના વર્તે છે. આગળમાં [વ્યવહારનયમાં] પરના સંબંધ સહિત બતાવી દ્વૈત કહ્યું હતું.

- આત્મા બંધમાં - રાગમાં પણ એકલો વર્તે છે અને મોક્ષમાં [પણ] એકલો વર્તે છે. રાગના બંધમાં (તેમ અને) પરનો અભાવ કહ્યો માટે મોક્ષમાં વર્તે છે, એમ પણ નહિ.
- આગળમાં [વ્યવહારનયમાં] નિમિત્તની અપેક્ષા પરાશ્રિતપણે આત્મા એકને દ્વૈત કહ્યો, હવે અહીં [નિશ્ચયનયમાં] સ્વાશ્રિત છે, પરાશ્રિત નથી. તેને રાગમાં વર્તે તોપણ સ્વાશ્રિત છે અને મોક્ષમાં વર્તે તોપણ સ્વાશ્રિત છે, અહીં પરની અપેક્ષા નથી.
- એ જાણનારે દ્વૈતની [- પરના નિમિત્ત સાથેના સંયોગ + વિયોગની] અપેક્ષાએ વ્યવહારનય પણ કહેવાય અને [તે] જાણનારો બંધમાં અને મોક્ષમાં પરની કંઈ અપેક્ષા વગર એકલો વર્તે છે [એ અદ્વૈતની અપેક્ષાએ નિશ્ચયનય કહેવાય].
- [નિશ્ચયનયે] રાગ થાય છે તેમાં પોતે એકલો વર્તે છે અને રાગના અભાવમાં મોક્ષમાં [પણ] એકલો જ વર્તે છે - એ અદ્વૈતને અનુસરે છે. આવું સહેજ કહ્યા બોલે તો એને કંઈ લાભ થાય.
- આત્મા એક સમયમાં નિશ્ચયધર્મ છે, પરંતુ તે ધર્મને પણ નિશ્ચયમાં લઈને [- તેનું જ્ઞાન કરીને પણ] પછી દ્રવ્ય પર જાય છે. બંધમાં અને મોક્ષમાં હું એકલો વર્તું છું - એ નિશ્ચયથી પોતાને અનુસરે છે. એ બંધમાં અને મોક્ષમાં પોતે અનુસરે આત્મા એક ધર્મ જ્ઞાનને અંદરમાં ઉતારે છે.

(૩૨૩ વિગત)

- ભગવાન આત્મામાં એક એવી શક્તિ છે કે જેનાથી તેની બંધ અથવા મોક્ષની પર્યાયોને કોઈ નિરપેક્ષ કહી શકાય. આ શક્તિને નિશ્ચયધર્મ કહેવાય છે અને તેને જાણનારા જ્ઞાનને નિશ્ચયનય કહેવાય છે.
- ભગવાન આત્મા સ્વયં પોતાની શક્તિથી બંધાય છે અથવા મુક્ત થાય છે. પરમાણુની સ્નિગ્ધતા અને રૂક્ષતાની જેમ આત્મામાં પણ બંધાવાની અથવા છૂટવાની શક્તિ છે, તેને બંધન અથવા મુક્તિમાં કોઈની અપેક્ષા નથી. આ રીતે બંધ-મોક્ષને સ્વાધીન જોવા તે નિશ્ચયનય છે. પ્રવચનસાર ગાથા ૧૬ માં આત્માને સંસાર અથવા મુક્ત અવસ્થામાં સ્વયંભૂ કહ્યો છે.
- બંધ-મોક્ષમાં આત્મા સ્વાધીન છે - આ શક્તિમાં તેની પર્યાયોની સ્વતંત્રતાની

લોપવા કરવામાં આવ્યા છે. અહીં દૃષ્ટિના વિષયભૂત ત્રિકાળી ધ્રુવ આત્માની વાત નથી. આ સંબંધમાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા 'નયપ્રજ્ઞાપન' ભાગ ૩૧૨ માં વ્યક્ત કરવામાં આવેલા વિચાર દૃષ્ટવ્ય છે:-

"અહીં જે કહેવાઈ રહ્યું છે કે નિશ્ચયનયથી આત્મા બંધ-મોક્ષમાં અદ્વૈતનું અનુસરણ કરવાવાળો છે, તેમાં આત્માનો ત્રિકાળી સ્વભાવ કે જે દૃષ્ટિનો વિષય છે, તે ન લેવો. અહીં તો બંધ-મોક્ષ પર્યાયમાં વર્તતો આત્મા જ પરિણમે છે- એ રીતે વર્તતા આત્માની અપેક્ષાએ બંધ-મોક્ષની પર્યાયને લક્ષમાં લેવાની વાત છે.

બંધ પર્યાયમાં પણ વર્તતો આત્મા પરિણમિત થાય છે અને મોક્ષપર્યાયમાં પણ વર્તતો આત્મા જ પરિણમિત થાય છે - આ રીતે બંધ-મોક્ષ પર્યાય નિરપેક્ષ છે; આ પ્રકારનો નિશ્ચય આત્મા બંધ તેમજ મોક્ષમાં અદ્વૈતનું અનુસરણ કરવાવાળો છે: આ પ્રકારનો અર્થ થઈ ભગવાન આત્મામાં છે."

- જો કે અહીં બંધ અને મોક્ષ પર્યાયમાં દ્વૈત અને અદ્વૈત થઈ ઘટિત કર્યો છે, તેમ છતાં ભાવાર્થ રૂપ લખવામાં [પણ] પરની સાપેક્ષતાથી દ્વૈતપણું અને પરની નિરપેક્ષતાથી અદ્વૈતપણું ઘટિત થઈ શકે છે.

(પરમભાવપ્રકાશક નયચક્ર) પૂજ્ય ગુરુદેવશ્રી:

- "કોઈની અપેક્ષા લીધા વિના જ એમ કહેવું કે આત્મા વર્તતો જ બંધ-મોક્ષરૂપ થાય છે, તે નિશ્ચયનય છે. અહીં જે કહેવાઈ રહ્યું છે કે નિશ્ચયનયથી આત્મા બંધ-મોક્ષમાં અદ્વૈતનું અનુસરણ કરે છે તેમાં આત્માનો ત્રિકાળ [અપરિણામી] અકર્તારૂપ સ્વભાવ કે જે દૃષ્ટિનો વિષય છે, તે ન લેવો. અહીં તો બંધ-મોક્ષ પર્યાયમાં વર્તતો આત્મા જ પરિણમે છે- આ રીતે વર્તતા [પરિણમતા] આત્માની અપેક્ષાએ બંધ-મોક્ષ પર્યાયને લક્ષમાં લેવાની વાત છે."
- "ઉક્ત કથનનો આશય એમ નથી કે પુદ્ગલકર્મ જીવને ભાવબંધ કરાવે છે, પરંતુ આત્મામાં જ અર્થ એવો થઈ છે કે સ્વયંકૃત ભાવબંધમાં તે પુદ્ગલ કર્મનું અનુસરણ કરે છે."
- "બંધમાં પણ અને મોક્ષમાં પણ વર્તતો આત્મા જ પરિણમે છે - તેથી બંધ-મોક્ષ પર્યાય નિરપેક્ષ છે, તેથી નિશ્ચયથી આત્મા બંધ તેમજ મોક્ષમાં અદ્વૈતનું અનુસરણ કરે છે - આવો અર્થ થઈ લેવામાં છે."
- [ભગવાન આત્મા] "પોતાના વિકારરૂપ પરિણામોને નિમિત્ત બંધાય છે અને પોતાના શુદ્ધ સ્વભાવભાવનો આશ્રય લઈને પોતાના જ શુદ્ધભાવરૂપ પરિણામને મુક્ત થાય છે. આમ નિશ્ચયથી આત્મા બંધ-મોક્ષમાં પોતાથી અભિન્નતા કેવી એકલાનું અનુસરણ કરતો નથી તેથી એમ કહેવામાં આવે છે કે આત્મા બંધ અને મોક્ષમાં અદ્વૈતને અનુસરણ કરવાવાળો છે. - આવો અર્થ [નિશ્ચય થઈ] આત્મામાં છે."

# (૪૫) નિશ્ચયનય: ધર્મચર્ચા

## (૧) જોડકાં જોડો:-

| | |
|---|---|
| 1. વ્યવહારનયે<br>2. નિશ્ચયનયે | (A). બંધ અને મોક્ષ પર્યાયમાં કર્મના સંબંધ રહિત વર્તે છે.<br>(B). બંધ અને મોક્ષ પર્યાયમાં કર્મના સંબંધ સહિત વર્તે છે. |
| 3. વ્યવહારનયે<br>4. નિશ્ચયનયે | (A). આત્મદ્રવ્ય સ્વાશ્રિત છે.<br>(B). આત્મદ્રવ્ય પરાશ્રિત છે. |
| 5. વ્યવહારનયે<br>6. નિશ્ચયનયે | (A): જેમાં ભિન્ન સાથેના સંયોગ કે વિયોગની અપેક્ષા ન આવે.<br>(B)- જેમાં ભિન્ન સાથેના સંયોગ કે વિયોગની અપેક્ષા આવે. |
| 7. વ્યવહારનયે<br>8. નિશ્ચયનયે | (A). આત્મા બંધ-મોક્ષમાં સ્વાધીન છે<br>(B). આત્મા બંધ-મોક્ષમાં પરાધીન છે |
| 9. વ્યવહારનયે<br>10. નિશ્ચયનયે | (A). આત્મદ્રવ્ય બંધ-મોક્ષમાં દ્વૈતનું અનુસરણ કરે છે.<br>(B). આત્મદ્રવ્ય બંધ-મોક્ષમાં અદ્વૈતનું અનુસરણ કરે છે. |

## (૨) સાચું કે ખોટું (T/F) જણાવો:-

1- આત્મદ્રવ્ય નિશ્ચયનયે મોક્ષ પર્યાયમાં સ્વાશ્રિતપણે અને બંધપર્યાયમાં પરાશ્રિતપણે વર્તે છે.
2- આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધમાં એકલો [-ભિન્નતાની અપેક્ષા રહિત] અને મોક્ષમાં એકલો [-ભિન્નતાની અપેક્ષા રહિત] વર્તે છે.
3. આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે અર્થાત્ આત્મા બંધ અને મોક્ષની પર્યાય વિષે પરના સંબંધ વિના [નિરપેક્ષપણે] વર્તે છે.
4. નિશ્ચયનયે આત્મા રાગમાં પણ પોતાના સ્વાશ્રિત છે અને મોક્ષમાં પણ પોતાના સ્વાશ્રિત છે.
5. પરમાણુની સ્નિગ્ધતા તથા રૂક્ષતાની જેમ આત્મામાં પણ બંધાવાની તથા છૂટવાની યોગ્યતા છે અને કોઈની અપેક્ષા નથી.
6. આત્માની જે યોગ્યતા વડે તેની બંધ અથવા મોક્ષ પર્યાયોને કહી નિરપેક્ષ થઈ શકાય છે તેને નિશ્ચયધર્મ તથા તેને જાણનારા જ્ઞાનાંશને નિશ્ચયનય કહેવાય છે.
7. આ નિશ્ચયધર્મને કારણે આત્મા સ્વયં વિકારરૂપે પરિણમીને વિકારી બંધાય છે અને સ્વયં સ્વસ્વભાવનો આશ્રય લઈને સ્વયં જ શુદ્ધભાવરૂપે પરિણમીને મુક્ત થાય છે.
8- અહીં નિશ્ચયનયે બંધ-મોક્ષમાં અદ્વૈતને અનુસરનારો આત્મા તે દૃષ્ટિનો વિષય છે.
9. અહીં પરિણામી એવા એકલા [-પરથી ભિન્ન] આત્મદ્રવ્યની વાત કરવામાં આવી છે, દૃષ્ટિના વિષય આત્માની નહિ.
10- અહીં બંધ અને મોક્ષ પર્યાયમાં ઘટિત કરવામાં આવેલા દ્વૈત તથા અદ્વૈત ધર્મો જગતના સર્વ તત્ત્વોમાં ઘટિત થઈ શકતા નથી.
11. પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા ભાવનું ગ્રહણ કરવાનો આગ્રહને આપ્યો છે.
12. આવા ધર્મનું લક્ષ કરીને [-તેનું જ્ઞાન કરીને] પણ પછી [અનંત ધર્મોના અધિષ્ઠાતા] ત્રિકાળી દ્રવ્યમાં જવાનો આદેશ પણ પૂજ્ય ગુરુદેવશ્રીએ આપ્યો છે.

# (૪૬) અશુદ્ધનય

વ્યાખ્યા:- 'આત્મદ્રવ્ય અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે.'

ભાવાર્થ:- • આત્મદ્રવ્ય જે માટી છે એમાં ઘડો અને રામપાત્રના પર્યાયો-ભેદો પડે એ પણ અશુદ્ધ-(પૃ.નં. ૨૭૦) નય છે એમ કહે છે. [એમ એ રીતે] આત્મામાં પર્યાયભેદ પડે છે એ અશુદ્ધનયથી પડે છે.

- સમયસારની ૧૬મી ગાથામાં આવ્યું છે ને કે આત્મામાં દર્શન, જ્ઞાન અને ચારિત્રના ભેદ પડે એ અશુદ્ધ છે. એના ત્રણ ભેદો છે તે મેચક છે, મલિન છે
- પાણીમાંથી જેમ તરંગ ઊઠે, [મોજાં] ઊઠે, એમ વસ્તુ ત્રિકાળ છે એ પર્યાયરૂપે ઊઠે. તે ભેદ છે એ અશુદ્ધ[તા] છે-એમ કહે છે.
- નિશ્ચય માર્ગમાં છે એ પર્યાય છે, એને અહીં અશુદ્ધ કહ્યું છે. ભેદ પડ્યો ને? પર્યાય છે, [ભેદ છે] માટે તેને દ્રવ્યની અપેક્ષાએ અશુદ્ધ કહેવામાં આવે છે અને તેને જાણીને પણ અંતર દ્રવ્ય ચૈતન્યમાત્ર છે ત્યાં એની દ્રષ્ટિ દેવાની છે.
- શુદ્ધ પર્યાય પણ દ્રવ્યનો ભેદ થયો ને! એ અપેક્ષાએ એને અશુદ્ધ કહ્યું છે, મલિન કહ્યું છે, મેચક કહ્યું છે, વ્યવહારનયનો વિષય કહ્યો છે, કેમકે તેનું લક્ષ એને છોડાવ્યું છે.
- એની બહુ ઝીણી વાત છે. બહુ અંતરથી ગમ્ય આવે છે.
- પર્યાય ભેદ છે એવું જ્ઞાન કરવું, જ્ઞાન કરીને પછી અંતર દ્રવ્ય ભગવાન ચિદાનંદ પ્રભુ બિરાજે છે (ત્યાં જવું). એને અશુદ્ધનયનું જ્ઞાન કરીને પણ અંદર ચૈતન્યમૂર્તિ ભગવાનને ભેટવાનો છે.
- આત્માએ શરીર ધાર્યું નથી પરંતુ એની પર્યાયમાં રાગ અને ભેદની પર્યાય ધારી રાખી છે. એ રાગ છે તેનું જ્ઞાન કરીને દ્રવ્યસ્વભાવમાં નજર કરવાથી સમ્યગ્દર્શન થાય છે.
- આત્મદ્રવ્ય જે દ્રવ્ય છે તેમાં ભેદ પડવા એ ઉપાધિ છે. આ ભેદ પડવા એ અશુદ્ધનયે સઉપાધિસ્વભાવ (છે). એનો અર્થ આત્મામાં પર્યાયના ભેદવાળો ધર્મ છે, તેમાં આત્મા વ્યાપ્યો છે એમ કહેવામાં આવે છે. છતાં તેને જાણીને તેની દ્રષ્ટિ તો દ્રવ્યસ્વભાવ પર જવી જોઈએ.
- [નિશ્ચય અને વ્યવહાર] એ બેય નયનો વિષય છે એ જાણવાલાયક છે. આદરવાલાયક ત્રિકાળ વસ્તુ એક જ છે.
- આત્મા જાણે, આત્મા માને, આત્મામાં રમે - એ ત્રણ તો ઉપાધિના ભેદ છે [જેમ] માટી દ્રવ્ય છે એમાં ઘટ કે રામપાત્ર જે થાય તે ઉપાધિ છે. એને તે પણ નયનો ધર્મ ગણવામાં આવ્યો છે.
- શક્તિઓ પણ ૪૭ વર્ણવી છે, નય પણ ૪૭ વર્ણવ્યા છે, ઉપાદાન-નિમિત્તના દોહા પણ ૪૭ છે અને ચાર ઘાતિકર્મની પ્રકૃતિ પણ ૪૭ છે. એવું જ્ઞાન કરીને [જો] અંદરમાં જાય એને ૪૭ પ્રકૃતિઓનો નાશ થઈને કેવળજ્ઞાન થશે-એમ કહે છે.

(ગુરુચિંતન)

- ભગવાન આત્મામાં ઔપાધિક (વિકારી) ભાવરૂપ પરિણમિત થવાની યોગ્યતા છે જેને અશુદ્ધધર્મ (ઉપાધિવાળો) કહે છે, તેને જાણનાર જ્ઞાનને અશુદ્ધનય કહે છે.
- અશુદ્ધધર્મ પર્યાયગત યોગ્યતા છે જેને ક્ષણિક ઉપાદાનની યોગ્યતા કહી શકાય

છે. આ યોજના જ આત્માના વિકારી પરિણામનો દ્રવ્યાર્થિક પર-પદાર્થોથી નિરપેક્ષ એનો સ્વભાવ સિદ્ધ કરે છે. જો પર્યાયમાં વિકારી ભાવરૂપ પરિણમનની યોગ્યતા ન હોત તો અનંત પરપદાર્થ પણ આત્મામાં વિકાર ઉત્પન્ન ન કરાવી શકત.

- રાગાદિ ભાવ આત્માના નિજભાવો સ્વભાવમાં ન હોવા છતાં પણ તે પરને કારણે ઉત્પન્ન થતા નથી. આત્મામાં તેમને ધારણ કરવાની યોગ્યતા છે અશુદ્ધનયે આત્માનો એવો જ સ્વભાવ છે. આ સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા નયપ્રજ્ઞાપન પાનું ૩૨૧ પર કરવામાં આવેલું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે :-
  "જો આ પ્રકારનો ધર્મ આત્મામાં સ્વયંનો ન હોત તો અનંત અનંત પરદ્રવ્ય એકઠા થઈને આત્મામાં વિકાર ઉત્પન્ન ન કરાવી શકત. નિગોદથી લઈને ચૌદમા ગુણસ્થાન સુધી જે ઉદયિકભાવ-વિકારભાવ-ઉદયભાવ-સંસારભાવ થાય છે, તેમને આત્મા સ્વયં જ ધારણ કરી રાખે છે, કારણ કે અશુદ્ધનયથી આત્માનો એવો જ સ્વભાવ છે.
- અહીં રાગાદિની ઉત્પત્તિમાં આત્માના પર્યાયગત સ્વભાવને કારણ કહ્યું છે. આથી જ આ યોજના જ સ્વભાવ નામનો આશય છે.

(પરમભાવપ્રકાશક નયચક્ર)

- વિકારી ભાવરૂપ પરિણમિત થવું એ આત્માનો સ્વાભાવિક સ્વભાવ છે. આ અશુદ્ધિદશાનું કારણ આત્માના રાગાદિરૂપ પરિણામ છે, તેથી અશુદ્ધ છે.
- અશુદ્ધનયના માધ્યમથી અહીં એમ કહેવાયું છે કે આત્મામાં ઉત્પન્ન થનારા વિકારી-ભાવ પણ પરને કારણે થતા નથી, તેમની ઉત્પત્તિનું કારણ પણ આત્મામાં જ વિદ્યમાન છે.
- જોકે લક્ષ્મી, શરીર, સ્ત્રી-પુત્રાદિ, ઘર-બાર, ઇત્યાદિ પરદ્રવ્યોની ઉપાધિ ભગવાન આત્મામાં નથી, તોપણ અશુદ્ધનયથી રાગાદિ વિકારી ભાવરૂપ ઉપાધિવાળો તો આ આત્મા છે જ. 'ઉપાધિ' શબ્દથી એ તો સ્પષ્ટ જ છે કે તે ભગવાન આત્માનો મૂળ સ્વભાવ નથી, માત્ર પર્યાયમાં એક સમયની ઉપાધિ છે.

(નય-પ્રજ્ઞાપન)

- અહીં નયની વાત છે. નય જ્ઞાનીને જ હોય છે. તેને મિથ્યાત્વ સિવાયના જે રાગાદિ ઉપાધિભાવ થાય છે તે કોઈ પરને લીધે નહિ પરંતુ પોતાની પર્યાયનો સ્વભાવ જ એવો છે - એમ ધર્મી જાણે છે. વિકારની જે ઉપાધિ છે તે પણ જ્ઞાનીની પર્યાયનો સ્વભાવ છે, અશુદ્ધનયથી જોતાં તે ઉપાધિવાળો આત્મા દેખાય છે.
- અશુદ્ધનય એ પોતે કાંઈ અશુદ્ધતા નથી, તે પોતે તો શ્રુતજ્ઞાનનું એક નિર્મળ પડખું છે.
- અશુદ્ધનયે આત્માનું વર્ણન કરે છે તેમાં પણ શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મદ્રવ્યની દૃષ્ટિ કરાવવી તે જ તાત્પર્ય છે.
- આત્માની પર્યાયમાં જે વિકારીભાવો થાય છે તે તેનો એકરૂપ સ્વભાવ નથી પરંતુ ક્ષણિક ઉપાધિભાવ છે, છતાં તેને એક સમય પૂરતો આત્માએ ધારણ કરી રાખ્યો છે, તેથી તે પણ આત્માનો એક ધર્મ છે. તે ધર્મની અપેક્ષાએ જોતાં આત્મા સોપાધિ-સ્વભાવવાળો છે.

# (૪૬) અશુદ્ધનય: દિગ્દર્શન

## (૧) સાચું કે ખોટું (T/F) જણાવો:-

1. અશુદ્ધનય એકરૂપ આત્માને રાગવાળો, દ્વેષી આદિ ભેદરૂપે - ઉપાધિરૂપે જુએ છે.
2. આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણોના આવેલા મલિન પર્યાયોના ભેદો પડે છે તેને સમયસારમાં મેચક, મલિન, ચિત્ર કહ્યાં છે કે જે (ભેદો) આ અશુદ્ધનયનો વિષય છે.
3. ભગવાન આત્મામાં ઔપાધિક (વિકારી) ભાવરૂપ પરિણમિત થવાની યોગ્યતા છે જેને અશુદ્ધધર્મ [ઉપાધિધર્મ] કહે છે અને તેને જાણનારા જ્ઞાનાંશને અશુદ્ધનય [ઉપાધિનય] કહે છે.
4. જો આ અશુદ્ધધર્મરૂપ યોગ્યતા આત્મામાં ન હોત તો તેને અનંતા પરપદાર્થો પણ વિકાર ઉત્પન્ન ન કરાવી શકત.
5. અહીં રાગાદિની ઉત્પત્તિમાં આત્માના આ પર્યાયગત સ્વભાવને કારણ કહ્યું છે અર્થાત્ આ યોગ્યતા જ સ્વભાવ નામનો સમવાય છે.
6. અજ્ઞાનીના મિથ્યાત્વાદિ ભાવો આ અશુદ્ધનયના વિષય બને છે.
7. નય જ્ઞાનીને જ હોય છે, અજ્ઞાનીને નહિ; તેથી મિથ્યાત્વાદિ ભાવો નહિ પરંતુ જ્ઞાનીના અસ્થિરતાજન્ય વિભાવો અશુદ્ધનયના વિષય બને છે.
8. અશુદ્ધનય આત્માને ઔપાધિક અશુદ્ધ દેખે છે.
9. કોઈ પણ નય આખા દ્રવ્યને પોતાના વિષયરૂપે દેખે છે તેથી અશુદ્ધનય આખા આત્માને ઔપાધિક સ્વભાવવાળો દેખે છે.
10. અશુદ્ધધર્મ આત્માનો દ્રવ્યસ્વભાવ છે.
11. અશુદ્ધધર્મ આત્માની પર્યાયગત યોગ્યતા છે જેને ક્ષણિક ઉપાદાનની યોગ્યતા કહી શકાય છે.
12. અશુદ્ધનય પોતે જ અશુદ્ધ છે.
13. અશુદ્ધનય એ પોતે કાંઈ અશુદ્ધતા નથી, તે પોતે તો શ્રુતજ્ઞાનનું અંશ નિર્મળ પડખું છે.
14. અશુદ્ધનયનું પ્રયોજન આત્માને અશુદ્ધ બતાડવાનો છે.
15. અશુદ્ધનયે આત્માનું વર્ણન કર્યું છે તેમાં પણ શુદ્ધદ્રવ્યાર્થિકનયના આત્મદ્રવ્યની દૃષ્ટિ કરાવવા તે જ તાત્પર્ય છે.

# (૪૭) શુદ્ધનય

વ્યાખ્યા:- '<u>આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિ સ્વભાવવાળું છે.</u>'

સારાંશ:- • કેવળ માટી જે [કે] પર્યાયના ભેદરૂપ ઉપાધિ વિનાનું દ્રવ્ય છે. જે રીતે (પૃ.નં. ૨૭૦) [પર્યાયના ભેદરૂપ] ઉપાધિવાળો સ્વભાવ છે, તે જ રીતે પર્યાયના ભેદ વિનાનો નિરુપાધિ સ્વભાવ છે. જેમ કેવળ માટી જેમાં ઘડો કે રામપાત્ર એવા ભેદ નહિ તેમ ભગવાન આત્મા એકરૂપ સ્વભાવ છે, જ્ઞાન-દર્શન-ચારિત્ર, એવા ભેદ નહિ - એ શુદ્ધનયનો ધર્મ છે.

- કહેવું છે એ માટીમાં ઉપાધિ છે (ઘટ) ભેદપણે અને કેવળ માટીમાત્ર તે નિરુપાધિ છે એમ ભગવાન આત્મા પર્યાયના ભેદ વિનાનો છે [આવો એક ધર્મ તે શુદ્ધનયનો વિષય છે].
- સમયસાર ગાથા ૧૧માં આખા વસ્તુને શુદ્ધનય કીધો અને ગાથા ૧૪માં કહ્યું કે શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કે આત્મા કહો. ત્યાં એ જુદી વાત છે. ત્યાં આખો આત્મા એકરૂપ છે તેને કીધો અને (અહીં) તો એક નયનો એક ભાગ છે. જેમ ઉપાધિવાળું છે, ભેદવાળું છે એવો એક ધર્મ છે, તેમ એક શુદ્ધનય નામની વસ્તુ છે એવો એક ધર્મ છે. આ ધર્મ આખા દ્રવ્યને સ્પર્શે છે માટે તે પૂર્ણ ધર્મ છે એમ નહિ. એક શુદ્ધનયે દ્રવ્યમાત્રને જાણે છે એટલે એને એક નયનો ધર્મ ગણવામાં આવ્યો છે [પરંતુ તે] આખો વિષય છે એમ નહિ. ત્યાં આખાય એ પર્યાયના ધર્મો નહિ [પરંતુ] એકલા દ્રવ્યસ્વભાવને દૃષ્ટિમાં લેવાની વાત છે. અહીં તો પર્યાયના ધર્મો અને આ એક ધર્મ, બધા ગણીને એક દ્રવ્યમાં - ચૈતન્યમાત્રમાં જવાની વાત છે.

(ગુરુ ચિંતન)

- ભગવાન આત્મામાં વિકારી ભાવરૂપ પરિણમન થતા હોવાં છતાં પણ સદા એકરૂપ રહેવાની શક્તિ છે જેને શુદ્ધ ધર્મ અને તેને જાણવાવાળા જ્ઞાનને શુદ્ધનય કહે છે.
- ક્ષણિક પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં પણ આત્માનો સ્વભાવ નિરુપાધિક અને વિકાર રહિત છે. તેની આ શક્તિ શુદ્ધનયનો વિષય છે.
- અહીં વિકાર થવાની શક્તિની સાથે ત્રિકાળી સામાન્ય સ્વભાવરૂપ રહેવાની શક્તિને લીધી છે. નિર્મળ પર્યાયોની શક્તિ વિષે અહીં કાંઈ ચર્ચા કરવામાં આવી નથી. આ રીતે આત્મા શુદ્ધ અને અશુદ્ધ બન્ને ધર્મોને ધારણ કરે છે.
- આ રીતે અહીં અનંત ધર્માત્મક આત્મામાં વિદ્યમાન ૪૭ ધર્મોનું કથન કર્યું: શુદ્ધ ચૈતન્યમાત્ર આત્માને દૃષ્ટિમાં લેતાં એ જ આ બધા ધર્મોને જાણવાનું ફળ છે.

(પરમભાવપ્રકાશ નયચક્ર)

- સદા એકરૂપ [વિકાર રહિત] રહેવું તે આત્માનો નિરુપાધિસ્વભાવ છે. આ શુદ્ધધર્મને કારણે આત્મા સદા એકરૂપ રહે છે.
- સામાન્ય સ્વભાવની અપેક્ષાએ આત્મામાં ઉપાધિ નહિ. [પર્યાયમાં] ઉપાધિના કાળમાં પણ ભગવાનઆત્મા નિરુપાધિસ્વભાવવાળો અકષાય શુદ્ધ પણ છે.
- આ ૪૭ નયોની વિસ્તૃત જાણકારી માટે ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી સંકલિત કૃતિ 'નય પ્રજ્ઞાપન'નો ઊંડાણથી અભ્યાસ મુમુક્ષુઓએ કરવો જોઈએ.

# (૪૭) શુદ્ધનય : [illegible]

## (૧) સાચું કે ખોટું (T/F) જણાવો :-

1. ભગવાન આત્મામાં વિકારી ભાવરૂપ પરિણમન થવા છતાં પણ સદા અકર્તારૂપ રહેવાની યોગ્યતા છે જેને શુદ્ધધર્મ અને તેને જાણનારા જ્ઞાનાંશને શુદ્ધનય કહેવાય છે.
2. શુદ્ધધર્મને વિકાર દ્વારા અથવા રાગમાત્રના ભેદ વગરની અત્યંત અકર્તારૂપ માટીની માફક આત્માનો સ્વભાવ ભેદ વિનાનો અકર્તારૂપ નિરુપાધિક છે.
3. પર્યાયના ઉપાધિ કાળમાં પણ ભગવાન આત્મા વિકાર રહિત નિરુપાધિ સ્વભાવવાળો અર્થાત્ શુદ્ધ પણ છે.
4. અહીં વિકારી તેમજ નિર્મળ પર્યાયો થવાની યોગ્યતાની સાથે ત્રિકાળી સામાન્ય સ્વભાવરૂપ રહેવાની યોગ્યતાને લીધી છે.
5. અહીં નિર્મળ પર્યાયોની યોગ્યતા વિશે કંઈ કહેવામાં આવ્યું નથી.
6. સમયસાર ગાથા ૧૧ તથા ૧૪માં કહેલ શુદ્ધનય અને અહીં કહેલ શુદ્ધનયમાં કંઈ તફાવત નથી.
7. સમયસારના શુદ્ધનયમાં [દ્રષ્ટિના વિષય] આખા વસ્તુને દ્રષ્ટિમાં લેવાની વાત કરી છે જ્યારે અહીં કહેલ શુદ્ધનયનો વિષય અનંત ધર્મોનો એક એવો શુદ્ધ ધર્મ છે.
8. શુદ્ધ ચૈતન્યમાત્ર આત્માને દ્રષ્ટિમાં લેવો એ જ આ ૪૭ ધર્મોને જાણવાનું પ્રયોજન છે.

# કળશ-૧૯(A)

- ૪૭ નયોના વર્ણન પછી અને કળશ-૧૯ પહેલાંનું કથન :-
- વળી કહ્યું છે કે—

(પૃ.નં-290)

(હરિગીત)

છે વચનપંથો જેટલા છે તેટલા નયવાદ ને
છે જેટલા નયવાદ સર્વે તેટલા પરસમય છે;
છે વચન જેનું 'સર્વથા' તે હોય 'મિથ્યા' કથન નું,
જે છે 'કથંચિત' વચન તે 'સમ્યક્' અહો જૈના તણું.

અર્થ:- જેટલા [1]વચનપંથ છે તેટલા ખરેખર નયવાદ છે; અને જેટલા નયવાદ છે તેટલા જ પરસમય (પર મત) છે.

- પરસમયોનું (મિથ્યામતીઓનું) વચન સર્વથા (અપેક્ષા વગરનું) કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે; અને જૈનોનું વચન કથંચિત્ (અપેક્ષા સહિત) કહેવામાં આવતું હોવાથી સમ્યક્ છે.
- એ રીતે આ (ઉપરોક્ત) સૂચન પ્રમાણે (અર્થાત્ ૪૭ નયોમાં સમજાવ્યું તે વિધિથી) એક ધર્મમાં એક એક નય (વ્યાપે) એમ અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો વડે નિરૂપણ કરવામાં આવે તો, સમુદ્રની અંદર મળતા [2]શ્વેત-નીલ ગંગા-યમુનાના જળસમૂહની માફક, અનંત ધર્મોને પરસ્પર અતદ્ભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય હોવાથી, આત્મદ્રવ્ય [3]અમેચકસ્વભાવવાળું, એક ધર્મમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે યથોક્ત એકાંતાત્મક (એકધર્મસ્વરૂપ) છે. પરંતુ યુગપદ્ અનંત ધર્મોમાં વ્યાપક એવા અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ વડે નિરૂપણ કરવામાં આવે તો, સમસ્ત નદીઓના જળસમૂહના સમવાયાત્મક (સમુદાયસ્વરૂપ) એક સમુદ્રની માફક, અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા અશક્ય હોવાથી આત્મદ્રવ્ય [4]મેચકસ્વભાવવાળું, અનંત ધર્મોમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે યથોક્ત અનેકાંતાત્મક (અનેકધર્મસ્વરૂપ) છે. [જેમ એક વખતે એક નદીના જળને જાણનારા જ્ઞાનાંશ વડે જોવામાં આવે તો સમુદ્ર એક નદીના જળસ્વરૂપ જણાય છે, તેમ એક વખતે એક ધર્મને જાણનારા એક નયથી જોવામાં આવે તો આત્મા એક ધર્મસ્વરૂપ જણાય છે; પરંતુ જેમ એકીસાથે સર્વ નદીઓનાં જળને જાણનારા જ્ઞાન વડે જોવામાં આવે તો સમુદ્ર સર્વ નદીઓનાં જળસ્વરૂપ જણાય છે તેમ એકીસાથે સર્વ ધર્મોને જાણનારા પ્રમાણ વડે જોવામાં આવે તો આત્મા અનેક ધર્મસ્વરૂપ જણાય છે. આ રીતે એક નયથી જોતાં આત્મા એકાંતાત્મક છે અને પ્રમાણથી જોતાં અનેકાંતાત્મક છે.]

